

કુમાર ૪૯૪

આવતી કાલનાં નાગરિકોનાં
સાહિત્ય-કલા-જ્ઞાન-સંસ્કારનું
માસિક · વર્ષ બેંતાલીસમું અંક
બીજો · ફેબ્રુઆરી · ઓગણીસ



સો પાંસઠ · સંસ્થાપક રવિશંકર
રાવળ · તંત્રી બચુભાઈ રાવત



નિસર્ગદૃશ્ય

ચિત્રકાર : સ્વ. ડૉ. રિવહન ભટ્ટ

કિશોર સાહિત્યમાળા

* આ માળામાં અત્યાર સુધીમાં લગભગ ૨૦૦ પુસ્તકો પ્રગટ થઈ ચૂક્યાં છે.
* કેટલાંક પુસ્તકો ગુજરાતી સાહિત્યના વિખ્યાત લેખકોનાં જાણીતાં પુસ્તકોની સંક્ષિપ્ત આવૃત્તિઓ છે.

કાકાસાહેબ કાલેલકર

સ્મરણયાત્રા	૧-૭૫

ઝવેરચંદ મેઘાણી

રસધાર (સં.)	૧-૭૫

ગોવર્ધનરામ ત્રિપાઠી

સરસ્વતીચંદ્ર (સં.)	૧-૭૫

નંદશંકર તુળજાશંકર

કરણઘેલો (સં.)	૧-૭૫

રમણભાઈ નીલકંઠ

ભદ્રંભદ્ર (સં.)	૨-૦૦

પ્રેમચંદજી

ગબન (સં.)	૨-૦૦
ગોદાન (સં.)	૧-૭૫

મુકુલભાઈ કલાર્થી

રવીન્દ્રજીવન સૌરભ	૧-૭૫
બેન્જામિન ફ્રાંકલિનની આત્મકથા	૪-૦૦

રમણલાલ વ. દેસાઈ

દિવ્યચક્ષુ (સંક્ષિપ્ત)	૧-૭૫
ભારેલો અગ્નિ ,,	૨-૦૦
શૌર્યતર્પણ ,,	૧-૫૦
ઠગ ,,	૧-૫૦
કોનો વિજય અને બીજી વાતો	૧-૫૦
*પ્રભુનો દરવાન અને બીજી વાતો	૧-૭૫
ગ્રામસેવકનું ગૌરવ ને બીજી વાતો	૧-૫૦
શચીપૌલોમી (સં.)	૧-૭૫
જયંત (સં.)	૧-૭૫
કોકિલા (સં.)	૨-૦૦
પહાડનાં પુષ્પો (સં.)	૨-૦૦
હૃદયવિભૂતિ (સં.)	૨-૦૦
સ્નેહયજ્ઞ	૨-૦૦
શિરીષ	૨-૦૦

ચુનીલાલ મડિયા

નગરના દીવા	૧-૫૦
વ્યાજનો વારસ	૨-૨૫
ચંદરવો	૧-૭૫
મારી વાર્તાઓ	૧-૭૫
પાવકજ્વાળા	૧-૭૫
શ્રેષ્ઠ અમેરિકન વાર્તાઓ	૨-૦૦
વાર્તાવલિ	૧-૫૦
ઇંધણ ઓછાં પડ્યાં	૨-૦૦

વિજયગુપ્ત મૌર્ય

દક્ષિણ ધ્રુવનો સંશોધક-બાયર્ડ	૨-૦૦
અઘોરીનો દીપડો અને બીજી વાતો	૨-૦૦
વીજળીનો જાદુગર	૧-૭૫

બટુક વોરા

ગ્રહમાળાનો પ્રવાસ	૨-૦૦
તારાસબુલ્બા	૧-૨૫
ગગનપુત્રી	૧-૭૫
એન્ડરસનની પરીકથાઓ	૧-૨૫
વિરાટ	૧-૦૦

રમણલાલ સોની

સુંદર બંગાળી વાતો	૧-૫૦
શ્રેષ્ઠ બંગાળી કિશોરકથાઓ	૧-૭૫
જીવનસ્મૃતિ : ટાગોર	૧-૫૦
ટાગોરની દૃષ્ટાંતકથાઓ	૧-૭૫
ટાગોરની સુંદર વાતો	૨-૦૦
ગોરા (સં.)	૧-૫૦
ચોખેરવાલી (સં.)	૧-૫૦
રાજસ્થાનની વીરવાતો	૨-૦૦
પથેર પાંચાલી	૧-૭૫
સુકેશા	૨-૦૦
કાળપ્રવાસી	૧-૭૫

ઈશ્વર પેટલીકર

કળિયુગ	૨-૨૫
જનમટીપ	૧-૭૫
ગ્રામમાતા અને બીજી વાતો	૧-૭૫
પંખીનો મેળો અને પાતાળકૂવો	૧-૭૫
કલ્પવૃક્ષ	૨-૦૦
તરણા ઓથે ડુંગર	૨-૦૦
મંગલમંદિર	૧-૫૦

પીતાંબર પટેલ

ખેતરને ખોળે	૧-૭૫
તેજરેખા	૧-૭૫
ઊગ્યું પ્રભાત	૧-૭૫
દેવનો દીધેલ અને બીજી વાતો	૨-૦૦
અંતરનાં અજવાળાં	૧-૫૦
પીતાંબર વાર્તાવૈભવ	૩-૫૦
ઘરનો મોભ	૧-૭૫

કૃષ્ણલાલ શ્રીધરાણી

સોનાપરી અને બીજાં ત્રણ બાળનાટકો	૧-૫૦
વડલો	૧-૦૦

સં. જયંત બક્ષી

શ્રેષ્ઠ સાહસકથાઓ	૧-૫૦
શ્રેષ્ઠ કિશોરકથાઓ	૧-૭૫
શ્રેષ્ઠ શિકારકથાઓ	૧-૭૫
અપંગની આરાધના	૧-૨૫
જંગલનો ખજાનો	૧-૨૫

સં. બિપિન ઝવેરી

શ્રેષ્ઠ હાસ્યકથાઓ	૨-૦૦

સ્નેહરશ્મિ

શ્રીફળ	૧-૭૫
કાલાટોપી	૧-૭૫


વોરા ઍન્ડ કંપની, પબ્લિશર્સ, પ્રાઇવેટ, લિમિટેડ,

અનુક્રમણિકા

ફેબ્રુઆરી ૧૯૬૫ · અંક ૪૯૪

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૨; પરદેશમાં રૂ. ૧૫ અથવા શિ૦ ૨૪; છૂટક નકલ: રૂ. ૧-૨૫



'શેક્સપીઅર-વાર્તાંતરમાળા' નિમિત્તે સંસ્કારી વાચકસમુદાય તરફથી પ્રેમ અને પ્રેરણા પામીને હું કૃતાર્થ થયો છું. મારા કાચા-પાકા પ્રયાસને ગુણજ્ઞ પ્રજાએ બિરદાવીને મને ધન્ય કર્યો છે. વસ્તુતઃ શેક્સપીઅરનાં નાટકોએ પોતે જ મારું ઘણું કામ તો કરી આપ્યું છે.

વાચકોના સ્નેહ-આગ્રહને વશ થઈને હું હવે પછી પણ અવારનવાર યથાશક્તિ શેક્સપીઅરની કૃતિઓનું ઉત્તમ રજૂ કરીશ.

પત્રલેખક મિત્રો પ્રત્યે મારી કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

(અમદાવાદ) —મધુસૂદન પારેખ

'કુમાર'ના આજીવન સભ્યો નોંધવાનું શ્રી દિનેન્દ્ર કારિયાનું સૂચન આવકાર્ય છે. આ યોજના અમલમાં આવે તો આજીવન સભ્ય તરીકે મારું નામ નોંધી લેશો. બીજા પાંચ-દશ સભ્યો મેળવી આપવાનો પણ પ્રયત્ન કરીશ—ઇન્શાઅલ્લાહ.

શેક્સપીઅરનાં નાટકોની ડૉ. મધુસૂદન પારેખની વાર્તાંતરમાળા પુસ્તક રૂપે પ્રગટ કરવાના પ્રસ્તાવને અનુમોદન આપું છું; એના ગ્રાહક તરીકે મારું નામ નોંધી લેવા અને પ્રગટ થયે એક પ્રત મોકલી આપવા વિનંતી છે.*

(કરાચી) —માંડવીઆ

[* એ પુસ્તક ખરીદવાની આ રીતે આગોતરી ઇચ્છા વ્યક્ત કરનારાઓ માટે અમુક ઓછી કિંમત રાખવા ધારીએછીએ, તે આગામી અંકમાં જાહેર કરીશું. એ પુસ્તક તથા શ્રી રાવળનું આત્મકથાનક—બંને છપાવાં શરૂ થયાં છે.]

શ્રી રવિભાઈને મોડામોડા યે આપણી સરકાર 'પદ્મશ્રી'થી વિભૂષિત કરે છે એ પ્રસંગ આપણા સૌ માટે એક પરમ ગૌરવનો છે. રવિભાઈએ વિશાળ આત્મીયતાથી અસંખ્ય લોકોને માત્ર કળા વિષયે જ નહિ પણ સાહિત્યના અને અન્ય સકલ ક્ષેત્રે માર્ગદર્શન આપ્યું છે. આવા આ વિશાળ કુળનો આજ મહોત્સવ છે. એ સ્વાસ્થ્યપૂર્ણ દીર્ઘાયુ પામે ને ગુજરાતને સંજીવિની છાંટતા રહે.

(સુરેન્દ્રનગર) —વિજયશંકર કામદાર

~

કવિગુરુએ શતકોની પૂર્વે
યથાર્થ કાવ્યે જ કહ્યું હતું કે
નક્ષત્ર તારાગ્રહથી છવાયલી
છતાં ય દીપે શશીથી જ રાત્રિ.
શિષ્યો તણા વૃન્દથી વ્યાપ્ત તો યે
કલાગુરુ ગુર્જરીવ્યોમ રાજે.

(મુંબાઈ) —શાંતિલાલ તોલાટ

~

૨૬મી સવારે મુ. રવિભાઈ પદ્મશ્રી થયાનું વાંચીને બધાં ખૂબ રાજી થયાં. મોડીમોડી યે સરકારે કદર કરી ખરી. વળી આ વર્ષે જ 'કુમાર'નો ૫૦૦મો અંક નીકળવાનો છે. તે વર્ષે જ મુ: રવિભાઈ પદ્મશ્રી થયા તે સોનામાં સુગંધ ભળવા જેવું થયું. એમને અભિનંદનો મોકલું છું તે પહોંચાડી આભારી કરશો.

(બોરીવલી, મુંબાઈ ૯૨) —લોપા વસા



સ્વ. વૈકુંઠલાલ મહેતા પરના લેખમાં સ્વ. કનૈયાલાલ વકીલનું નામ રહી જવા વિષેના મારા પત્રના અનુસંધાનમાં એ ત્રિપુટી (ચિત્રમાં જમણી બાજુથી સ્વ. વૈકુંઠ મહેતા, સ્વ. કનૈયાલાલ વકીલ અને સ્વ. બેલવી)ની, એમના કૉલેજના દિવસોની છબી મને હમણાં પ્રાપ્ત થઈ છે તે આ સાથે મોકલું છું.

(સાંતાક્રુઝ) -ધનસુખલાલ મહેતા

ગાંધીજીના પત્રોના એક પુસ્તકમાં હમણાં 'કુમાર'ના ૧૦૦મા અંક વિષે ઉલ્લેખ વાંચ્યો. 'કુમાર'ના આગામી ૫૦૦મા અંકના સંદર્ભમાં એ ઉલ્લેખ પ્રત્યે ધ્યાન દોરતાં આનંદ થાય છે. ગાંધીજીએ જેલમાંથી તા. ૧૮-૪-૬૨ ના રોજ શ્રી નારણદાસ ગાંધી પર લખેલા પત્ર સાથે 'આકાશદર્શન' વિષેનો તેમનો લેખ પણ છે. એમાં ગાંધીજી લખે છે:

'કુમાર'નો સોમો અંક નીકળવાનો છે તેમાં ભાઈ હીરાલાલ શાહે આ વિષય ઉપર લેખ મોકલ્યા છે. તેમનો અભ્યાસ ઊંડો જણાય છે. એ લેખ જેને જોવા હોય તે જોઈ જાય. હું તો આ લેખ પછી આ વિષય ઉપર વધારે નહિ લખું. (પાનું ૩૪૭, બાપુના પત્રો-૯: શ્રી નારણદાસ ગાંધીને-ભાગ પહેલો નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ)

અભ્યાસપૂર્ણ લેખો આપવા માટે 'કુમાર' વિષે ગાંધીજીએ બિરદાવતું જે લખેલું તેનું સ્મરણ એક મહત્ત્વની બાબત પ્રત્યે ધ્યાન દોરવા પ્રેરે છે. તમે સ્થાપેલી અને ચીવટ, ખંત તથા પરિશ્રમપૂર્વક જાળવી રાખેલી 'કુમાર'ની વિશિષ્ટ પ્રણાલી જળવાઈ રહે એટલું જ નહિ પણ સમયાનુસાર તેને નવાં સ્વાંગ-સ્વરૂપ આપી શકાય એવી વ્યવસ્થા તમે કૃપા કરી ઊભી કરો. ગુજરાત તમારું ઘણું ઋણી છે અને એટલે જ બીજી હરોળ–સેકન્ડ લાઈન ઑવ ડિફેન્સ–ઊભી કરવાની માગણી કરવાનો એને હક્ક છે.

(મુંબાઈ-૧) —શાંતિલાલ ડગલી

ડિસેમ્બર અંકમાં શ્રી રાવળની જીવની તેમનાં રેખાંકનો વિના લૂખી છે. શ્રી જોશી તથા મારા જેવાની નિરર્થક ચર્ચાનું તો આ પરિણામ નથી ને? તેમના વિશાળ દિલને આવી ક્ષુલ્લક વાતોની અસર થાય તો નહિ. પણ અમને તો અમારી ભૂલ જેવું લાગે જ.

ડિસેમ્બર અંકમાં 'અદ્વૈત સખ્ય' ચિત્રમાં શ્રી રાવળે કૃષ્ણને પીતાંબર ધોતી રૂપે નહિ પણ અજંતા શૈલી જેવું લલિત ભેગી ને સુયોગ્ય રીતે પહેરાવી ચિત્રને 'કલ્યાણ'ના શ્રી બી. કે. મિત્રની ચિત્રપરિપાટીથી આગવું રચ્યું છે. એ મને ખૂબ ગમ્યું. 'જીવનપટ'ની લેખમાળા ચિત્રસભર આવે એમ ઇચ્છું છું.

(મુંદ્રા-કચ્છ) —ભાનુમિત્ર મ. છાયા

ડિસેમ્બર અંકના પૂઠા પરનું વૃક્ષનું રેખાંકન દૂરથી જોતાં ગાંધીજીના બસ્ટ જેવું નથી લાગતું? એ જાણી જોઈને આલેખન કર્યું છે? ચશ્માંની દાંડી સુદ્ધાં જણાય છે.

—છોટુભાઈ બા. દેસાઈ

[*ના, એ અકસ્માત છે.]

જાન્યુ. 'કુમાર'માં શતરંજના ગુજરાત રાજ્ય હરીફાઈના પરિણામ સાથે મારી છબી છાપવા માટે અત્યંત આભારી છું. શતરંજ જેવી ભારતમાં પછાત રમતને આપ શ્રી મોદી દ્વારા ગુજરાતમાં આગળ લાવવા પ્રયત્ન કરો છો તે ખૂબ જ આનંદની વાત છે. મારા જેવા સામાન્ય ખેલાડીને આપના 'કુમાર'માં આવતા લેખોએ જ ઉત્સાહ પ્રેરેલો.

(ભાવનગર) —ઇન્દ્રવદન મોદી

ઘર ભણી / શંભુપ્રસાદ જોશી

· ગાન ·

અમી સાંજ થૈ ગઈ, ધેનુનાં ધણ આ આવ્યાં.
ઊછળતાં જળપૂર — ધેનુનાં ધણ આ આવ્યાં.

પુચ્છની ધજા હવામાં તરે!
સ્થૂલ કૈં શૃંગ હલેસાં ભરે!
રજના ઊંચા લોઢ ખૂંદતાં ધણ આ આવ્યાં–સમી૦

કરો આ રવ ભાંભરનો થાય,
તૃપ્તિને લય પંખી સૌ ગાય!
વનની તાજી ગંધ વેરતાં ધણ આ આવ્યાં!–સમી૦

ચર્ણથી કર્ણ તણી ગતિ ઘણી!
દિયે શી દોટ વાછરુ ભણી!
આંખ મહીં શાં બીડ! ધેનુનાં ધણ આ આવ્યાં!–સ૦

સલામત? / ચંદ્રકાન્ત શેઠ

· ગઝલ ·

આકાશની તળે હું જેવો હતો સલામત,
આ ઘર મહીં રહીને છું એટલો સલામત!

અંધારનું દીવાથી અપમાન જ્યાં કરાયું
સૂરજ વિચાર કરતો: 'હું કેટલો સલામત!'

આ ચકની જ પાછળ કેવાં ચરણ ધસે છે!
શું એમની હશે ને સૌ મંઝિલો સલામત!

જે પિંજરામાં પૂરી સૌ પક્ષીઓ જુએ છે
શું મુક્તિ એની ક્યાંયે પણ રહી શકે સલામત!

મ્હોરાં વિનાની સૂરત જે ઓળખી શકે ના,
એ માનવીનો ખુદમાં વિશ્વાસ શું સલામત!

જેની નજર રહે છે બેચાર કોશ જોતી,
શું કલ્પનામાં એની આ વિશ્વ છે સલામત!

દરિયા તરી જનારો જો આંસુમાં જ ડૂબે
આ જિંદગીનો ક્યાંથી ત્યાં અર્થ રે' સલામત!

ના પ્રાણ જાય જેનો ચિંતા મહીં કફનની,
એ માનવીની આગળ શું મોત પણ સલામત!

સીમનું મન / રાવજી પટેલ

· વસંતતિલકા ·

આવ્યે હજી પલ નથી થઈ એક, ત્યાં તો
આ સીમનું કલકલ્યું મન વિસ્તરેલું;
ભેગું થતું અવ કશે... મુજને થતું કે
મારી જ જેમ હમણાં કંઈ બોલશે એ!

મેં ડોલતાં કણસલાં પર કાન માંડ્યા
પંખી સમા ત્યહીં ય બે ય રમે મજેથી!
લીલાશમાં સરકતી પકડી હવાને
ચૂમી લઈ, કલકલાટ બધો ય ચાખ્યો!

મે હું હવે નગરને પથ સંચરું ત્યાં
આખી ય સીમ મુજને વળગી રહી છે!

એક પાંદડે / દિલીપ ઝવેરી

· ગાન ·

એક રે આ પાંદડે જગાડી
લીલાં વનવન ફરવાની આશ.

અમે તો હતાં રે મૂગા આયના,
એક ફૂંકે બારી બની પાંખ;
હવે આ હવાને આભ વ્યાપવાં,
તીરને ઉઘાડવી છે પાંખ;
બધે ફૂલ ખેલવાને ઝંખે છે શ્વાસ,
એક રે આ પાંદડી: ને વનવન આશ.

નિજમાં તળાવ સમાં આછર્યાં
હવે તૂટ્યાં સમદર પાણી,
એક રે ચંદામાં હતી ચાંદની
અનંતન તરંગે વેરાણી;
એક રે પિયાલે લાખ વરસોની પ્યાસ
એક રે આ પાંદડી: ને વનવન આસ.

નથી નથી હું જ...

રાજેન્દ્ર શુક્લ

· ઉપજાતિ ·

કાયા જ ક્યાં છે મુજ કામનાને
કે વિસ્તરું કો' પળના પ્રદેશે
આકાર પામી અવ હું કશો ય!

ને શૂન્યને સ્પર્શ કરે શી રીતે
સકંપ તારાં રવ–ટેરવાનાં
આમંત્રણો માંસલ; સ્નિગ્ધ, ઉષ્ણ!

નથી હવે સંભવ કે પુનશ્ચ
મ્હોરે કશા સ્પંદ, તરંગ મૌને
કે શબ્દના ચાસ પડે ફરીથી.

નથી નથી હું જ કશે: બકુલ
જે ઝૂલતું દક્ષિણ-વાયુ-હેલે
કે ગંધથી કો' તવ દ્વાર ઠેલે.

ઘેલી, હવે વ્યર્થ બધું—પ્રતીક્ષા,
શૃંગારસજ્જા, અપરૂપ યૌવને.

હેમંતની સાંજ / મૅકવાન

· ખંડ ઝૂલણા ·

ઝાડના ડાંખળે ડાળીએ
સૂર્યનાં કિરણ ચોંટી રહ્યાં;
પાસમાં
ઠૂંટિયું વાળીને શાંત છે પથ પડ્યો!
ચોતરફ
વાયુના કાફલા ખરફ શા આભને લૈ વહે;
ક્યાંકથી આવતો પંખીનો નાદ પણ
થૈ કરો કાનમાં વાગતો.
એમ લાગે ઘડી
સાંજ આ ચિત્રમાં હોય જાણે મઢી!

રેખ / ગીતા પરીખ

· મિશ્ર ·

અસ્તિત્વની કોમલ રેખ સુંદર
આંકી દીધી પીંછી તણે લહેકે;
એ રેખના રેલમછેલ છાંટા
મહીં ઝીલાયા સ્વર પંખીઓના.

ને મોગરાની ખીલતી સુગંધી
એના વળાંકે હસતી મહોરી,
કલ્લોલતો લોલ વિભોર એના
રંગો મહીં તરૂવરતો પ્રકાશે.

અસ્તિત્વની કોમલ રેખ વિસ્તરે
વિશ્વે, અને સૌ નિજમાં સમાવી
લાડલી થૈ શી
મારી અહો કૂખ મહીં લપાયે!

બે કાવ્યો / સુભાષ શાહ

૧ · પરંપરિત સવૈયા ·

હાશ કરીને બેઠો ત્યાં તો
પલંગમાંથી પંખી સઘળાં
ફફડાવી પાંખોને ઊડ્યાં;
હવા રૂમની ચંચળ થઈ ગઈ.
કોનો પદરવ પમર્યો છે આ!
કોનો કરપલ્લવ સ્પર્શ્યો છે?

સમજ્યો હું, ના સમજ્યો, ત્યાં તો
પાણીમાં ને હવા મહીં પણ
જેને પગલે કેડી બનશે
તેના પદરવ પદરવ જોયા.

૨ · મનહર ·

અંધારાના આછા આછા સ્મિત મહીં
હું તો હવે કેદ થયો;
તો યે—
કોણ જાણે કેવી રીતે એકીસાથે
લાખલાખ રસ્તા પર ચાલ્યો હું તો!

પાનખર / પ્રિયકાન્ત મણિયાર

પંખી વિના એકલું પાછું ઊડે,
પલમાં પાછું બૂડે.
જાય હવાને એક સેલારે એટલું અદ્ધર
કોઈ વિખૂટું એક વેળાનું આભ ઊડેલું
ડાળથી હવે કોઈ તરુનું પાન ખરેલું
જેટલો સમીર જેટલું આકાશ
એટલું એ તો ઝૂરે.

રાષ્ટ્રકવિ

મૈથિલીશરણ ગુપ્ત



મૈથિલીશરણ

લેખક
રઘુવીર ચૌધરી

કવિ તરીકે શ્રી મૈથિલીશરણજીએ અર્ધશતાબ્દીનું આયુષ્ય ભોગવ્યું એ ઘટના એમની કારકિર્દીની વાત કરતાં સર્વપ્રથમ નોંધવી ઘટે. હિન્દી કવિતાને ૧૯૧૦ થી ૨૦ વચ્ચેનો ઇતિહાસ મુખ્યત્વે એમણે આપ્યો. વિષય, વસ્તુ અને ભાષાની દૃષ્ટિએ એ ગાળામાં આવેલો વળાંક ભવિષ્યમાં પણ પ્રભાવકારી નીવડચો.

ગુપ્તજીનું મૂલ્યાંકન ઐતિહાસિક દૃષ્ટિએ કરીએ તો હિન્દી કવિતાના વિકાસમાં એમનો ફાળો નોંધપાત્ર લાગે. એમને યુગપ્રવર્તક કવિ તરીકે ઓળખવામાં આવ્યા છે. 'રાષ્ટ્રકવિ', 'ભારતીય સંસ્કૃતિના ઉદ્‌ગાતા' જેવાં વિશેષણો એમના માટે પ્રચલિત છે,–સાચાં પણ. હિન્દી સમીક્ષાએ 'મહાકવિ' શબ્દની અર્થવ્યાપ્તિ સીમિત કરીને એ શબ્દ ઉદારતાથી વાપર્યો છે. એવા અનેક મહાકવિઓની શ્રેણીમાં મૂકવા કરતાં આપણે ગુપ્તજીને 'રાષ્ટ્રીય કવિ' તરીકે ઓળખીએ તે વધુ વાજબી છે. અંજલિ આપતી વેળા ભાવુક થઈને 'મહાકવિ' કહી દઈને આપણે પુણ્યાત્માને ન્યાય કરીએ છીએ કે દુભવીએ છીએ તે પ્રશ્ન છે.

ગુપ્તજીની શક્તિઓ એક યુગમાં ખર્ચાઈ અને તે એક યુગને ખપ લાગી. વિશિષ્ટ પરિસ્થિતિઓમાંથી પેદા થએલા વાતાવરણમાં – બંધનગ્રસ્ત નિરાશાના વાતાવરણમાં એમનો સ્વર રાષ્ટ્રીય જાગૃતિ પેદા કરવામાં અપૂર્વ રીતે સફળ નીવડચો. બીજી બાજુ છંદ અને ભાષાના સફળ પ્રયોગો દ્વારા એમણે હિન્દી કવિતાની ઇમારતને દિશાઓ નક્કી કરી આપી. એ જમાનામાં કાવ્યરસિકોને શંકા હતી કે ખડી બોલીમાં કાવ્યરચના થાય તો પણ એનો પ્રભાવ પડે ખરો? આચાર્ય મહાવીરપ્રસાદ દ્વિવેદીના માર્ગદર્શન પ્રમાણે અને 'સરસ્વતી' માસિકના માધ્યમથી વ્યાકરણસંમત, સરળ, મધુર ખડીબોલીમાં એમણે લોકોને કાવ્યાસ્વાદ કરાવ્યો. કવિત્વને માન્યતા મળતાં ૧૯૧૦માં એમણે 'રંગ મેં ભંગ' પ્રગટ કર્યું. ત્રણ વરસ પછી 'ભારત-ભારતી' પ્રગટ થતાં, એ કૃતિમાં વ્યક્ત થએલી રાષ્ટ્રીય ભાવનાઓનું બળ જોઈને સરકાર દ્વારા અંકુશ મુકાતાં શ્રી મૈથિલીશરણજી ખ્યાતનામ બલ્કે લોકપ્રિય થયા. તે પછી દર વર્ષે સરેરાશ એક પુસ્તક એમની પાસેથી મળતું રહ્યું છે. ૧૯૨૨માં 'પંચવટી' પ્રગટ થતાં શ્રી જયશંકર પ્રસાદ જેવા મિત્ર 'પ્રતિષ્ઠિત પદ્યકાર' કહેતા તે વસ્તુસ્થિતિમાં ફેર પડચો. આ ગાળામાં બંગાળીના અનુવાદોથી, ખાસ કરીને 'મેઘનાદ વધ'ના અનુવાદથી ગુપ્તજીને કાવ્યરચનાની વધુ તાલીમ મળી હતી. 'પંચવટી'માં એ વિકાસોન્મુખ લાગે છે. પરિણામસ્વરૂપ ૧૯૩૨માં 'સાકેત' અને ૧૯૩૩માં 'યશોધરા' પ્રગટ થતાં કવિના વિકાસની ચરમ અવસ્થા દેખાય છે. તે પછીનાં ૪૨ વરસ સુધી કવિની કાવ્યપ્રવૃત્તિઓ અવિરત રહી. 'દ્વાપર', 'વિષ્ણુપ્રિયા' અને મહાભારતના વીણેલા પ્રસંગોની સંકલના રૂપે લખાએલ 'જયભારત' નોંધપાત્ર છે.

કાવ્યસર્જનના પાંચ દાયકાઓમાં પહેલા બે હિન્દી કવિતાના વિકાસની દૃષ્ટિએ મહત્ત્વ ધરાવે છે, જ્યારે સમગ્ર સમયપટ કવિના વિકાસની દૃષ્ટિએ મહત્ત્વ ધરાવે છે. એક સ્થિતિએ પહોંચીને બંધાઈ ન જતાં ગુપ્તજી ગતિશીલ રહ્યા છે. 'છાયાવાદ', 'પ્રગતિવાદ', 'પ્રયોગવાદ' અને 'નઈ કવિતા'ની પ્રયોગાવસ્થાઓ અને સિદ્ધિઓ એમણે રસપૂર્વક નિહાળી છે. નવીનતાના અવિરોધી હોવાથી શક્ય બન્યું તેટલું એમણે નવાં વલણોમાંથી અપનાવ્યું છે. અલબત્ત, એ કારણે એમના સર્જનનું કોઈ અસાધારણ પરિણામ નથી આવ્યું. સ્થળ-કાળથી નિરપેક્ષ મૂલ્યાંકન ધરાવે તેવી કૃતિઓ એમની પાસેથી પ્રાપ્ત થવી રહી ગઈ છે, છતાં ભારતેન્દુ યુગ અને છાયાવાદ વચ્ચે એ સમર્થ સેતુબંધનું કામ આપી શક્યા છે. ભાષા અને છંદ, જે એમણે પ્રચલિત કર્યા તેનો પ્રભાવ નોંધતાં શ્રી અજ્ઞેયજી કહે છે: 'એમનો કેવો ભારે પ્રભાવ પડચો એનું આથી સારું બીજું કયું ઉદાહરણ હોઈ શકે કે એમણે જે ચલાવ્યું તે તો ચાલ્યું જ, જે નિષેધ્યું તે છૂટયું જ, પણ એમણે જેનો નિષેધ ન કર્યો, કેવળ ખપમાં ન લીધું તેને વરતવું એટલામાત્રથી કઠણ થઈ ગયું કે એમણે તે અપનાવ્યું નહિ.'

સાંસ્કૃતિક મૂલ્યોનું પ્રતિષ્ઠાન

ગુપ્તજી સમષ્ટિનિષ્ઠ કવિ છે, આત્મનિષ્ઠ નહિ. એમની કૃતિઓના કેન્દ્રમાં સમાજ છે. એમનાં પાત્રો સમાજ માટે પોતાને ત્યાગે છે, ત્યાગીને પોતાને પામે છે. નિષ્કામ કર્મયોગનું પોતાના ચરિત્ર દ્વારા નિદર્શન કરતા નાયકો એમણે આપ્યા છે. દાનવતાને વિરોધીને માનવમાં દેવત્વનું દર્શન કરવા એ નાયકો સાધના કરે છે. સમાજના પીડિત અને ઉપેક્ષિત લોકોને એમણે પોતાની સંવેદના અર્પી. વળી આપણાં કાવ્યોમાં જે ઉપેક્ષિત-પાત્રો હતાં તેમનું ગૌરવ કર્યું. ઊર્મિલા ને યશોધરાનાં ચરિત્રો દ્વારા નારીની પ્રતિષ્ઠાનો પ્રશ્ન એમણે ઊભો કર્યો.

એમનાં કાવ્યોમાં કૌટુમ્બિક જીવન અને રાષ્ટ્રજીવન પર ચિંતન છે, સમાજ-વ્યવસ્થા માટે એ નૈતિકતાને પુરસ્કારે છે અને પરિવારજીવનની સંવાદિતાનો આધાર પારસ્પરિક વિશ્વાસ અને નિરપેક્ષ પ્રેમમાં જુએ છે. ઉદ્દેશલક્ષી ન હોય તેવું એમણે કશું લખ્યું નથી.

કોઈના કે કશાયના વિરોધી થયા વિના ગુપ્તજી ભારતીય રહ્યા છે. શુદ્ધ રામોપાસક હોવા છતાં પરધર્મસહિષ્ણુતા એમનાં કાવ્યોમાં વરતાય છે. એમની સમગ્ર વિચારણા વિધેયાત્મક રહી છે, ખંડનાત્મક નહિ. આ દેશની સંસ્કૃતિની સમન્વયાત્મક પ્રવૃત્તિઓને એ સમજ્યા છે.

ભારતવર્ષના પ્રદેશો, પર્વતો, નદીઓનાં વ્યક્તિત્વ એમણે અંકિત કર્યાં છે. ઋતુએ ઋતુએ અવનવીન રૂપે વિલસતી નિસર્ગશ્રી અને અહીંનાં વિશાળ ધરા-આભ એમને મુગ્ધ કરે છે. આ દેશનું એક શ્રદ્ધાજન્ય કલ્પચિત્ર એમની પાસેથી આપણને મળ્યું છે. ગાંધીજીના પ્રભાવ પછી એમની ધર્મભાવના અને સ્વદેશાભિમાને વ્યાપક ભૂમિકા ગ્રહણ કરી. ગાંધીજીનાં અનુભવસિદ્ધ મૂલ્યોને એમણે મુક્તકંઠે ગાયાં. પોતાના કથન માટે રામાયણ, મહાભારત, પુરાણો અને બૌદ્ધકાલીન ઇતિહાસમાંથી આધાર ગ્રહણ કર્યા. જૂના આધાર વડે નવી વાત

રાષ્ટ્રીય કવિ મૈથિલીશરણુ ગુપ્ત

ગઈ ૧૨મી ડિસેમ્બરને શનિવારે આર્ય સંસ્કૃતિના પુરસ્કર્તા, ગાંધી વિચારધારાના અનુયાયી અને રાષ્ટ્રકવિ શ્રી મૈથિલીશરણુ ગુપ્તનું, ઝાંસી પાસેના એમના વતન ચિરગાંવમાં ૭૮ની વયે, હૃદય બંધ પડવાથી અવસાન થતાં હિન્દી સાહિત્યે એના દ્વિવેદીયુગનો એક સમર્થ, સરળ અને કાવ્યમાં ખડી બોલી પ્રયોજનાર પ્રથમ લોકપ્રિય કવિ, અને ભારતે નારીજીવનની કરુણતાનો આલેખક અને એક વિનમ્ર, સરળ, સહિષ્ણુ છતાં સ્વાભિમાની રાષ્ટ્રપ્રેમી ગુમાવ્યો છે.

સદ્‌ગતનો જન્મ ઈ. ૧૮૮૬ની ત્રીજી ઑગસ્ટે સંસ્કારી રામભક્ત વૈષ્ણુવ અને 'રામચરિતમાનસ તથા 'અધ્યાત્મ રામાયણુ'ના ચાહક (તેથી બંનેનું સતત પારાયણુ કરનાર) સાધુચરિત પિતા રામચરણુને ત્યાં ઝાંસી પાસે ચિરગાંવમાં થયો હતો. નિશાળની અપેક્ષાએ ઘણુંખરું શિક્ષણુ એ ઘેર પામેલા. એ શિક્ષણુ તથા બંગાળી ભાષાના અભ્યાસ સિવાય પાશ્ચાત્ય શિક્ષણુનો સ્પર્શ તે પામેલા નહિ.

ઇષ્ટદેવ સન્મુખ પિતામુખે ગવાતાં પદોમાંથી પ્રેરણુા મળતાં, પિતાની નોટબુક ઉપર લખેલા પ્રથમ કાવ્યની પ્રશંસા પિતા પાસેથી સાંભળીને તેઓએ જ્ઞાતિમાસિક 'વૈશ્યોપકારક' પર એક કવિતા મોકલી. એ છપાતાં આનંદ સાથે આત્મશ્રદ્ધા ઉત્પન્ન થઈ, અને ૧૯૦૩માં મહાવીરપ્રસાદ દ્વિવેદીના વિખ્યાત માસિક 'સરસ્વતી' પર ખડી બોલીમાં રચેલી એક રચના મોકલી આપી. અનેક નવોદિત લેખકોના ગુરુ સમા હિંદીના એ આદ્ય ને આરૂઢ સંપાદક દ્વિવેદીજીએ તે કૃતિ સુધારીને છાપવા ઉપરાંત એક પત્ર દ્વારા લખ્યા કરવાનું પ્રોત્સાહન આપ્યું; પરિણુામે ૧૯૧૦માં પહેલું કથાકાવ્ય 'રંગ મેં ભંગ' 'પ્રસિદ્ધ થયું. ત્યારથી અવસાન સુધીમાં હિન્દી સાહિત્યને એમણે છ અનુવાદ બાદ કરતાં ચાળીસ મૌલિક કાવ્યકૃતિઓ આપી, જેમાં મોટા ભાગનાં પુરાણુકથાઓને વિષય કરતાં કથાકાવ્યો અને બાકીનાં ઊર્મિકાવ્યો છે.

ગાંધીજીના સ્વદેશાગમન પૂર્વે બંગભંગની ચળવળ અને લાલ-બાલ-પાલની ત્રિપુટીની અસરથી તેમણે રાષ્ટ્રસેવાર્થે ઈ. ૧૯૧૩માં 'ભારતભારતી' પ્રસિદ્ધ કરી યુવાનોને પ્રેરણુા આપી હતી, જેના પરિણુામે એ સમયની બિહાર સરકારે એ પુસ્તક જપ્ત કરેલું.

ગાંધીવિચારધારા ઝીલીને લખાએલાં એમનાં કાવ્યો ૧૯૨૮માં, ગાંધીજી તેમના એક દિવસના અતિથિ બનેલા ત્યારે એમણે વાંચેલાં ને સૌને વાંચવા ભલામણુ પણુ કરેલી; એટલું જ નહિ, પણુ ૧૯૩૬માં હિન્દી સાક્ષરોએ કાશીમાં કવિને અભિનંદવા યોજેલા સમારંભમાં પ્રમુખસ્થાનેથી ગાંધીજીએ તેમને 'રાષ્ટ્રકવિ' તરીકે બિરદાવ્યા હતા. એ બિરુદથી કવિને હમેશાં સંબોધનાર સ્વ. નહેરુ અને પૂ. વિનોબાજીએ પણુ કવિના વતનના નિવાસસ્થાન 'બથીરી'ની મુલાકાત લીધી હતી. આ ત્રિપુટી ઉપરાંત સ્વ. ગણેશશંકર વિદ્યાર્થીની પણુ કવિ પર સારી અસર હતી.

૧૯૪૧ના સત્યાગ્રહ સમયે કવિએ ઝાંસી-આગ્રાની જેલોમાં સાત માસ ગાળેલા, જે દરમિયાન એમણે પુરાણો સહિત અનેક ગ્રંથોનો અભ્યાસ કર્યો, નવી કવિતાઓ રચી અને આચાર્ય નરેન્દ્રદેવ, ડૅા. કેસકર ને કેશવદેવ માલવીયનો સંપર્ક લાભ મેળવ્યો.

ઈ. ૧૯૪૫માં જેના તેઓ પ્રમુખ હતા એ 'કાશી નાગરી પ્રચારિણી સભા'એ એમની હીરકજયંતી ઊજવેલી; અને ૧૯૪૬માં હિન્દી સાહિત્ય સંમેલને એમને 'સાહિત્યવાચસ્પતિ'-ની, ૧૯૪૮માં સરોજિની નાયડુ ચાન્સેલર હતાં ત્યારે આગ્રા યુનિવર્સિટીએ 'ડી.લિટ.'ની અને ૧૯૫૪માં ભારત સરકારે 'પદ્મભૂષણુ'ની પદવીઓ એનાયત કરેલી. ૧૯૫૨થી '૫૪ ને '૫૮થી '૬૪ સુધી તેઓ રાજ્યસભાના રાષ્ટ્રપતિ-નિયુક્ત સભ્ય હતા, જ્યાં તેઓ ક્વચિત મત દર્શાવતા તો પદ્યમાં જ બોલતા! ૧૯૫૪થી તે છેક અવસાન પર્યંત તેઓ હિન્દી શિક્ષણુ સમિતિના અને ભારતીય અકાદમીના સભ્ય પણુ રહ્યા હતા.

કવિવરને કાવ્યમાં વારંવાર ફેરફાર કરવાની અને પ્રથમ નકલ સ્લેટમાં જ તૈયાર કરવાની આદત હતી. તેઓ પોતાનું પ્રેસ ચલાવતા અને પોતાનાં પુસ્કોનું વેચાણુ કરવાનો વ્યવસાય કરતા. ૧૯૧૬માં જેની સાથે એમનાં લગ્ન થએલાં એ સરયૂદેવીથી એમને પુત્ર ઊર્મિલાશરણુ પ્રાપ્ત થએલો. એમના નાના ભાઈ સિયારામશરણુ પણુ કવિ હતા.

—બહાદુરશાહ પંડિત

કહેવાઈ હોવાથી લોકો માટે એ જલદી પ્રતીતિજનક થઈ અને પોતાના સાંસ્કૃતિક પ્રતિનિધિ તરીકે લોકોએ કવિને સ્વીકાર્યા. ભારતના વ્યતીતમાંથી કેટકેટલું પામી શકાય તેમ છે તેનો અંદાઝ મેળવવા એકલા ગુપ્તજીનું ઉદાહરણુ પૂરતું છે. એમણે વીતી ગએલા યુગોનું ગૌરવ સજીવન કર્યું. લોકોને પોતાનું વિસ્મૃત ગૌરવ પ્રત્યક્ષ થયું. ભયજન્ય વાતાવરણુને ફગાવી દઈને રાષ્ટ્રીય ચેતના ચમકી ઊઠી. સ્વાધીનતાના સંગ્રામને બળ આપવામાં ઉત્તર ભારત પૂરતો ગુપ્તજીનો ફાળો અવિસ્મરણીય છે. આમ, એમને રાષ્ટ્રીય કવિ કહેવામાં ઔચિત્ય છે.

સર્જકતાનું સ્વરૂપ

ખંડ કાવ્યો, આખ્યાનો અને દીર્ઘ પ્રબંધ કાવ્યો એમણે લખ્યાં છે. થોડાંક સંવાદ-કાવ્યો અને ગીતો પણુ ખરાં. ૪૩ સ્વરચિત અને ૯ અનુવાદિત પુસ્તકો પ્રગટ થયાં છે. અનુવાદો મુખ્યત્વે બંગાળી અને સંસ્કૃતના છે. ગદ્યલેખો મોટે ભાગે ભૂમિકાઓ રૂપે છે. અપ્રગટ સામગ્રી પણુ ઘણી છે.

એમની શક્તિ વર્ણુન કરવામાં ખીલે છે. પ્રકૃતિનું વર્ણુન, ભાવ-પરિસ્થિતિઓનું વર્ણુન, પાત્રોના મનોભાવોનું વર્ણુન, પ્રસંગોનું વર્ણુન, સ્મૃતિઓનું વર્ણુન એમનાં કાવ્યોમાં કેટલાંક સ્થાનોએ આસ્વાદ્ય બન્યું છે. ગીત-લેખનમાં એમનો ફાળો ઓછો છે. ગીતરચનામાં અનિવાર્ય એવી સંવેદનની સૂક્ષ્મતા એમના માટે સ્વાભાવિક નથી.

રસ-સંપ્રદાય અને અલંકાર-સંપ્રદાયનાં વર્ગીકરણોમાં એમનાં કાવ્યો સમાવેશ પામે. રસ–નિષ્પતિ થાય તેવાં સ્થાન ઓછાં, અલંકાર–વૈભવ દેખાય તેવાં સ્થાન વિશેષ. 'સાકેત'માં ગુપ્તજીએ કલાકાર તરીકે વધુ જાગ્રત રહીને કામ કર્યું છે. ગાંધીજીએ આ દીર્ઘ પ્રબંધ વાંચીને પ્રસન્ન થઈને બે સૂચન કરેલાં: ઊર્મિલાનો વિષાદ અધ્યાહાર કરાવો જોઈએ; દશરથનો વિલાપ વીરોચિત નથી. ગુપ્તજીએ બીજી આવૃત્તિમાં દશરથનાં આંસુ ઓછાં કર્યાં, ઊર્મિલાના વિરહ-વિષાદ–વર્ણુનવાળો નવમો સર્ગ યથાવત્ રાખ્યો. આ સર્ગમાં કથા નથી, ઊર્મિલાની વ્યથાનું આલંકારિક વર્ણુન છે. પૂર્વેનાં કાવ્યોમાં ઉપેક્ષિત હતી તે ઊર્મિલાને નાયિકા બનાવી, ને કૈકેયી તરફ સહાનુભૂતિ દર્શાવી રામમાં માનવીય ગુણોનો ઉત્કર્ષ બતાવ્યો; સાથેસાથે એમનું ઈશ્વરત્વ અબાધિત રાખ્યું. આવી-તેવી થોડીક અસંગતિઓ ન હોત, ને તેને સ્થાને વિરાટ કલ્પનાથી કોઈ મહાન સમસ્યાનું નિરૂપણુ થયું હોત તો 'સાકેત' મહાકાવ્ય બની શકત, કારણુ કે એના ઘણા અંશ આસ્વાદ્ય છે.

'પંચવટી'નું પ્રકૃતિવર્ણુન ધ્યાન ખેંચે છે. કુટુંબજીવનની સંવાદિતા અને પરસ્પરનો પ્રેમ–સદ્‌ભાવ અહીં વ્યક્ત થયાં છે. બૌદ્ધિક ચાતુર્યવાળા થોડા સંવાદો અને શૂર્પણુખાની ચંચળતાનું નિરૂપણુ કુશળતાથી

થયું છે. ગાંધીવિચારને વ્યક્ત કરતી અનેક સૂત્રાત્મક પંક્તિઓ અહીં છે. કેટલાંક તાજાં ઉપમાન પણ મળે છે. 'યશોધરા'માં નારીત્વની મહાનતા અને તેનું રહસ્ય નિરૂપાયાં છે. યશોધરાના મનોભાવોના વર્ણનમાં ગુપ્તજીની સર્જકતા સવિશેષ ખીલેલી લાગે છે. ગુપ્તજીને પ્રત્યક્ષ સૌંદર્યમાં વિશેષ રસ છે, અવ્યક્ત અને સૂક્ષ્મ તરફ ઓછો. જ્ઞાનદીપ્તિ કરતાં એમની રચનાઓમાં ભાવુકતા અને સંવેદનશીલતા વધુ છે.

જીવન : વસુંધરા પુણ્યવતી ચ યેન

૩ ઑગસ્ટ, સને ૧૮૮૬ થી ૧૧ ડિસેમ્બર ૧૯૬૪ સુધીનો સમયપટ—લગભગ ૭૯ વર્ષનું દીર્ઘ જીવન એમને પ્રાપ્ત થયું. પિતાજીએ રામોપાસનાથી પ્રભાવિત થઈને નામ પાડેલું: 'શ્રીમિથિલાધીપનન્દિનીશરણ'. પણ આ ૧૨ અક્ષરોનું નામ નિશાળના રજિસ્ટરના નામ લખવાના નાના ખાનામાં સમાયું નહિ તેથી માસ્તરસાહેબે એ નામનો સંક્ષેપ કર્યો અને 'મૈથિલીશરણ' લખ્યું. પછી એ ચાલ્યું. કવિએ થોડાંક ઉપનામ પણ રાખેલાં : રસિકેશ, રસિકેન્દ્ર, મધુપ, ભારતીય વગેરે. આ બધાં થોડો થોડો સમય વપરાઈને વિસરાઈ ગયાં.

ધનસંપન્ન અને વિદ્યાવ્યસની પરિવારમાં પિતાનું અપાર વાત્સલ્ય પામીને એ ઊછરેલા. પિતાજી મૈથિલીશરણને અંગ્રેજી ભણાવીને ડેપ્યુટી કલેક્ટર બનાવવા ઇચ્છતા હતા. તેથી ચિરગાંવમાં ત્રણ શ્રેણી ભણી રહ્યા પછી એમને ઝાંસીની મૅક્ડોનલ હાઈસ્કૂલમાં મોકલ્યા. પહેલા વર્ષે બે ધોરણ વટાવ્યાં. બીજા વર્ષે ભણવાનું ઘટાડીને એ રમવા લાગ્યા. પરીક્ષાનો વખત આવતાં રામલીલાની મંડળી સાથે બહારગામ ગયા અને પછી પિતાના આગ્રહથી ઘેર પાછા ગયા. તરવામાં અને પતંગ ચગાવવામાં એમને મજા પડતી. પિતાજીએ આ બધું જોઈને એમને ઘેર બેઠાં હિન્દી અને સંસ્કૃત ભણવાની સગવડ કરી આપી.

ઝાંસીમાં ઉર્દૂ ભણાવાતું પણ ગુપ્તજી અંગ્રેજી જેટલું જ ઉર્દૂ શીખેલા—જો કે અંગ્રેજીમાં તો પાછળથી સરનામાં લખતાં ટેવાઈ ગએલા અને છાપાં પણ સમજવા લાગેલા. પંડિત માલવીયજીએ એમને અંગ્રેજી શીખવા આગ્રહ કરેલો, પણ આ અંગે એમની ધારણા કંઈક જુદી હતી. ૧૯૪૮માં ડી. લિટ્‌ની પદવી સ્વીકારતાં એમણે કહેલું: 'હું ભણવા માટે જન્મ્યો નથી, એટલા માટે જન્મ્યો છું કે લોકો મને ભણે.' યુનિવર્સિટીઓમાં હિન્દીના અભ્યાસક્રમોમાં ગુપ્તજીનાં પુસ્તકોને સ્થાન મ[illegible]તું જ રહ્યું છે.

યુવાવસ્થામાં આર્થિક કષ્ટ વેઠેલાં. ગૃહજીવન વેદનાપૂર્ણ રહ્યું. નવ વર્ષની ઉંમરે પ્રથમ લગ્ન થયું. બીજાં પત્ની પણ મૃત્યુ પામ્યાં. ત્રીજાં પત્નીથી થયેલાં નવ સંતાનોના મૃત્યુના આઘાત જીરવીને પણ એ જીવનમાં શ્રદ્ધા ટકાવી શક્યા. નાના ભાઈ સિયારામશરણ—જાણીતા ગાંધીવાદી લેખક, દમના દર્દી હતા. ગુપ્તજીએ જીવનમાં અનેક યાતનાઓ વેઠી છે. સરકારે ૧૯૪૧માં એમને ૭ માસ જેટલો સમય કેદ રાખ્યા હતા. અલબત્ત, એ આનંદદાયક કષ્ટ હતું.

હિન્દીના સાહિત્યકારો સાથેનો ગુપ્તજીનો સ્નેહસંબંધ જાણીતો છે. સહુ એમને 'દદ્દા' કહે. પણ દાદા સહુને નમે. નમ્રતા તો એમનામાં બીજે ક્યાંય શોધી જડે નહિ એટલી. ઘેરથી પાછા જતા મહેમાનને નમીને પ્રણામ કરે.

સાહિત્યિક સંમાન અને ઇનામ અનેક મળેલાં અને ઘણાં તો એમણે સ્વીકારેલાં નહિ. રાજ્યસભાના સભ્ય તરીકે એમની વરણી થઈ હતી. ૧૯૫૪માં ભારત સરકારે એમને 'પદ્મભૂષણ'નું સંમાન એનાયત કર્યું. એ સર્વથા ઉચિત હતું. એમની રાષ્ટ્રભક્તિ અને ઈશ્વરભક્તિમાં કોણ ચડી જાય તે પ્રશ્ન છે. એમની લોકપ્રિયતામાં એમના નિખાલસ, સ્નેહાર્દ્ર, ઉદાત્ત વ્યક્તિત્વનો ફાળો ઘણો મોટો છે.

રવિશંકર રાવળ

આત્મકથાનક

૩૮


જીવનપટનાં સ્મૃતિચિત્રો

૧૭૧ ઘર આમળ

ઘર આગળ મારા મોટા ભાઈ નાટકનાં ગાયન અને સંગીતની ભાતભાતની વાતો કરતા તે હું આશ્ચર્ય અને આનંદથી સાંભળતો, પણ માતાપિતાની ગેરહાજરીમાં કાકાની તે પર આકરી ટીકા થતી. મોટા ભાઈની 'ઍકાઉન્ટન્સી' (હિસાબી કસબ)ની પરીક્ષા થઈ ગઈ હતી અને ઇગ્લંડથી તેમને સર્ટિફિકેટ પણ મળી ગયું હતું, પરંતુ અહીં કોઈ ખાતામાં તેને કોઈ પ્રમાણ માનતું નહિ. આખરે મુંબાઈથી છોટાભાઇનો પત્ર આવ્યો કે તેમની 'ગ્રામોફોન કંપનીમાં એક કલાર્કની જરૂર છે એટલે આવી જાઓ.' ભાવનગરમાં ફાંફાં મારી નિષ્ફળ નીવડેલા મોટા ભાઈ હારી બેઠેલા, એટલે બિસ્તરો-પેટી લઈ એકલા મુંબાઈ તરફ રવાના થયા. તેમનો કાગળ આવેલો કે ઘરથી દૂર પારકી નોકરી, નિયમિત હાજરી અને વીશીની ભાખરી (ભાણું), એ બધું તેમના સ્વભાવ કે તબિયતને માફક આવે તેમ નથી જણાતું; છતાં ભાઈ નોકરીએ ચડયા છે તેનો સૌએ સંતોષ બતાવ્યો. ભાભીએ ઘરની સારસંભાળ રાખી મને અને નાના ભાઈને ખૂબ સારી રીતે સાચવ્યા. કાકી અને કાકા જરૂરી વ્યવહાર પર નજર રાખતાં અને હું મારા સાથી કૉલેજિયનોની માફક મોર થઈને મહાલતો.

૧૭૨ પરણ્યાંની પધરામણી

એવામાં મારા સસરા તરફથી પત્ર આવ્યો કે લગ્ન થયા ને વરસેક વીતી ગયું છે એટલે હવે તેમની સુપુત્રીનું આણું અમારે વળાવવું જોઈએ. નાસિકથી તેમને પત્ર મળેલો કે તમારા જમાઈ ભાવનગર છે અને તેમનાં માતુશ્રી તુલ્ય ભાભી કુલવધૂને વધાવી લેશે; એટલે એક દિવસે વડીલ કાકાશ્રી રેલવેના પાસ કઢાવી મારે સાસરે જઈને આણાંનાં બેડાં તથા વસ્ત્રોનાં પોટલાં સહિત ગૃહલક્ષ્મીને તેડી આવ્યા. ભાભીએ તેમને વધાવી લીધાં. અન્ય યુવક મિત્રોની જેમ તે દિવસથી મ પણ મારો એકાંતિક સંસાર શરૂ કર્યો. માતાપિતાનાં લાડ છોડી આવેલાં શ્રીમતીને પણ આ નવો સંસાર અને રહેણીકરણી વિચિત્ર તો લાગ્યાં હશે. સવારમાં વહેલાં ઊઠીને ભાભીની સાથે દળણાં દળી કાઢવાં, દિ' ઊગ્યે પાણીનાં બેડાં ભરી લાવવાં, સંજવારી-વાસીદાં કરવાં, કપડાં ધોવાં વગેરે કામ પતાવવાનાં. એવું બધું તો ઘેરઘેર થતું રહેતું હોઈ સાધારણ હતું, પણ તે સાથે નાનાં-મોટાંનાં ભાણાં સાચવવાં, તેમને લાડ લડાવવાં, વહાલ અને માનપૂર્વક બોલાવવાં, એવા બધા પાઠ તેમણે મોટાં ભાભી પાસેથી શીખવાના હતા. અક્ષરજ્ઞાન અને પુસ્તકનો પરિચય તો કદાચ બીજા 'જનમ' ઉપર રાખવાં પડશે એમ પણ લાગ્યું હતું, કારણ કે એ સમયના સમાજમાં શિષ્ટાચાર પ્રમાણે વર–વહુ દિવસના ભાગે ક્વચિત જ સામસામાં નિરાંતે બેસી શકે કે વિનોદ–વાતો પણ કરી શકે તેવું હતું. રાત્રિનાં બધાં ઘરકામ પૂરાં થયે રસોડાનાં વાસણો ઉટકાઈ યથાવત્ મુકાઈ જાય અને રસોડું ધોવાઈ જાય તે પછી, નાનાં-મોટાંની પથારી કરી આપી, કોઈક ખૂણે પતિ અર્ધા જાગતા અને અર્ધા ઊંઘતા ઝોકાં લેતા પડયા હોય ત્યાં નાની વહુને આવી હાજર થવાનું રહેતું હોય, ત્યાં આવા વાતાવરણમાં વળી ગીત, ગાન, સાહિત્યચર્ચા કે સમાજનું વિવેચન કરવાની કોને પડી હોય? એને ઘરનાં કામ કરવાનાં અને મારે કૉલેજનાં થોથાં ઉથલાવવાનાં. હા,



પદ્મશ્રી રવિશંકર રાવળ

પોતાના આદ્ય સ્થાપક, તથા લગભગ બે દાયકા સુધી પોષક ને પરિપાલક પિતા તુલ્ય શ્રી રવિશંકર રાવળ આ ગણરાજ્ય દિને ભારત સરકાર દ્વારા 'પદ્મશ્રી' બહુમાનથી વિભૂષિત થયાના પ્રસંગે 'કુમાર' સ્વાભાવિકરીતે જ ગૌરવ અને આનંદ અનુભવે છે. એમના પિતાશ્રી મહાશંકર છ. રાવળને પ્રામાણિકતા ખંત અને નિષ્ઠાભરી સેવા માટે ભૂતપૂર્વ બ્રિટિશ સરકારે રાવસાહેબના ખિતાબથી નવાજ્યા હતા તે,—એ કાળના સંદર્ભમાં આટલા જ ગૌરવયુક્ત પ્રસંગનું પણ—આજે સ્મરણ થાય છે.


આ બહુમાનની સાથોસાથ ગુજરાતની રાજ્ય-સરકારે પણ પોતાની લલિતકલા અકાદમી દ્વારા ગઈ તા. ૮મી ફેબ્રુઆરીના રોજ ભાવનગરમાં પાંચમા ગુજરાત રાજ્ય કલાપ્રદર્શનને પ્રસંગે કલાકારોનું બહુમાન કર્યું ત્યારે ગુજરાતના આ કલાગુરુને તામ્રપત્ર પર "ગુજરાતમાં લલિતકલાનાં ઉત્તેજન ને વિકાસમાં અમૂલ્ય સેવા તથા નોંધપાત્ર ફાળો આપ્યાના" ઉલ્લેખ સાથે રૂ. ૧૦૦૧નો ઉપહાર આપ્યો હતો. (આવું જ બહુમાન વડોદરા ફાઈન આર્ટ્સ કૉલેજના ડીન શ્રી બેન્દ્રેનું પણ તે પ્રસંગે કરવામાં આવ્યું હતું.)

ભારતમાં કલાની અસ્મિતાની જાગૃતિ અને નવનિર્માણની દિશામાં બંગાળના કલાચાર્ય શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરનું જે આદરણીય સ્થાન જનહૃદયમાં છે તેનું જ સમકક્ષ સ્થાન શ્રી રાવળનું ગુજરાતની કલા-અસ્મિતા અને નવજાગૃતિના પુરોધા તરીકે તેમજ ગુજરાતની કલાની પ્રણાલિ અને શિષ્યપરંપરાના પ્રસ્થાપક તરીકે છે, એ લોકવિશ્રુત હકીકત પર બંને સરકારે ગૌરવની મહોર મારી છે. આ ધન્ય પ્રસંગે અમારો આનંદ વ્યક્ત કરીને શ્રી રાવળનું અમે અભિવાદન કરીએ છીએ. —તંત્રી

*તામ્રપત્ર સાથેની આ રકમનો એ સભામાં સાભાર સ્વીકાર કરીને તરત શ્રી રાવળે, તાજેતરમાં જ ભાવનગરમાં સ્થપાએલા કલામંડળ "આકાર"ને, પોતે ભાવનગરમાંથી બહાર પડેલા પ્રથમ કલાકાર તરીકે, વતન પ્રત્યેના પોતાના ભાવના-અર્ઘ્ય રૂપે અર્પણ કરી હતી. પ્રારંભમાં ભાવનગર તરફથી સમ્માન કરતાં શ્રી જાદવજીભાઈ મોદીએ 'કલાગુરુ શ્રી રવિભાઈ ગુજરાતને ભાવનગરની દેણગી' ગણાવીને સત્કારેલા.

એક ઘરમાં બન્નેનો વાસો હોઈ અરસપરસનો ઘરનો વ્યવહાર જરૂર નજરે ચડે જ, બાકી તો બાંને માનસિક સંપર્ક સ્વપ્નમાં ટેવી લેવાનો!

આવું બધું કંઈ મારા એકના ઘરમાં જ ન હતું. કોઈક જ મિત્રનાં પત્ની પૂરી સાત ચોપડી ભણ્યાં હશે. માત્ર નાગરી ન્યાતની સ્ત્રીઓમાં સંસ્કાર શૃંગાર અને પરિધાનની કંઈક છટા જણાઈ આવતી હતી; પણ તે સાથે કુટુંબની જરૂરિયાતનાં ઘરકામ તથા શ્રમથી તેમને મુક્તિ હતી એવું પણ અમે જોતા. કોઈ નાગરાણીને બેડું લઈ પાણી ભરવા નીકળતી અમે જોતા નહિ. તેમનાં ઘરોમાં રસોઈપાણી, વાસીદાં અને







ઈ. ૧૯૦૯ની મારી (૧૪×૧૧ ઇંચના માપની) સ્કેચબુકમાંનાં પેન્સિલ-ચિત્રો

ડાબી બાજુથી ૧) શ્રી નાગરદાસ ફોજદાર: મારા મિત્ર ડાં. અંબુભાઈ ભટ્ટના પિતાશ્રી; ૨) મંગળ મહેલનો પગી; ૩) શ્રી દેવશંકર વૈકુંઠજી ભટ્ટ: ભાવનગરના ભાવનાશીલ મહેતાજી

આત્મચરિત્રના આ દશકા દરમ્યાનના મુખ્ય બનાવ

૧૯૦૦: કવિ 'કલાપી' (લાઠી-ઠાકોર સૂરસિંહજી)નું અવસાન. દેશમાં મોટો દુષ્કાળ (એ વર્ષે વિક્રમ સંવત ૧૯૫૬ તેથી) 'છપ્પનિયો' પડ્યો. ભાવનગરના દીવાન વજેશંકર ઓઝા વૃદ્ધાવસ્થાને કારણે નિવૃત્ત થવાથી હજૂર-સેક્રેટરી પ્રભાશંકર પટ્ટણી દીવાન થયા.

૧૯૦૨: હિંદી 'નૅશનલ કૉંગ્રેસ' અમદાવાદમાં મળી. સ્વાગત-પ્રમુખ દી. બ. અંબાલાલ સાકરલાલ ને અધિવેશન પ્રમુખ બંગાળના સિંહ (સરેન્ડરનૉટ–અણનમ–કહેવાતા) સુરેન્દ્રનાથ બૅનરજી હતા. બેઠક પ્રસંગના સ્વદેશી પ્રદર્શનનું ઉદ્‌ઘાટન વડોદરા-મહારાજા સયાજીરાવ ગાયકવાડને હાથે થયું.

૧૯૦૩: ગાંધીજી ફરી દક્ષિણ આફ્રિકા ગયા.

૧૯૦૪: ગાંધીજીએ ટ્રાન્સવાલમાં 'ઇંડિયન ઓપિનિયન' પત્ર શરૂ કર્યું. ફીનિક્સ આશ્રમમાં દરેકને એકસરખું વેતન અપાવું શરૂ થયું.

લૉર્ડ કર્ઝને બંગાળના બે ભાગ કર્યા, જેના વિરોધમાં બંગ-ભંગની ચળવળ શરૂ થઈ.

બાલ-લાલ-પાલ (મહારાષ્ટ્રના બાળ ગંગાધર તિલક, પંજાબના લાલા લજપતરાય અને બંગાળના બિપિનચંદ્ર પાલ) ત્રિપુટી પ્રમુખ નેતાઓ તરીકે લોકહૃદયમાં સ્થાન પામી.

૧૯૦૫: કેરળના ભારતખ્યાત ચિત્રકાર રાજા રવિવર્માનું ૯મી ઑક્ટોબરે અવસાન.

પૉર્ટ આર્થરનું પતન થઈ રશિયા સામે જાપાન જીત્યું. જેના પરિણામે જાપાનના જનરલ ટોગોનું નામ જગખ્યાત થયું.

પહેલી ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદમાં 'સરસ્વતીચંદ્ર'ના સર્જક સાક્ષરવર્ય ગોવર્ધનરામ ત્રિપાઠીના પ્રમુખપદે મળી. હિંદમાં દેશી ભાષાની એ પહેલી પરિષદ હતી.

'વંદેમાતરમ્'ના બોલ દેશદ્રોહી ઠરાવાયા.

ભાવનગર કૉલેજના પ્રિન્સિપલ ઊનવાળા નિવૃત્ત થતાં હાઈસ્કૂલના હેડમાસ્તર બી.એ. ઍન્ટી પ્રિન્સિપલ અને એજ્યુ. ડિરેક્ટર થયા.

૧૯૦૬: ગિજુભાઈ બધેકા વેપાર શીખવા મુંબાઈના ગોવર્ધનદાસ ભીમજીની વડગાદી પરની પેઢીમાં રહ્યા અને રામનારાયણ વિ. પાઠક પાસ થઈ ભાવનગરની જસવંતસિંહજી શિષ્યવૃત્તિ મેળવી આગળ અભ્યાસાર્થે મુંબાઈ (વિલ્સન કૉલેજમાં) ગયા.

કલકત્તામાં બૉંબનું કારખાનું પકડાયું; માણિકતલ્લા કેસ: ખુદીરામ બોઝ પર આરોપ.

આફ્રિકામાં ભારતીયો વિરુદ્ધના કાયદા સામે ગાંધીજીનો સત્યાગ્રહ; છતાં ત્યાંના ઝુલૂ-બળવા વેળા રાજ્યસત્તાને સહાય કરવા ગાંધીજીએ ભારતીયોનાં બે સેવાદળો ઊભાં કર્યાં.

૧૯૦૭: 'મોટાભાઈ' (હરગોવિંદદાસ)ના પુત્ર પોપટભાઈ-હીરાલાલ પંડ્યા મૅટ્રિક થયા.

શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ ('કાન્ત') થોડા વખત માટે શામળદાસ કૉલેજના પ્રોફેસર.

રામાનંદ ચૅટરજીએ 'મૉડર્ન રિવ્યૂ' નામનું (પાછળથી ભારતખ્યાત) માસિક શરૂ કર્યું.

સૂરતમાં મળેલી કૉંગ્રેસની તોફાની બેઠક.

દેશદ્રોહના આરોપસર લોકમાન્ય તિલકને છ વર્ષની દેશનિકાલીની સજા કરીને બ્રહ્મદેશના માંડલે શહેરની જેલમાં લઈ ગયા.

૧૯૦૮: બૉંબ-કેસમાં ખુદીરામ બોઝને ફાંસી.

ગુજરાતી સાહિત્ય પરિષદના આદ્ય સ્થાપક રણજિતરામ વાવાભાઈ મહેતા ભાવનગરમાં શ્રી પ્રભાશંકર પટ્ટણીના પ્રાઇવેટ સેક્રેટરી અને લાયબ્રેરિયન તરીકે આવ્યા.

૧૯૦૯: દક્ષિણ આફ્રિકાના ગાંધીજી ડેપ્યુટેશનમાં ઇંગ્લંડ ગયા; ટૉલ્સટૉય પર પ્રથમ પત્ર લખ્યો; 'હિંદસ્વરાજ' પુસ્તક લખ્યું.

૧૯૧૦: જોહાનિસબર્ગની પાસે ગાંધીજીએ હિંદીઓની વસાહત સ્થાપી અને સત્યાગ્રહીઓ માટે ફાળો ઉઘરાવવા ભારત આવ્યા.

ઘરકામ કરનાર એક મોટી નોકરિયાત વસ્તી હતી. બીજી કોમોમાં કોઈ મોટી હવેલીવાળાઓનાં ઘરમાં જ આખા દિવસનો ઘરનોકર હોય, બાકી બધા પ્રસંગની જરૂર પ્રમાણે કામ કરનારા રાખતા.

પણ થોડા જ દિવસમાં ભાભીએ તેને અમારા ઘરની રસોઇની પદ્ધતિ બરોબર શીખવી દીધી અને મારી અંગત તહેનાત પણ તેના પર નાખી દીધી. એમ, જુવાન જોડામાં સંપર્ક સાધવાની કળા ભાભીએ અજમાવી. મને ગરમ અને સ્વાદિષ્ટ રસોઇનો શૉખ, એટલે મેં ગૃહિણીને ડિપ્લોમા તો આપી દીધો. વળી, હું જમી લઉં એટલે મારી થાળી તે પોતા માટે બાજુએ રાખી લે. એ જમાનામાં લગભગ બધી જ સ્ત્રીઓ પતિની થાળીમાં જમે એવો સાધારણ આચાર કે રિવાજ હતો. થાળી થોડી માંજવી પડે કે બચેલા અન્નને સ્વેચ્છાથી પ્રસાદી માની લે કે એકતાનું ભાન રહે. આજના જમાનામાં તો એ રિવાજ લગભગ બંધ કે અદૃશ્ય થઈ ગયો છે.

૧૭૩ જીવનના બે પ્રવાહો

કેટલાક મિત્રો સરસ્વતીચંદ્ર કે કલાપી અથવા કાલિદાસની નાટિકાઓની રસિકતાની વાતો કરતા ત્યારે એમણે એવું ક્યાંય જોયું હશે કે નહિ એનું મને કુતૂહલ થતું. હું આશ્ચર્ય અનુભવતો, છતાં સાધારણ રીતે ચૂપ જ રહેવું પડતું; કારણ કે એ કાળે મિત્રોને મિત્રપત્નીઓ વિષે બહુ ચર્ચા કરવાની ટેવ નહોતી. કોઈક જ મિત્રે બીજા મિત્રની પત્નીને નજરે પણ જોઈ હશે. કોઈ મિત્ર બીજાને મળવા જાય ત્યારે તેનાં શ્રીમતી ત્યાં આગળ ફરકે જ નહિ. સાસુની પણ ચેતવણી હોય કે પારકા ભાયડાથી દૂર રહેવાનું. કોઇ બહુ નિકટ આવે ત્યારે સાસુ એમ કહેતાં સંભળાય કે 'ત્યારે કોઈ દિ વહુને સાથે તેડી લાવતો હો તો!' અને જો પેલાનાં માતુશ્રી આ ઘર જાણતાં હોય અને વહુ–દીકરાને સાથે મોકલે ત્યારે બે ભાભીઓને ઘરમાં જઇને મેળવે. કોઈક પ્રસંગે સર-અવસરે કે મેળાવડામાં યે વરવહુથી સાથે જવાય કે ફરાય નહિ તેમજ વડીલો–મુરબ્બીઓની સમક્ષ પાસે ઊભાં પણ રહેવાય નહિ એવી તે દિવસોમાં સમાજે ધારણ કરેલી મર્યાદા હતી, ત્યાં બધાના દેખતાં વાત કરવાનું કે બોલાવવાનું તો નામ જ કેમ લેવાય? જો વર–વહુને પરસ્પરનું કામ હોય તો નાની બહેન (કે નાના બાળક) મારફત કહેવડાવે કે 'તમારા મોટા ભાઈને (કે તારા કાકાને) અહીં બોલાવી લાવો તો!' વર કહેશે, 'તારી ભાભીને કહે કે ફલાણું આપે કે કરે.'

મેં એ બધી પરિસ્થિતિ જોઈ સમજીને મારા જીવનને બે પ્રવાહમાં વહેતું કર્યું હતું. ઘરમાં ઘરની પરિસ્થિતિને હું અનુસરતો, બહાર ત્યાંની નાની દુનિયાના પ્રકારો અપનાવતો. જાહેર સભાઓમાં જવું, મંડળોમાં જોડાવું, પુસ્તકાલયોનો લાભ લેવો અને મારી સંસ્કાર-સાધના અખંડ રાખવી એ બધું એ પ્રવાહમાં એકલો જ ખેડતો. (ચાલુ)

'પદ્મશ્રી' સમ્માનથી રાષ્ટ્રપતિએ મને પ્રજા અને રાજ્યમાં જે સ્થાન આપ્યું છે તેને કલાની પ્રતિષ્ઠા માની શિરોધાર્ય ગણું છું. જે મિત્રો અને શુભેચ્છકોએ આ પ્રસંગે પોતાનો આનંદ પ્રકટ કરતા પત્રો લખ્યા છે અને લખતા રહ્યા છે તે સર્વેને એકસાથે મારી કૃતજ્ઞતા દર્શાવી શકતો નથી, તેથી અહીં તે સર્વેનો અંતરથી આભાર માનું છું. **—ર. મ. રા.**

ભારતીય નૃત્યકળાના પુરોધા

અગ્રણી નૃત્ય-કલાકારો

સુનીલ કોઠારી

ભારતીય રંગમંચ પર ઉદયશંકરનું આગમન થતાંવેંત આપણી સમૃદ્ધ નૃત્યકળા ફરી પાંગરી ઊઠી. દક્ષિણ ભારતમાં ભરત-નાટ્યમ્ અને મલબારમાં કથકલી, ઉત્તર ભારતમાં કથક અને પૂર્વ-માં મણિપુરી—એમ ચારેય પ્રમુખ શૈલીઓનાં નૃત્યોના પુનરુત્થાનની ભૂમિકાનો આરંભ થયો.

આજથી લગભગ અર્ધી શતાબ્દી પૂર્વે ઈ. ૧૯૧૭માં રવીન્દ્રનાથ ટાગોરે મણિપુર (ઇમ્ફાલ)ની મુલાકાત લીધી ત્યારે જોએલાં મણિપુરી લાસ્ય નૃત્યે એ કવિ-કલાકારનું હૃદય જીતી લીધેલું, એટલું જ નહિ, પણ વાયુલહરીમાં મંદમંદ ડોલતા ફૂલરોપના લાલિત્યનો અનુભવ કરાવતા એ નૃત્યના નિષ્ણાતોને 'શાંતિનિકેતન'ની સ્થાપના થતાં જ નૃત્ય-શિક્ષણ માટે તેડ્યા. અને ઘરની ચાર દીવાલો વચ્ચે પુરાઈ રહેલી બંગાળની ભદ્ર-કન્યાઓનાં પાય ને પાયલ મુખરિત થઈ ઊઠ્યાં.

રવીન્દ્રનાથ જેવા જ સમર્થ કવિ વળ્ળત્તોળ નારાયણ મેનને (ચરિત્ર અંક ૨૮૨માં) મલબારનાં ભવ્ય કથકલી નૃત્યોના સમુદ્ધાર માટે કમર કસી. તેમણે પણ એ નૃત્ય-નાટ્યને જીવતદાન આપી આજે એની પ્રાણ-પ્રતિષ્ઠા કરી છે. અત્યંત જોશીલા, ભવ્ય અને નાટ્યપૂર્ણ એ કલા-સ્વરૂપને તેમણે પારખ્યું અને પ્રસ્થાપિત કર્યું. ગામડે ગામડે ફરી, એ નૃત્યના જાણકારોને એકઠા કરી, તેમજ આજીવિકા માટે વ્યવસ્થા કરાવીને 'કેરળ-કલામણ્ડલમ્'ની સ્થાપના કરી. ઉદયશંકર જેવા અગ્રણીએ પણ ત્યાં જઈ નૃત્યશિક્ષણ લીધું. રામગોપાલ, અમેરિકન કલાકાર અને ઇન્દ્રાણીરહેમાનનાં માતા રાગિણીદેવી, ગોપીનાથ, આનંદ શિવરામન્ જેવા વિશ્વવિખ્યાત કલાકારોના શિક્ષણની ભૂમિ એ સંસ્થા બની.

ઉત્તર ભારતનો 'કથક' નૃત્ય-પ્રકાર તો લખનૌમાં છેક વાજિદ અલી શાહના સમયથી ઉત્તરોત્તર વિકાસ સાધતો આવ્યો હતો; પણ સુ-વિશેષ તો બિન્દાદીન કાલકાદીન મહારાજના ભગીરથ પ્રયત્નોને પરિ-ણામે જ ખીલીને, તેમના વંશજો સ્વ. અચ્છન મહારાજ, દિલ્હીમાં નૃત્ય-શિક્ષણ આપતા શંભુ મહારાજ, મુંબઈમાં સ્થાયી થએલા લચ્છુ મહારાજ વગેરેને હાથે એ પ્રકાર જળવાયો, તેમજ માવજતપૂર્વક તેની પ્રતિષ્ઠા થઈ. કથકનો આ પ્રકાર, જે નાચનારીઓના હાથમાં પડી હીન થઈ ગયો હતો તે કલંકમુક્ત થઈ તેના શુદ્ધ સ્વરૂપમાં ગૌરવભર્યું સ્થાન પામ્યો. મૅડમ મેનકાની સેવાઓ પણ મહત્ત્વની હતી.

દક્ષિણ ભારતમાં ભારતનાટ્યમના પુનરુત્થાને તો ઇતિહાસ સર્જ્યો. પાવલોવાએ રુક્મિણી એરંડેલને નૃત્ય પ્રતિ વાળ્યાં હતાં. બીજી બાજુ શ્રી ઇ. કૃષ્ણ આયરે (ચરિત્ર અંક ૪૨૧માં) જાતે સ્ત્રીનો પોશાક ધારી એ નૃત્યના અંતર્ગત સૌંદર્યને પ્રગટ કર્યું. વૃત્તપત્રોમાં તો આ દેવદાસી-ભ્રષ્ટ નૃત્યપ્રકારના પુનરુત્થાન માટે ખૂબ હોહા થએલી, પણ તેને ટાળીને ભરતનાટ્યમને શુદ્ધ રૂપે રજૂ કરનાર કલ્યાણી ભગિનીઓ, વારાલક્ષ્મી વગેરેને તેમણે નીડરપણે રજૂ કરી, ઈ. સ. ૧૯૩૧ના જાન્યુઆરીમાં





ભારતીય નૃત્યોની કલાસમૃદ્ધિને પરખનાર રશિયન નર્તકી આના પાવલોવા અને ભારતની નૃત્યકલાને પુનઃ પલ્લવિત કરનાર ઉદયશંકર







લખનૌ ઘરાનાના કથક નૃત્યને જિવાડનાર અને વિકસાવનાર ગુરુ ઠાકુરપ્રસાદજીના નાના ભાઈ દુર્ગાપ્રસાદજીના પુત્રો (ઉપર ડાબી બાજુથી અનુક્રમે) મહારાજ બિન્દાદીન અને કાલકાપ્રસાદ. આ બંને ભાઈઓ એમના કાળના નૃત્યસમ્રાટ ગણાતા. (વચ્ચે) કાલકાપ્રસાદજીના પુત્રો દિલ્હીનિવાસી શંભુમહારાજ અને આજના ઘણાખરા અગ્રગણ્ય કથક નૃત્યકારોના ગુરુ લચ્છુ (બૈજનાથપ્રસાદજી) મહારાજ. એમના એક ભાઈ સ્વ. અચ્છન મહારાજ તો ભારે શરીર છતાં કથકમાં ભાવપ્રદર્શન, તાલ અને લય પર પ્રકાંડ સિદ્ધિ ધરાવતા હતા. એમના પુત્ર બિરજુ મહારાજ (છેલ્લા) પણ આજના એક અગ્રગણ્ય કથક નૃત્યકાર ગણાય છે.

જાહેરમાં નૃત્યો કર્યાં અને ૧૯૩૩માં તો ભરતનાટ્યમ્ નૃત્ય-પ્રકારનો સ્વીકાર થઈ ચૂક્યો. રુક્મિણીદેવી ઍરુંડેલ (અંક ૪૩૦-૩૧)ના અધ્યારના 'કલાક્ષેત્ર'ની સ્થાપના એ આ દિશામાં મહત્ત્વનું સીમાચિહ્ન બન્યું.

આમ, ચારે ય પ્રકારને જાહેરમાં સ્થાન મળવા લાગ્યું અને કલાપ્રેમી આશ્રયદાતાઓએ તેમની પ્રતિષ્ઠા કરવામાં મદદ પણ કરી; પરંતુ તેમના શાસ્ત્રીય સ્વરૂપનો સ્વીકાર તો પાછળથી થયો. તે પૂર્વે ઉદયશંકરે પૌર્વાત્ય (ઑરીઍન્ટલ) પદ્ધતિએ નૃત્યો રજૂ કર્યાં. અલબત્ત, તેઓ કથકલી નૃત્યશૈલીનો અભ્યાસ કરી ચૂક્યા હતા અને પોતાની નૃત્ય-નાટિકાઓ (બૅલે)માં તેનો વિનિયોગ પણ કરતા હતા, તથાપિ તેના શુદ્ધ શાસ્ત્રીય સ્વરૂપે સમાજમાં તે રજૂ થતું નહિ.

આજે તો હવે આ નૃત્ય-પ્રકારો ઉપરાંત પ્રાદેશિક નૃત્ય-પ્રકારોમાં આંધ્રના 'કુચીપુડી' અને ઓરિસ્સાના 'ઓરિસ્સી' નૃત્ય-પ્રકારનો પણ શાસ્ત્રીય ધોરણે સ્વીકાર થઈ ચૂક્યો છે, ને કર્ણાટકનું 'યક્ષગાન', સરાઈકેલા (બિહાર)નું 'છાઉ' વગેરે પ્રકારો પણ પ્રકાશમાં આવ્યા છે, એટલું જ નહિ પણ સ્વાતંત્ર્ય બાદ નવી દિલ્હીમાં ઉજવાતા લોકનૃત્ય-સમારોહમાં પ્રાદેશિક લોકનૃત્યોને પણ લોકો ઊલટભેર વધાવી રહ્યા છે.

હવે દેશભરમાં આ કલાપ્રકાર પરત્વે જે જાગૃતિ જોવા મળે છે તે આશાસ્પદ છે, છતાં શાસ્ત્રીય નૃત્યની સમજ લોકોમાં વધી હોય એવું માનવાને કારણ નથી. શાસ્ત્રીય સંગીતનો એક મોટો શ્રોતાસમુદાય અસ્તિત્વ ધરાવે છે ખરો, પણ શાસ્ત્રીય નૃત્યોનો ચાહકવર્ગ તેની તુલનામાં હજી ઘણો નાનો છે, ત્યાં તે તે પ્રકારનાં નૃત્યોની સમજ તો અતિ અલ્પ પ્રેક્ષકો ધરાવતા હોય એમાં નવાઈ નથી. અમુક પ્રાદેશિક પ્રેક્ષક વર્ગને બાદ કરતાં ભરતનાટ્યમ્ જેવો નૃત્ય-પ્રકાર પણ માત્ર એક પ્રથાને કારણે, ફૅશન દાખલ જ સમારંભોમાં રજૂ થાય છે. આ પરિસ્થિતિનાં અનેક કારણો છે, છતાં હકીકતરૂપે આ ઘટના સ્વીકારવી જ રહી.

ઉપર્યુક્ત નૃત્ય-પ્રકારોમાં 'ભરતનાટ્યમ્' સૌથી પ્રાચીન નૃત્ય-પ્રકાર છે. હવે પછીના લેખોમાં તેનાં ઐતિહાસિક, શાસ્ત્રીય તેમજ અન્ય પાસાંઓનો ક્રમબદ્ધ વિચાર કરીશું. **(ક્રમશઃ)**





ભરતનાટ્યમને ઉપેક્ષિત મૃતપ્રાય દશામાંથી ઉગારી લેવા જાતે એ કળા શીખી સ્ટેજ પર રજૂ થઈ એને માનભર્યું સ્થાન અપાવનાર ઈ. કૃષ્ણઐયર અને બીજા પુરોધા રુક્મિણી ઍરુંડેલ

મૂળ લેખક: વિમળ મિત્ર ★ અનુવાદક: ચન્દ્રકાન્ત મહેતા

રાંગા માસીમા

સવારના પહોરમાં જ સરિતનો ફોન આવ્યો. મેં પૂછ્યું: 'અરે સરિત?! ક્યારે આવ્યો?' તેણે કહ્યું: 'માની તબિયત ઘણી બગડી છે. જલદી અહીં આવો. અત્યારે વાતક રવાનો વખત નથી.'

'કેમ, શું છે? એકાએક તબિયત કેમ બગડી?'

'સવારથી જ મા ઘણી બેચેન છે. કાંઈ ખાતી-પીતી નથી. ફક્ત બબડ્યા કરે છે. તમે તાબડતોબ આવો. હું ફોન મૂકી દઉં છું'.

સરિતે ટેલિફોન મૂકી દીધો. હું જલદીજલદી તૈયાર થઈ ગયો.

રાંગા માસીમા મારી માની સૌથી નાની બહેન હતી. હું તો એમના લગ્નમાં પણ મામાને ત્યાં ગએલો. બહુ મોટા એન્જિનિયર જોડે લગ્ન થયેલાં. માસાજી એન્જિનિયર હોવાં છતાં ઘણા રસિક પુરુષ હતા.

મને કહેતા 'કેમ રે કવિ! કાવ્યલેખન કેમ ચાલે છે?' માસાજી માનતા હતા કે હું હું છાનોછપનો કવિતા લખું છું.

રાંગા માસીમા પૂછતાં: 'એને તમે કવિ શા માટે કહો છો? એ શું કવિતા લખે છે?

'કવિતા લખે એ જ કાંઈ કવિ થોડો કહેવાય? એ કવિતા ન લખે છતાં કવિ છે. જોતી નથી એની એ આંખમાં કેવાં સ્વપ્ન ભર્યાં છે તે?'

ત્યારે સરિતનો જન્મ થયો નહોતો. રાંગા માસીમાનો એ એકનો એક દીકરો હતો. એના જન્મ પછી માસાજી ઘરમાં જ ભરાઈ બેઠા. રાત-દિવસ એમનું ચિત્ત દીકરામાં જ રહેતું. જ્યારે પણ જાઉં ત્યારે બન્ને દીકરામાં જ મગ્ન હોય.

માસાજી કહેતા: 'હું સરિતને ડૉક્ટર બનાવીશ.' માસીમા કહેતાં: ના, મારે એને એન્જિનિયર જ બનાવવો છે.'

માસાજી કહેતા: 'છીઃ છીઃ એન્જિનિયરિંગ લાઇનમાં કશું બળ્યું નથી. પણ જો ડૉક્ટર થાય તો કેટલી બધી પ્રતિષ્ઠા મળે! પારકાની નોકરી કરવાની નહિ, પોતાના પગ પર જ ઊભા રહેવાનું.'

આખરે, બંને જાણ મને લવાદ નીમતાં-જાણે મારા કહ્યા પ્રમાણે એ લોકો છોકરાના ભવિષ્યનો કાર્યક્રમ યોજવાનાં ન હોય! ને આ વાતો થતી ત્યારે છોકરો ફક્ત બે વર્ષનો જ હતો! છોકરો જીવે, મોટો થાય, કઈ લાઇન લેવી તેની પસંદગીનો સમય આવે ત્યારની વાતો! પણ એકનો એક છોકરો હોય ને જે બને તેવું જ અહીં પણ બન્યું.'

માસાજી કહેતા: 'કલકત્તામાં સારામાં સારી નિશાળ કઈ?' કઈ નિશાળમાં મૂકવાથી એ હિંદનો શ્રેષ્ઠ બાળક બને તેની ચિંતા માસાજી તથા માસીમાને આખો વખત રહ્યા કરતી. પોતાના દીકરાને મહાન બનાવવાની કોશિશ તો કોણ નથી કરતું? પણ આ રીતે છોકરાની ચિંતા કરી-કરીને મગજ ખરાબ કરવાની વૃત્તિ તો ક્યાંક જ નજરે પડે.

આખરે, છોકરો સિનિયર કેમ્બ્રિજની પરીક્ષામાં પાસ થયો. મને ખબર છે કે એને માટે માસાજીએ પાંચ શિક્ષક રોક્યા હતા. દરેકને મહિને સિત્તેર-પંચોતેર રૂપિયા પગાર આપતા. કોઈ સવારે આવતો, તો કોઈ બપોરે; કોઈ સાંજે, તો કોઈ રજાને દિવસે. એ ઉપરાંત, શારીરિક તાલીમ માટે પણ શિક્ષક આવતો. એનો પગાર પણ મોટો હતો.

સિનિયર કેમ્બ્રિજ પાસ કરી કે માસાજીએ એને અમેરિકા મોકલવાની ખટપટ કરવા માંડી. આપણી શિક્ષણપદ્ધતિ વિષે માસાજીને ક્યારે ય આસ્થા હતી જ નહિ. એ કહેતા: 'અહીં શિક્ષણપદ્ધતિ જ એવી છે કે છોકરાનું આખું માનસ જ બગડી જાય.'

પરંતુ, એમનું એકાએક મૃત્યુ થવાથી એ વર્ષે તો સરિતને અમેરિકા જવાનું બન્યું નહિ. એ બીજે વર્ષે ગયો. રાંગા માસીમાને પૈસાનો તો અભાવ હતો નહિ. એક દિવસ રાંગા માસીમાની ચરણરજ લઈને સરિત વિમાનમાં બેઠો. આ તો ઘણાં વર્ષો પહેલાંની વાત.

પણ માસીમાનું મનોબળ અદ્ભુત હતું. એકના એક છોકરાને વિદેશ મોકલીને એ શી રીતે કલકત્તામાં દિવસો વીતાવતાં તે મેં નજરોનજર જોયું છે. હડતાલો આવી, કોમી રમખાણો થયાં, ને બીજું કેટલું ય માથે વીત્યું, જેનો કોઈ હિસાબ નથી. એક વાર તો મરણ પથારીએ પડેલાં, તો યે છોકરાને ખબર ન આપી. એ કહેતાં: 'ના, તમે છોકરાને ખબર ન મોકલતા. એના ભણતરમાં વિક્ષેપ પડે.'

એ એવું તે શું ભણતો હતો? માસીમાએ છોકરો ઇજનેર થાય એવું ઇજનેરીનું શિક્ષણ લેવા મોકલ્યો હતો. એમને ડિગ્રીની જરૂર હતી. એમને હતું કે બીજા દસ છોકરાઓમાં દીપી નીકળે એવો બનીને એ અહીં આવે, ને પોતે છાતી ફુલાવીને બધાંને કહી શકે: 'જુઓ, મારો દીકરો તમારા બધાંના છોકરાઓ કરતાં મોટો બનીને આવ્યો કે નહિ?'

વચ્ચેવચ્ચે માસીમા રસ્તે મળતાં ત્યારે પોતાની મોટર ઊભી રાખતાં. હું પૂછતો: 'સરિત કેમ છે? એના કાગળબાગળ આવે છે કે?' ઉત્તર મળતો: 'સરિત એક પછી એક ડિગ્રીઓ ભેગી કરતો જાય છે અને આખરે એ અહીં મોટો ઇજનેર બનીને આવશે.'

જે હોય તે. પણ આટલા દિવસે જ્યારે સરિત ભણીગણીને પાછો આવ્યો ત્યારે, બરોબર એ જ સમયે માસીમા માંદાં પડ્યાં.

માસીમાને ઘેર જઈને જોઉં છું તો ઘરની સામે જ ડૉક્ટરની મોટર ઊભી હતી. સરિત મળતાં જ મેં પૂછ્યું: 'શું થયું છે માસીમાને?' મેં જોયું તો સરિતનું શરીર બહુ સારું હતું: લાલ ટમેટા જેવો થયો હતો.

એણે કહ્યું: 'કાલે બપોરે મેં ઇન્ડિયામાં લૅન્ડ કર્યું. દમદમ એરપૉર્ટ પર મા મને લેવા આવી હતી ત્યારે તો સાજીસમી હતી. માંદગીનાં કાંઈ ચિહ્ન દેખાયાં નહિ. બહુ સ્વાભાવિક રીતે વાતચીત કરી, ઘેર આવીને અમે સાથે ચા પીધી.

રાતે એમણે મને પૂછ્યું કે હું કઈકઈ ડિગ્રી લઈને આવ્યો હતો. ત્યારે મને લાગ્યું કે મા ઢંગઢડા વગરનું કૈંક બોલે છે. આખી રાત ન મા ઊંઘી, ન હું ઊંઘ્યો. સવારના ડૉક્ટર ચૅટરજીને બોલાવી લાવ્યો. એમણે કહ્યું, 'એ કેઇસ ઑવ ઇનસૅનિટી: ગાંડપણનાં સિમ્પટમ જણાય છે. હવે જો પ્રૉપર ટ્રીટમેંટ કરવામાં આવે તો મટે પણ ખરું. અર્લી સ્ટેઇજ ખરી ને?'

મેં પૂછ્યું: 'તો તું કઈકઈ ડિગ્રી લઈ આવ્યો?'

'ડિગ્રી તો એ લોકો આપતા નથી; ફક્ત ડિપ્લોમા આપે છે.'

'કેમ? અમેરિકામાં એન્જિનિયરિંગની ડિગ્રી નથી આપતા?'

'એન્જિનિયરિંગ તો નહિ. એન્જિનિયરિંગ મને સૂટ ન થયું, એટલે હું ડાન્સિગ શીખી આવ્યો.'

'ડાન્સિગ?!'

'હા ડાન્સિગ. ડાન્સિગના તેર ડિપ્લોમા લઈ આવ્યો છું. એનો બહુ ડિફિકલ્ટ કોર્સ છે નાચી-નાચીને હું તો હેરાન-હેરાન થઈ ગયો.'

રંગગડરિયાં · ૫૪

આખલા-યુદ્ધ

ચન્દ્રવદન મહેતા


ઘણાંને મનમાં થતું હશે કે ભાઈસાહેબ અસ્પાનિયામાં આટલું ફર્યા. ગ્રીક-રોમનથી માંડી ભાષાના વિકાસ અને નાટકકાર-નાટકશાળા વિષે વાતો કરી, પણ સ્પેનનાં ઘણાં શહેરોમાં પ્રચલિત એવી આખલાની સાઠમારી વિષે કંઈ ન જાણ્યું?

જાણ્યું યે ખરું ને એ જોઈ પણ ખરી. મારા સાહેબ! પણ કેટલાક-ને એ વર્ણન કદાચ નહિ ગમે એ અંદેશાથી મનમાં જરા આનાકાની થતી હતી. ભારોભાર હિંસા! નિર્દયતાની અવધિ એમાં! અને નૈતિક દૃષ્ટિએ, ધર્મની સમજે એ ઘટિત છે કે કેમ એની ચર્ચા પણ ઊપડશે. જમાનાથી એની ચર્ચા ચાલે જ છે. ખુદ સ્પેનમાં ચર્ચા થાય છે, મેક્સિકો-માં, ચીલીમાં હજી ચર્ચા ચાલુ છે; સાથે એ 'બુલ-ફાઇટ' પણ ચાલુ જ છે!

આપણે આ રમતમાંની હિંસા-અહિંસાની ચર્ચામાં અહીં નહિ પડીએ. બે વખત એ લડાઈ જોવાનો પ્રસંગ મળ્યો. એક વાર માડ્રિડ-માં અને બીજી વાર વૅલેન્શિયામાં. માડ્રિડમાં તો અમારો ચીનો દોસ્ત અને સાથે બેસનારો ગોંગોરા, ઉપરાંત શીરીન, અને ગોંગોરા હોટેલ-ની બે-ત્રણ પોટ્ટી પકડી લાવેલો તે, એમ અમારો છનો રસાલો 'પ્લાઝા ડ ટોરોરો' તરફ ઊપડ્યો. ભોંયરા-ગાડી 'ગોયા' સ્ટેશન થઈ જતી હતી. અમે 'ગોયા' આગળ ઊતરી વહેલા હોવાથી ચાલતાં જ 'ટોરોરો' પહોંચી ગયાં. 'પ્લાઝા' એટલે તો 'પ્લેસ', જગ્યા; પણ આ ટોરોરો તે શું? તો નીકળી મેષ પછીની બીજી રાશિ વૃષભ; અંગ્રેજીમાં ટોરસ, તે અહીં જોડણીમાં ટીઓઆરઓ, તેથી ગૂંચવાડો! વૃષભ તે જ આખલો, તે જ બુલ. એને મારવાની જગ્યા. 'મારવાની' કેમ કે મોટે ભાગે, સોમાં નહિ હજારમાં નવ સો નવ્વાણું વખત, એ જ બિચારો મરે. કહે છે, અસલ એવું નહોતું. રોમન બાદશાહો સિંહની સામે માણસને પણ મરવા મૂકી દેતા. ત્યાં પણ માણસ સશક્ત, બહાદુર અને સ્વસ્થ હોય, તો તે સિંહને હરાવી કે મારી પણ નાખતો.

ટિકિટો લઈ ને અમે અંદર જઈ બે મજલાના ગોળ કિલ્લા જેવા એક મકાનમાં જઈ બઠા અને ચારે કોર નજર કરું છું તો ત્યાં સારા પ્રમાણમાં પરદેશીઓ જણાયા. ખભે કૅમેરા તો ખરા જ; હાથમાં બાઇનૉક્યુલર પણ તૈયાર; અને કેટલાક પાસે તો નાનો મૂવી કૅમેરા પણ હાજર. સામાન્ય રીતે એક સાંજના છ જંગ ખેલાય. બહુ જૂની પ્રથા. રોમનોએ નાટકશાળાઓ બાંધી એની સાથે આવી સાઠમારીઓ જમાવવા કૉરિડોરો, ઍરિનાઓ પણ બંધાવ્યાં હતાં. આજે ક્રિકેટ–ટેનિસ–ફૂટબૉલ માટે ખાસ ચોગાનો રખાય, અને જોનારાંઓ માટે ઘટતી જગ્યાઓ બંધાય, એમ બુલ ફાઇટ માટે પણ ફરતા માળવાળા ગોળ કિલ્લાઓ ઘણાં શહેરોમાં જૂની તેમજ નવી બાંધણીના જોયા.

કહે છે કે ઈ. ૧૦૪૩માં રૉડ્રિગો ડિયાઝ ડ વિવારે આખલા સામે માણસને ભાલો લઈ લડવા ઉતારેલો. ભાલો ભોંકીને એને મારે અને વિક્રમ સિદ્ધ કરે. ત્યારથી આખલાઓની ઓલાદને ધીમેધીમે સુધારવામાં આવી, ને ૧૭૦૦ની સાલ પછી તો એની ઓલાદ વધારવાનો અને આવા જંગો માટે આખલા તૈયાર કરવાનો એક પદ્ધતિસરનો ધંધો જ થઈ ગયો. થાય જ ને? સ્પેનનાં લગભગ પાંચ છ શહેરોમાં સરેરાશ ત્રણ-ચાર મહિના આવા જંગ ખેલાય, અઠવાડિયે એક વાર ગણીએ તો પંદર-બાર અઠવાડિયાં ચાલે; ને દર વખત છ-છ આખલાનો ઘાણ નીકળે, એટલે દર સાલ લગભગ ચાર સો-પાંચ સો આખલા તો



તૈયાર રાખવા જ પડે. એ માટે એમના ખાસ વાડા; ત્યાં એમને માફકસરનો ખોરા; અને દોડાવી પચાવી તગડા-જાલિમ-ઝનૂની બનાવ્યા જ કરવાના એ ધંધો. પછી તો જેમ રેઇસના ઘોડાની ઓલાદ સુધારવાનું તેમજ એની ખાતર-બરદાસ્ત માટેનું શાસ્ત્ર રચાયું એમ આખલાઓ માટે પણ ઝીણવટભર્યો અભ્યાસ શરૂ થયો અને જાત-જાતની હકીકત એકઠી કરી. એના શરીરનું બંધારણ, એના સ્વભાવની ખાસિયતો, એને પસંદ–નાપસંદ ખોરાકો, એનાં દર્દો, એના ઉપાયો, એવી પાર વિનાની વાતોમાં એક વાત એ સાંપડી કે આખલાની યાદશક્તિ કંઈ જેવી-તેવી નથી હોતી, ભારેની વિકાસ પામેલી હોય છે. એટલે આપણે ધારીએ છીએ એટલો એ બુદ્ધુ તો નથી જ.

શીરીને લાલ ચટક સાડી પહેરી હતી. વળી, સાડીમાં અહીં એ એકલી જ સન્નારી. બધાંનું ધ્યાન એકાદ વાર તો એની ઉપર ગયું જ હતું, પણ ત્યાંના વહીવટદારનું પણ ધ્યાન એની ઉપર ગયું અને તરત એ એની પાસે આવ્યો અને ભાંગી-તૂટી અંગ્રેજીમાં એ બોલ્યો: 'સિનોરિટા, તમે અહીં નહિ બેસી શકો.' ઓજ્જા! અમે બાંય ચડાવીએ છીએ એટલામાં તો અમારા ગોંગોરાની બહેનપણીઓ અસ્પાનિયામાં છણકી ઊઠી! 'પોરક્વે' કરીને એમણે પૂછતાં જ પેલા સાહેબે હસીને અંગ્રેજીમાં કહ્યું: 'આવી રાજકુંવરી જેવી દેખાવડી સન્નારી અહીં આટલી પાછળ બેસે એમાં અમારી શોભા શી? એણે તો આગલી હારમાં જ આવવું જોઈએ. આ રંગ જોઈને બુલ પણ ખુશ થશે!' અરે વાહ! શીરીનમાં અસલ ઈરાની ખાનદાનનું લોહી ખરું, અને પેલો અસ્પાનિયા કહે તેમ રાજકુંવરી યે ખરી; પણ એનો તો આ છનો રસાલો છે, તે એકલી ત્યાં ન આવે, એટલે એ જ્યાં છે તે જ ઠીક છે. પેલો પણ મારો વહાલો ભારેનો દુલ્લો, તે આગળ જઈ, કોઈને આમ તો કોઈને તેમ, ત્યાં ને ત્યાં એટલામાં જ વગે-સગે કરી છ યે જણાની જગ્યા કરાવી, ત્યાંથી જ નમી-નમીને નોતરતો ઊભો; અને અમારાં શીરીનબાઈ જ્યારે જવા ઊભાં થયાં, અને અમે એના પાછળ ઘસડાયા ત્યારે વળી બાકી હતું તે આસપાસનાંએ તાળીઓ પાડી, અને એકબે જણાએ ખરરરર કરી મૂકીએ! ચ૩ વી તે જુદી. ટૂંકમાં, વાતાવરણ રંગીલું; જરા ગમ્મત, રમત ને સીંગચણા પણ ચાલે; હાહા-ઠીઠી તો ખરાં જ.

અમારું નાટક ઠામે પડ્યું કે થોડી વારમાં રણશીંગું ફૂંકાયું, પડઘમ વાજાં વાગ્યાં અને બખ્તર સજેલા ઘોડેસવાર હાથમાં ભાલો લઈ દાખલ થયા. એ જ એક માર્ગ, જરા અંધારિયો, ટનલ જેવો. એમાંથી આ મહાનુભાવો પ્રવેશ કરે. એ ઉપરાંત, ગોળાકારમાં ચાર ભાગે વહેંચાઈ

ચાર પુન્ટિલેરો આવીને ઊભા રહે. એમના હાથમાં કાં તો ડાંગ, નહિ તો છરો; અને ઘોડેસવાર, એટલે કે પિકાડોર, એમના હાથમાં ભાલો. સલામી થઈ ગયા બાદ પેલા ગુફા જેવા રસ્તામાંથી, કહે છે કે અંધારામાં ગોંધી રાખેલા, માતેલા બનાવેલા સાંઢને દાખલ કરે. એને પેલા ચાર બાજુના અનુચરો આમથી તેમ દોડાવે. ઘોડેસવાર એને પજવે. કદીક પાછો ચાલ્યો જવા આખલો અંધારિયા રસ્તા તરફ દોડે. પણ ત્યાં દરવાજા બંધ જોઈ એ ઉશ્કેરાય. એને ઘોડેસવાર ખદડાવીને વધુ ઉશ્કેરે, અને પરિણામે એકાદ વાર એ ઘોડેસવાર તરફ ધસે પણ કે એના શરીરમાં ભાલો ભોંકાતો છતાં, ક્વચિત્ ઘોડાને ભીંત સરસો એવો તો ભીંસે કે ઘોડાનાં પાંસળાંનો તો પાપડિયા ભુક્કો થઈ જાય, અને ઘોડસવાર બહાદુર ભીંતની ઉપરથી પ્રેક્ષકોના ખોળામાં ગબડી પણ પડે! અલબત્ત, ઘણી વાર ઘોડાને બચાવવા બનતું કરે.

આમ, વીસ-ત્રીસ મિનિટ સુધી આવી ખીદરડીએ ખવડાવ્યા પછી આખલો પ્રમાણમાં થાક્યો હોય, થોડા-ઘણા ભાલા ભચકાયા હોય ત્યારે પાછાં રણશીંગડાં વાગે ને પેલા અંધારિયા રસ્તામાંથી વાજતે-ગાજતે, રોનકદાર ઝીકટીકીનાં ભરેલાં બંધબેસતાં કપડાં શરીર ઉપર પહેરી ટોરેરો ઇસાક બેગ, યા યુસૂફ બે, કે પ્રેરેઝ અલ્વારિઝ પ્રેક્ષકોને નમીનમીને સલામો કરતો પધારે. એને પેલા અનુચરોમાંથી એક લાલ કપડું અને તલવારનું અડધિયું યા સીધું ભોંકવા કામ લાગે એવું ખંજરિયું હાથમાં પકડાવે; અને એ બહાદુર, હાથમાંનો લાલ ચટક કકડો સાંઢ સામે ધરી, એને ઉશ્કેરી, એને શીંગડું ભેરવવા આહ્વાન કરે.

એ હુમલો કરે, એ શીંગડું મારવા આવે ત્યારે એ જ લાલ કકડો, એ બહાદરિયે ચાલાકીથી અને ચપળતાથી એની આંખ સામે ધરી પોતે ખસી જઈ સાંઢનો દાવ ચુકાવ્યો જાય. આ રમત, આ ગમ્મત, આ સિફ્ત, આ સાઢમારી, આ લડાઈ. એમાં ક્યાંક એ સાંઢના સીધા દાવમાં આવી ગયો હોય અને એમાંથી એ છટક્યો હોય, તો આખો પ્રેક્ષક-ગણ એને તાળીઓથી વધાવે. આવો મામલો પણ ઠીક-ઠીક વખત ચાલે. એ દરમિયાન આપણા મૅટૅડૉર, એટલે કે ટોરેરો, એટલે કે આખલાની સામે બાથ ભીડનાર ધયાદારી, જમણા હાથમાંનું ખંજર, જેવો સાંઢ શીંગડું ભેરવવા નીચે વળે કે એના ખભાની હડ્ડી અને ગળાની પાંસળી વચ્ચેના નાનકડા ગાળામાં ખોસવા પ્રયત્ન કરે. એમાં બરાબર ખંજર ન ખૂંપે તો જેટલું ગળામાં ખૂંપ્યું હોય એટલું ખૂંપેલું રહેવા દઈ બીજું ખંજર લે. એમ કેટલીક વાર તો આખલાના ગળામાં ત્રણ-ચાર ખંજરો ખૂંપેલાં ઝૂલ્યા કરે; ત્યાંથી જમીન ઉપર લોહી ટપક્યા કરે; એ થાકેલો તો હોય જ, અને હવે ધીમે ધીમે એનામાં નબળાઈ આવવા માડે; કંટાળીને હલ્લો કરવાનું છોડી બિચારો મેદાનની વચ્ચે માંડમાંડ શ્વાસ ખાતો ઊભો રહે; ત્યાં આપણા મૅટૅડૉર સાહેબ હવે એને ખૂબ જ ખીજવે; અને પેલો આખરનો હલ્લો કરવા આવે ત્યારે વળી એક વધુ ખજર ખૂપાવી દે; અને લથડિયાં ખાતો આખલો ભોંય પડે, મરે. બરાબર સોંસરો ઘા ગયો હોય તો તરત મરે; નહિ તો એ ભોંય પડ્યાને ગળાની ધોરી નસ ઉપર બીજો ઘા કરી મારી નાખવામાં આવે; અને તાળીઓના ગડગડાટને વીર નમી સલામો ઝીલે. દરમિયાન પેલા અંધારિયા રસ્તાનો દરવાજો ખૂલે, ને એમાંથી એક-બે ઘોડે જોડાએલો રોમનોના સમયમાં વપરાતા હશે એવા ઘાટઘૂટનો 'ચૂલોસ' એટલે કે રથ નીકળી આવે, અને પેલા આખલાનું મુરદું દોરી વડે બાંધે, ને એમ બાંધ્યા બાદ મુડદાને આખા ચક્રમાં ગોળગોળ ઘસડી, તાળીઓના ગગડાટ સ્વીકારી આવેલો તે જ દરવાજેથી અંદર દાખલ થઈ લઈ જાય.

પછી લોહીવાળી જમીન જરા સાફસૂફ થાય, એટલે કે લોહિયાળ ધૂળને આમ-તેમ ફેરવી નખાય. કે થોડી વાર રહી ફરી રણશીંગડું વાગે, ને એ જ ઘોડેસવારો—પિકાડોર, પુન્ટિલેરો અને મૅટૅડૉર અને નવો સાંઢ; એ જ નાટક પાછું રજૂ થાય.

શાસ્ત્ર એમ કહે છે કે ખભા અને ગળાની વચમાંની ધોરી નસ ઉપર ખંજર એ રીતે ખુપાવું જોઈએ કે સાંઢ તત્ક્ષણ મૃત્યુશરણ થવો જોઈએ, એટલું જ નહિ, પણ લોહીનું એક પણ ટીપું ભોંય ન પડવું જોઈએ! તો બહાદુરી! અને એવી ફતેહ પ્રાપ્ત કરવામાં આવે તો એ મરેલા આખલાનો કાન મરનારને ઇનામમાં મળે! બહુ ચપળતાથી, સિફતથી બરાબર નેમ સાધી હોય, અને ભારેના બહાદુરી બતાવી હોય તો એના બંને કાન ઇનામમાં મળે! પ્રખ્યાત મૅટૅડૉરોને આ ઉપરાંત ઇનામો મળે તે જુદાં. વર્ષભરમાં ત્રણથી ચાર લાખ પાઉન્ડ એકે ઝાટકે ઇનામમાં લેનારા મૅટૅડૉરો હજી હયાત છે. જેવો સાંઢમારુ, એની કીર્તિ એની ઢબછબ ઉપર, દરેકની પોતપોતાની 'ટૅકનિક'. એ જે હો તે, અમે જોઈ તે બુલફાઇટમાં મારનારાની તરફેણમાં નવ્વાણું ટકા, બિચારા બુલની તરફેણમાં એક ટકો. એમાં માનવીની ખેલદિલી જરા વખાણવા જેવી યે નહિ જ. હિંસા–અહિંસાનો પ્રશ્ન બાજુએ રાખીએ, તોપણ માણસ બધી રીતે સજ્જ અને સુરક્ષિત રહીને બુલને મારે છે! મોટા ભાગની બુલફાઇટ આ જાતની જ યોજાય છે.

પણ દસ વર્ષમાં ન થએલી અને ન યોજાએલી એવી બુલફાઇટ જોવાનો અવસર પણ અમને મળ્યો તે ૩૦મી જુલાઇએ વૅલેન્શિયામાં. લૂઈ મિગુલ ડૉમિંગ્વિન અને આર્ડોનિઝ, બે જગમશહૂર મૅટૅડૉર. બંનેમાં કોણ ચડે એની હોંસાતોંસી દસ વર્ષથી ચાલ્યા કરતી. એનો નિવેડો તે દિવસે આવ્યો. ઍન્ટોનિયો આર્ડોનિઝના જિગરજાન દોસ્ત તે હેમિંગ્વે. એ પણ આ મુકાબલામાં અમેરિકાથી ઊડી આવીને હાજર. કુલ્લે છ આખલા વીંધવાના, એક પછી એક એમ વારા ફરતા. એમાં પહેલો વીંધ્યો ડૉમિંગ્વિને. આખલાને રમાડ્યો સિફતથી, પણ વીંધવામાં નિશાન બરાબર નહિ. પછી ઍન્ટોનિયો આર્ડોનિઝે હાથ અજમાવ્યો, અને એણે ભારે તકેદારી અને કૌશલથી કામ પતાવ્યું. એને તો એક કાન પણ ઇનામમાં મળ્યો. આ મુકાબલામાં આખલો અને મૅટૅડૉર બે એકલા જ. વચગાળે કશી બનાવટ નહિ. બંને હરીફોએ મેદાનમાં લડી લેવાનું. એ જોતાં ખેલદિલી ખરી. અને ત્રીજા રાઉન્ડમાં પાંચમા આખલાને ડૉમિંગ્વિન વીંધવા જાય છે ત્યાં પવનના સુસવાટાથી એના હાથમાંનો લાલ ટુકડો ફડફડ્યો. બુલને એમાં કંઈ લાગ મળી ગયો તે શીંગડું ભરાવી મહારથીને એવો તો પટક્યો કે પાંસળાં તૂટી ગયાં! તરત જ ઍન્ટોનિયો ત્યાં કૂદી પડ્યો, અને એણે આખલાને પોતાના ખંજરથી ઠાર કર્યો. મિગુલ ડૉમિંગ્વિનને હૉસ્પિટલમાં લઈ ગયા. એ ઉપરાંત, આર્ડોનિઝે છઠ્ઠો આખલો પણ એકલે હાથે ઠાર કર્યો, અને સ્પેનના સૌથી શ્રેષ્ઠ મૅટૅડૉરનું બિરુદ પ્રાપ્ત કર્યું. ત્યારે અર્નેસ્ટ હેમિંગ્વે ઊભા થઈને ઉમળકાભેર તાળીઓ પાડતા હતા. ડૉમિંગ્વિન અને આર્ડોનિઝ હરીફો તો ખરા, પણ સગપણે સાળા-બનેવી પણ સાચા. બનેવીનું બિરુદ તે દિવસે સાળાએ પડાવી લીધું. ફરી એવો મુકાબલો દાયકા સુધી જોવા કદાચ નહિ મળે.

સ્પેનમાંથી ડૉન કિહોટેની, મિત્રોના, વિદ્વાનોના શી રીતે વિદાય લીધી એ અંગત બાબતમાં આપને રસ નહિ પડે એમ માની જવા દઈએ. તોપણ ઊડવાનું દોઢે, એટલે સવારે દોઢ-બે કલાક અરપાનિયાના ચોકમાં બેઠેલી સર્વાન્ટિસના સ્મારક-થંભ પાસે એના પૂતળાંને તથા એની આગળ ઘોડેસવાર ઊભેલા ડૉન કિહોટે તથા કારભારીરત્ન સાંકો પાન્ઝાને વારંવાર સલામો ભર્યા કરી. જતી વખતે પણ જોવાય ત્યાં સુધી એમને જોઈ લેવામાં બાકી રાખી નહિ. (ચાલુ)

વનસ્પત્યાહાર

જાણો છો? ભાત સાથે દાળ અને કઠોળ સાથે ઘી કે તેલ જરૂરી છે જ; દૂધની અવેજીમાં પાંદડાંવાળી ભાજી ને કાચાં શાક ચાલે; મેથીની ભાજી, દૂધી ને કૉબેજનાં ઢેબરાં, મૂઠિયાં કે ભજિયાં પોષણદાયી છે; રોજિંદા આહારમાં મગફળી પણ જરૂરી છે.

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આહારની દૃષ્ટિએ કેટલાંક પ્રાણીઓ માંસ-ભક્ષક તો બીજાં વનસ્પતિજીવી છે. પણ તેઓ એકથી બીજા ખોરાક તરફ વળતાં નથી એ એમની વિશિષ્ટતા છે; જ્યારે માનવ તો બન્ને પ્રકારના ખોરાક ખાતો હોવાથી તે સર્વભક્ષી છે. માનવોમાં ધ્રુવપ્રદેશના એસ્કિમો અને આફ્રિકાના મસાઈઓ માત્ર માંસભક્ષી છે; પશ્ચિમના દેશો અનાજ સાથે વધારેપડતા માંસાહારનું વલણ ધરાવે છે; જ્યારે ભારતનો રાષ્ટ્રીય આહાર ઘણા જૂના સમયથી વનસ્પતિનો જ રહ્યો છે. આ ખોરાક માટે ધર્મનો પણ આદેશ છે અને રૂઢિ-રિવાજની પણ એના ઉપર મહોર વાગેલી છે. આજે પણ ખાવા અર્થે થતી પ્રાણીઓની હિંસા માટે ઘણા ભારતવાસીઓ વિરોધ અને ઘૃણા દાખવે છે.

વનસ્પતિજ ખોરાકનું વિશિષ્ટ લક્ષણ કાર્બોહાઇડ્રેટના પુષ્કળ પ્રમાણનું છે, તો પ્રાણિજ ખોરાકમાં પ્રોટીન અને ચરબીની વિપુલતાની વિશિષ્ટતા છે. પણ આનો અર્થ એવો નથી કે વનસ્પતિજ ખોરાકોમાં માત્ર કાર્બોહાઇડ્રેટ જ છે. એમાં ચરબી અને પ્રોટીન પણ છે. વળી શિંબી ધાન્યો પ્રોટીનથી ઘણાં સમૃદ્ધ છે, તો કવચવાળા ફળોમાં ચરબીની સમૃદ્ધિ છે.

વનસ્પતિજ ખોરાકોમાં કાર્બોહાઇડ્રેટ સ્ટાર્ચ અને શર્કરાના રૂપમાં છે. સ્ટાર્ચ ખાસ કરીને શૂકધાન્ય, કઠોળ, બટાટા અને બીજાં કંદમાં રહેલું છે. ન વપરાય એવું વધારાનું કાર્બોહાઇડ્રેટ સ્ટાર્ચના રૂપમાં છોડમાં સંઘરાય છે. દ્રાવ્ય કાર્બોહાઇડ્રેટ શર્કરાના રૂપમાં છોડવામાં ફરતું રહે છે, એટલું જ નહિ, પણ જરૂર પડ્યે આથવણથી સ્ટાર્ચનું શર્કરામાં રૂપાંતર થઈને પણ છોડમાં ફરતું રહે છે.

માંસનાં પ્રોટીનો જેમ સંયોજક પેશીઓમાં સંઘરાએલાં રહે છે તેમ વનસ્પતિ-ખોરાકનું મુખ્ય ઘટક સ્ટાર્ચ કાષ્ઠતંતુથી ઘેરાએલું રહે છે. વળી તે શર્કરા કરતાં કાર્બોહાઇડ્રેટનું વધારે ઘટ્ટ સ્વરૂપ છે. ગરમ પાણીમાં આ સ્ટાર્ચ ફૂલી ફાટીને ચીકણું બને છે. પાચક રસો અસર ઉપજાવી શકે એવા રૂપમાં તો તેના કણો રાંધવાથી બને છે. કાષ્ઠતંતુ (સેલ્યુલોઝ) એ કાર્બોહાઇડ્રેટ છે, પણ તેના ઉપર પાચક રસો અસર ઉપજાવી શકતા નથી. જૂના થતાં તે લાકડું બને છે.

વનસ્પતિજ ચરબી જો કે બંધારણમાં તો પ્રાણિજ ચરબીને મળતી જ છે, પણ એમાં આવેલાં ઑલિઈન, લિનોલિન વગેરે હલકા સ્નેહામ્લોથી તે પ્રવાહી રૂપમાં રહે છે, જે તેલના નામે ઓળખાય છે. કેટલીક વનસ્પતિજ ચરબીમાં સ્ટીઍરિન ને પામેટિન જેવા ઉચ્ચ સ્નેહામ્લો હોવાથી તે ઘટ્ટ સ્વરૂપમાં હોય છે. દાખલા તરીકે કોકમનું ઘી.

વનસ્પતિજ પ્રોટીનોમાં પ્રાણિજ પ્રોટીનો કરતાં ન્યૂક્લીઓ-પ્રોટીનો ઓછાં છે. આ બન્ને પ્રોટીનો રાંધવાથી ઓછા પચનીય બને છે. એ નવાઈ જેવું છે કે રાંધવાથી પ્રાણિજ ખોરાકોની પચનીયતા ઘટે છે, જ્યારે વનસ્પતિજ ખોરાકની વધે છે! કારણ, પ્રાણિજ ખોરાકમાં મુખ્યત્વે પ્રોટીનો છે, જ્યારે વનસ્પતિજ ખોરાકમાં પ્રોટીનો કરતાં સ્ટાર્ચના રૂપમાં કાર્બોહાઇડ્રેટ વધારે છે, જે રાંધવાથી સુપચનીય બને છે.

આપણે આગળ જોઈ ગયા કે વનસ્પતિજ ખોરાકોમાં પ્રોટીનો કરતાં કાર્બોહાઇડ્રેટ વધારે પ્રમાણમાં છે. શૂક ધાન્યોમાં પણ પ્રોટીનો ઓછાં છે, અને જેમાં વાજબી પ્રમાણમાં છે તે બીજી કક્ષાનાં છે. તેમાં ઘણી ઓછી ચરબી ને કૅલ્શ્યમ છે. વિટામિન 'સી'નો પણ અભાવ છે.

કઠોળોમાં પ્રોટીનો સારા પ્રમાણમાં છે. રાંધવાથી કઠોળનું કદ વધે છે. તેમાં ચરબી અને વિ૰ 'સી' નથી. વધારે પ્રમાણમાં પ્રોટીન ધરાવનારાં તો કવચવાળાં ફળો છે. વળી એમાં ચરબી પણ છે. કવચવાળાં ફળોમાં અને કઠોળમાં ૨૦થી ૨૫ ટકા પ્રોટીનો હોવાથી એમને 'ગરીબ માણસનું માંસ' કહેવામાં આવે છે.

શાકભાજીમાં ચરબી અને પ્રોટીન ઘણાં થોડાં છે. એ પણ ખરું કે પાંદડાંવાળી ભાજી, બટાટા અને ચોખાનાં પ્રોટીનો સારી જાતનાં છે. શાકભાજીમાં વિ૰ 'એ' અને વિ૰ 'સી' સારા પ્રમાણમાં છે.

સાદાં ફળોમાં પણ ચરબી અને પ્રોટીનો ઘણાં થોડાં છે. એમાં કૅલ્શ્યમ ઓછું છે. ઘણાં ફળોમાં વિ૰ 'સી' છે, થોડાંમાં વિ૰ 'એ' છે.

રોજિંદો ખોરાક જો આવાં ખાદ્યોનો હોય તો તેમાં પ્રોટીન, ચરબી અને કૅલ્શ્યમની ઊણપ હોવાનું સ્પષ્ટ થાય છે. પણ ચરબીની ઊણપ ઘી અને તેલથી પુરાય છે. પ્રોટીનો માટે કઠોળ, મગફળી અને કવચવાળાં ફળ છે, અને છેલ્લાં બે ખાદ્યોમાંથી ચરબી પણ મળે છે. કઠોળ અને કવચવાળાં ફળોમાં મીથિયોનાઈન નામક એમાઇનો ઍસિડ નથી, તો શૂક ધાન્યોમાં લાયસિન નામક નથી. પણ એમાઇનો ઍસિડની એ ઊણપ ચોખા કે ઘઉંનું કઠોળ સાથેનું મિશ્રણ થવાથી કે ઘઉં સાથે ચણા અને ચોખા સાથે તુવેર કે મગ લેવાથી ભરપાઈ થાય છે. કૅલ્શ્યમ માટે દૂધ ખાવું આવશ્યક છે.

દૂધની અવેજીમાં પાંદડાંવાળી ભાજી અને કાચાં શાક લઈ શકાય. મેથીની ભાજી, દૂધી, રીંગણ ને કૉબેજનાં ઢેબરાં ને મૂઠિયાં તેમજ મેથીની ભાજી ને પાનાપોથાનાં ભજિયાં પોષણદાયી નીવડે છે. હિંદમાં પોષણ-વિજ્ઞાનના સંશોધનના અગ્રણી સર રૉબર્ટ મૅક્કૅરિસનનું કથન છે કે 'કોઈ પણ શૂક ધાન્ય સાથે દૂધ કે દૂધની નીપજ અને લીલોતરી શાકભાજી લેવાથી યોગ્ય જાત અને પ્રમાણમાં પ્રોટીન મળી રહીને આરોગ્ય, બળ અને સુખાકારી માટે શરીરને જોઈતું બધું મળી રહે છે.'

વનસ્પતિજ ખોરાક ઊણપભર્યો હોવા સાથે તેની બીજી ખામી મોટા પ્રમાણની છે. પાંઉ અને કવચવાળાં સિવાય બીજા વનસ્પતિજ ખોરાક વધારે પ્રમાણમાં લેવા પડે છે. આનું કારણ એમાં આવેલું પાણીનું પ્રમાણ છે. ઘણાંખરાં શાકભાજીમાં ૮૦-૯૦ ટકા પાણી છે. રાંધેલા કઠોળમાં પણ ૭૦ ટકા પાણી હોય છે. વૉઈટના કહેવા પ્રમાણે પ્રાણિજ ખોરાક કરતાં વનસ્પત્યાહારનું કદ ત્રણ ગણું થાય છે.

આ ખોરાકની, ત્રીજી ખામી આંતરડાંમાં થતા ઓછા શોષણની છે. જો ખોરાકનું પ્રમાણ થોડું હોય અને કાષ્ઠતંતુનું પ્રમાણ ઓછું હોય તો જ અન્નાહારનું પાચન અને શોષણ સંપૂર્ણ થાય છે.

વનસ્પત્યાહારના વધુકા કદથી ખોરાકના પાચનમાં બેરીતે અવરોધ પેદા થાય છે: એક તો, પ્રમાણ વધારે હોવાથી પાચક રસો તેમાં પૂરા પ્રવેશી શકતા નથી, અને પાચક રસોની પૂરી અસર નહિ થવાથી




સ્વાતંત્ર્યના શહીદ પંજાબકેસરી લાલા લજપતરાય

દેશભક્તિની દીપ્તિથી જ્વલંત જેની લગભગ અરધી સદીની કારકિર્દીએ હિંદનાં સંતાનોમાં રાષ્ટ્રવાદની ઉષ્મા પ્રકટાવી; સિંહની ગર્જના સમા જેના વાણી-ટંકારે નિર્માલ્યોને પણ શૂરવીર બનાવ્યા; ધગધગતા લાવા જેવી જેની લેખિનીએ દેશને જાગૃતિની જ્વાળાથી સળગાવી મૂક્યો, એ વીર લાલા લજપતરાયની દેશ આજે જન્મશતાબ્દી ઊજવી રહ્યો છે. એમનું વિસ્તૃત ચરિત્ર છેક ૫૯મા અંકમાં આવી ગયું.




લાલ બાલ અને પાલ

૧૮૫૭ના પરાજયની હતાશામાંથી પડખું ફેરવીને, આ સદીની શરૂઆતમાં દેશ જ્યારે ફરીથી જાગી રહ્યો હતો ત્યારે લાલ (લાલા લજપતરાય), બાલ (બાલ ગંગાધર તિલક) અને પાલ (બિપિનચંદ્ર પાલ)ની ત્રિપુટી ગાંધીજી અને નેહરુ માટે જે રાજકીય ક્ષેત્ર તૈયાર કરતી હતી એની યશગાથા તો જાહેર છે. દેશજાગૃતિના એ મહાન કાર્યને લજપતરાયજીની આ શતાબ્દી વખતે પ્રસંગાનુચિત રીતે બિરદાવતી એ ત્રણેની તસવીરોવાળી ટિકિટો એક જ કવર ઉપર ચોડીને મોકલનાર શ્રી ચન્દ્રકાન્ત ઝવેરીનો આભાર માનીએ.



મદિરાધર





કુ. એસ્થર ડેવિડ



એન. એન. પટેલ

કિશોર વાળા



અલબત્ત, વિદ્યાર્થીઓ હોવાને કારણે સાથેની એમની કૃતિઓમાં કદાચ ક્યાંક ક્યાંક ક્ષતિ જણાશે, છતાં એમણે ચૂંટેલા ચિત્રવિષયોના વૈવિધ્ય તથા તેની રજૂઆતમાં એમણે અજમાવેલી પોતપોતાની હથોટીને કારણે આરંભકાળની એ કૃતિઓ પણ પોતાનું આગવું સૌન્દર્ય તો દર્શાવે છે જ.

હરિપ્રકાશ શર્મા

બી. કે. રૅાય







દશરથ પંચાલ

વડોદરા કલાવિદ્યાલયનાં
વિદ્યાર્થીઓનાં
વૂડકટ

એમ. ઓ. વાઘેલા



રાજા અગ્નિવર્ણની કામક્રીડા

ચિત્રકાર - વાસુદેવ સ્માર્ત

દર વર્ષે મધ્યપ્રદેશમાં ઊજવાતી કવિકુલ–શિરોમણિ કાલિદાસની જયંતી પ્રસંગે ભરાતા પ્રદર્શનમાં એ કવિની કોઈ પણ કૃતિમાંના એકાદ પ્રસંગ ઉપર આલેખાએલાં ચિત્રો પૈકી શ્રેષ્ઠને વર્ષોવર્ષ પારિતોષિક આપવામાં આવે છે. તદનુસાર રૂ. ૫૦૦નું પારિતોષિક મેળવનાર આ ચિત્ર ભારતીય પરંપરાનાં ભીંતચિત્રોની પરિપાટી પર, નાનાંનાનાં ચોકઠાંઓમાં કથાવસ્તુના વિવિધ પ્રસંગોનું આ લેખન કરીને યોજેલું છે. કદના પ્રમાણમાં આડાંઅવળાં છ પ્રમાણભાર સાચવીને યોજેલાં એ ચોકઠાંઓ સમગ્રતયા એક સુ થિત ને નયનભર ભાતવાળું ચિત્ર બની રહે છે.

કવિકુલગુરુ કાલિદાસે પોતાના મહાકાવ્ય 'રઘુવંશ'માં રામ નિકટના પૂર્વજોની કથા ગાઈ છે, જેના અંત ભાગે—૧૯મા સર્ગ એ પ્રતાપી રઘુવંશ માટે નર્યા નાલાયક એવા રાજા અગ્નિવર્ણ ચિત્રાલેખન છે. એમાં વર્ણવેલા 'અગ્નિવર્ણની કામક્રીડા'ના પ્રસં પ્રસ્તુત ચિત્રમાં રજૂ કર્યા છે. એ વર્ણન દ્વારા મહાકવિએ શા સંદેશ આપ્યો છે કે જે રીતે ઘોર કામુકતાને કારણે ક્ષયગ્રસ્ત થ અગ્નિવર્ણના મૃત્યુ પામવાથી મહાન રઘુવંશની અવનતિ થ એ જ રીતે મહાનમાં મહાન સંસ્કૃતિઓ પણ વિલાસની આંધ ઉપાસનાથી સમૂળ ઉચ્છિન્ન થયા વિના રહેતી નથી.

ચિત્રમાંનાં ચોકઠાંઓમાં કવિ કાલિદાસના શ્લોકોનો ભાવ આ ટલી રીતે દર્શાવ્યો છે : રાણીવાસમાં અગ્નિવર્ણનો ભોગવિલાસ, સું દરી સાથે મદિરાપાન તથા જલવિહાર, કૌમુદીમાં પુષ્પશય્યા પર ઉપવનવિહાર, નર્તકીઓ સાથે નૃત્યરત રાજા, લજ્જિતા અને મા- નિની સુંદરીઓનાં મનામણાં, રાજાથી પ્રવંચિત થવાને કારણે કામિ- નીઓ દ્વારા રાજાને ઠપકો, રાણીઓથી પ્રતિષિદ્ધ થએલો રાજા વિરહ- કાતર અવસ્થામાં કરી રહેલો કોઈ નર્તકીનું ચિત્રાંકન, ખંડિતા નાયિકાઓ, કામિનીઓનાં ચરણમાં અલત્તક (અળતાનું) પ્રસા- ધન, સરયૂતટ પર હંસોનું દૃશ્ય, અને અંતે અતિ કામાચારને કારણે ક્ષયગ્રસ્ત થએલો રાજા અગ્નિવર્ણ.

પ્રાણપ્રદ સૃષ્ટિશોભા અને સારાં પુસ્તકોના વાચને તેની ઊઘડતી પ્રતિભાને એ કુમળી વયે તો સવિશેષ લાભદાયક એવું પોષણ આપ્યું હતું. ત્યાર પછીનો તેનો વિદ્યાભ્યાસ રુગ્બીની જાણીતી નિશાળે આગળ ચાલ્યો. હવે ઉંમર વધવા સાથે વાચનશૉખ તો વધ્યો, પણ રાતે મોડે સુધી વાંચવાના પરિણામે બપોરે વર્ગમાં તેને ચાલતે પાઠે નીંદર આવી જતી. એ કારણે તેણે જમવા પડતા 'મેથીપાક'ને એ ખડતલ શરીરનો કિશોર ખાઈ લેતો ને નિદ્રાવસ્થાનો બચાવ કૈંક એવું સગર્વ કહીને કરતો કે માસ્તર તે મને શું શીખવવાનો હતો? મને તો એ બધું મેળે વાંચીને આવડેલું જ હોય છે!

સમજી શકાશે કે આવા સ્વભાવનો ઊછળતા લોહીનો જુવાન, ભણવા સાથે પણ વઢવા હોંસીલો, પોતાના સમોવડિયા સાથે લડાઈ ઊછીની લઈને પણ લડતો હોય, અને શિક્ષકો સાથે પણ બિયાંબારું ઊભું કરતો હોય. આ છેલ્લી બાબત જેવો કોઈ પ્રસંગ સવળો પણ ઊતરતો—જેમ કે, ચાલતા વર્ગે વૉલ્ટર સફરજન કરડીને તેની લિજ્જત માણે છે; વારો સમજુ વડા શિક્ષકનો; તે એવા શિસ્તભંગી પાસેથી ફળ માગીને લઈ તો લે છે, પણ છોકરો પોતાની જગ્યાએ બેસવા બાંક સુધી પહોંચ્યા પહેલાં તેને પાછો બોલાવવામાં આવે છે: 'જો, આમ આવ. સફરજન તારે પાછું જોઈતું હોય તો હમણાં જ એના પર લૅટિન પદ્યમાં એક કડી જોડી આપ.' વિદ્યાર્થી આ સાંભળી ક્ષણવાર વિચારમગ્ન થઈને તરત શીઘ્ર કાવ્યની કડી બોલે છે અને આવી મધુર સજા ફળ તેને પાછું મળતાં મધુરતર બને છે.

પણ આવું તો કોઈક વાર જ બને ને? વધારે પ્રસંગો, લૅટિનમાં જ રચાએલા તેના ને બીજા વિદ્યાર્થીના કાવ્યના ઇનામ સંબંધી, તેણે શિક્ષક જોડે ઊભી કરેલી તકરાર જેવા, બન્યા કરતા. પરિણામે, તેની બુદ્ધિશક્તિ ને અભ્યાસવૃત્તિ માટે માન ધરાવતા શાળાધિકારીઓએ તેના પિતાને વચ્ચે નાખીને શાળામાંથી તને રુખસદ આપી દીધી!

ત્યાંથી નીકળ્યા વૉલ્ટર ભાઈને હવે લહેણું નીકળ્યું નજીકના ઍશબોર્ન ગામના સુશિક્ષક લૅંગ્લી સાહેબને ત્યાં. મિસિસ લૅંગ્લી પણ માયાળુ બાઈ હતાં. એ પ્રેમાળ દંપતીનો પ્રેમ તો આ તોફાની બાળક પણ જીતી શક્યો. તેનો અભ્યાસ પણ ત્યાં સારા પ્રમાણમાં આગળ વધ્યો. તે મોટી ઉંમરે એ બંને જણાંને કૃતજ્ઞતાપૂર્વક વારંવાર સંભારતો.

હવે વૉલ્ટરની ઉંમર અઢારની થઈ એટલે તેના પિતાએ તેને ઑક્સફર્ડની ટ્રિનિટી કૉલેજમાં દાખલ કર્યો;—કરતાં કર્યો તો ખરો, પણ મસ્તીખોરીના મહાવિષયમાં પાવરધા એ જુવાનને, કેટલેક અંશે તેના ઉદ્દામ રાજકીય વિચારોના પરિણામે (તેણે એક વિનીત મતવાળા વિદ્યાર્થીની સામે ગોળીબાર સુદ્ધાં કર્યો હતો!) પહેલાં કૉલેજ છોડવી પડી અને પછી, કુદરતી રીતે તેનાં ધાંધલ-ધમાલને નાપસંદ કરનાર પિતાનું ઘર પણ છોડવું પડ્યું હતું.

ત્રણ નારીરત્નો

લૅન્ડૉરના હવેના જીવનના મુખ્ય ત્રણ સમયગાળા આ પ્રમાણે છે: (૧) સાહિત્યસેવાની શરૂઆત(૧૭૯૪–૧૮૦૪);(૨) પિતાનું મૃત્યુ, લગ્ન, નૌ-મિલક્ત-ખરીદી (૧૮૦૫–૧૪);(૩) ઇટાલીમાં કોમો તથા પાઈઝા ખાતે રહેણાક અને લૅટિન ગ્રન્થ આઇડિલિયા હિરોઇકાનું પ્રકાશન (૧૮૧૪–૨૧). આ દરેકનું અહીં તો ઝડપી વિહંગાવલોકન જ થઈ શકશે.

એ બાલવિદ્વાન બાપીકું ઘર છોડી લંડનમાં રહ્યો ત્યારે પહેલું કામ તેણે આ કર્યું: જ્યાં જઈ હવે વસવાનો તેનો વિચાર હતો ત્યાંની, ફ્રાંસ ને ઇટાલીની ભાષાઓનો અભ્યાસ કરવો; અને બીજું કામ તે, બીજે તો ખાસ નહિ પણ તેની વિદ્યાધાત્રી ઑક્સફર્ડમાં જેની સારી કદર થઈ તે અંગ્રેજી લૅટિન કાવ્યગ્રંથનું તથા અર્લ સ્ટૅનોપને સંબોધાએલા નીતિવિષયક પદ્યપત્રનું ૧૭૯૫માં પ્રકાશન. પહેલું બળકટ સરળ વહેતી શૈલીમાં રચાએલું છે; બીજામાં જોરદાર કટાક્ષકથન ને ચમકદાર સુભાષિતો છે.

એ વર્ષોના અંગત જીવનના મુખ્ય પ્રસંગો હતા આ, કે તેની મિત્ર ડૉરૉથી લિટલટનની મધ્યસ્થીના શુભ પરિણામ તરીકે પિતાનો રોષ ઊતર્યો, તેની તરફથી પુત્રને વાર્ષિક દોઢ સો પાઉંડ મળતા થયા, તેમજ જવું હોય ત્યારે એ પિયરે જવાની છૂટ મળી; અને, વૉલ્ટરે હવે દક્ષિણ વેલ્સમાં વન્ય પ્રદેશની વચ્ચે જે રમ્ય એકાંત સ્થળે વાસો કર્યો હતો ત્યાં મિસ જોન્સ તથા જેન સ્વિફ્ટ (આ હતી આગલી સદીમાં થઈ ગએલા કટાક્ષકલાના સ્વામી જૉનાથન સ્વિફ્ટના જ કુળની)સાથે તેને મૈત્રી થઈ. આ બંને બાળાઓના સૌન્દર્ય અને સ્નેહાળ સ્વભાવે એ કવિહૃદયના જુવાનને પ્રેરણાનાં જે પીયૂષ પાયાં તેને લીધે તેણે 'આયોની' અને 'આયેન્થી' નામો આપીને એ બંનેને સુકાવ્યોમાં ચિરંજીવ કરી છે. દૈવ પ્રતિકૂળ, તેથી તે ઇચ્છા છતાં (જેના રૂપગુણનાં તથ્યને આ કૌતુકરાગી કવિએ ઉરભાવનાં સત્ય વડે મોટી પીંછીએ રંગ્યાં છે તે જેનને) પોતે પરણી શક્યો નહિ, પણ એ સ્રીના બીજી વારના વૈધવ્ય સુધી, ઓળખાણ પછીનાં પચાસેક વર્ષ પરસ્પરનો સ્નેહભાવ અખંડ રહ્યો હતો.

એ સ્થળના નિવાસ દરમ્યાન જે ત્રીજા નારીરત્નની પિછાન થઈ તેનું નામ હતું રોઝ એલ્મર. અમીર કુટુંબની એ સોળ વરસની સુંદરી સાથે આપણા એકવીસના ચરિત્રનાયકને બંધાએલી સ્નેહગાંઠ તો, એક રીતે જોતાં, સૌથી સ્નિગ્ધતામય હતી—શાથી જે, માસી સાથે કલકત્તે આવી રહેલી તેણી વીસની ઉંમરે, આ ગરમ દેશની હવા તેને માફક નહિ આવવાથી, વિષૂચિકાના રોગથી મૃત્યુવશ થઈ ત્યારે એ ગમખ્વાર બનાવની જાણ થતાં લૅન્ડૉરે તેના વિષે બે જ કડીનું કાવ્ય રચ્યું તે આ પ્રકારનાં અમર અંગ્રેજી કાવ્યોમાંનું એક છે:

Ah! what avails the sceptred race!
Ah! what the form divine!
What every virtue, every grace!
Rose Aylmer, all were thine.

Rose Aylmer, whom these
    wakeful eyes
May weep, but never see,
A night of memories and sighs
I consecrate to thee.*

એ 'ગુલછડી સમોવડી' તરુણી રોઝકુમારીએ જે અદ્‌ભુતરસિક રંગ-રંગીલી કથાઓના ઇતિહાસનો વાર્તાગ્રંથ ('રોમાન્સ'નો) તેને વાંચવા આપ્યો હતો તેમાંની એક વાર્તા પરથી આ મસ્ત રંગના કવિએ પોતાનું પહેલું અગત્યનું દીર્ઘ કાવ્ય લખ્યું હતું. એ કરુણાન્ત કૃતિ 'જેબિર'માં, એ નામના નાયક (જિબ્રાલ્ટરનો એ ઠાકોર હતો) અને મીસરની મહારાણી ચારોબાનું પ્રેમ-પ્રકરણ છે, પાતાળપ્રદેશ તથા લગ્નોત્સવનાં શબ્દચિત્રો છે, એક પાત્ર જાદુગરણીનું પણ છે. એ કાવ્યનું કલાવિધાન પાંખું છે અને કેટલોક દુર્બોધતા રૂપી

* શ્રી અરવિંદની પણ પ્રશંસા પામેલા એ કાવ્યનું ભાષાંતર આ નીચે આપ્યું છે (રોઝ= લલિતા; જેને બદલે ગુલશન પણ મુકાય.),

હરિગીતમાં

ઉચ્ચ કુળમાં જન્મ લીધો તે થકી હા! શું થયું?
દૈવી દેહ દીધી પ્રભુએ તે થકી પણ શું થયું?
સર્વ સદ્‌ગુણ, સર્વ સુંદરતા થકી પણ શું વળ્યું?
લલિતા! કુલીનતા, દૈવી કાયા—સર્વ એ
    તુજમાં હતું!
નિદ્રા થકી મીંચાયલાં નહિ એહવાં નયનો સદા
કરશે રુદન, પણ જોઈ શકશે જેહને નહિ તે કદા!
એવી તને આ સ્મરણ ને નિઃશ્વાસ ઉભયેથી
ભરી/નમતા હૃદયથી રમ્ય લલિતા! રાત્રિ
આ અર્પણ કરી!

(મો. પા. દવે: 'લૅન્ડૉરની જીવનકથા પૃ. ૨૧)

> કવિતા એ ભાવસંક્રાન્તિની કળા છે. જે સૌન્દર્યાનુભૂતિ પોતાના મનોગતમાં કરી, તેને વાગ્વિશેષના ઉપાદાન દ્વારા ભાવકના ચિત્તમાં સંક્રાન્ત કરવી એ કવિનું કામ છે. આ કામ એની પાસે અખૂટ ધીરજ માગી લે છે. સંવેદિતાનું મૌક્તિક હૃદયની છીપલીમાં પરિપક્વ થઈને ઠરે, અને એનું સંપૂર્ણ પુદ્ગલ બંધાઈ રહે તે પછી જ, જાળવીને એનું દ્વિદલ ખોલવાનું હોય છે. આ બહુ જ નાજુક 'સર્જરી' છે. કાગળ અને કલમ ઉઠાવતાં પહેલાં કવિ જરા યે અધીર કે ઉતાવળો બની જાય, તો એનો આખો કેસ કથળી જાય છે, અને કવિતાને બદલે કોઈ ભળતી જ કવિતાભાસી વસ્તુનો જન્મ થાય છે. આ નિરર્થક વસ્તીવધારો રોકીને, સાચા માનસસંતાનને અવતારવામાં જ કવિની કસોટી રહેલી છે. માટે તો ઉત્તમ કવિતાનાં વન નથી હોતાં, થોડાક ગણતર રોપાઓ જ હોય છે. —બાલમુકુંદ દવે

દોષ પણ એમાં છે. આમ છતાં, લૅન્ડૉરને પ્રિય મિલ્ટનના સૅમ્સન ઍગૉનિસ્ટિસ પછીનું મુક્તપદ્યમાં રચાએલું, સ્થળેસ્થળે ઓજસવતું, સૌથી મહત્ત્વનું, સ્મરણીય કાવ્ય છે એ, એમ કહી, ગઈ તેમ જ આ સદીના સંમાન્ય વિવેચકોએ એની પ્રશંસા કરી છે.

લગ્નજીવન

ઈ. સ. ૧૮૦૫થી ૧૮૨૧ સુધીનાં વર્ષોના લૅન્ડૉરના જીવનમાં બનેલા અગત્યના બનાવો હવે જોઈ જઈએ. ૧૮૦૫માં એના પિતાનું અવસાન થતાં, જે મોટી મિલકત તેને મળી તેનો બેવડો ઉપયોગ તેના હાથે એવો થયો કે ઊંચી તોખમના ઘોડા તથા મનગમતાં મૂલ્યવાન ચિત્રોની ખરીદીમાં થએલું કરજ ફેડાયું ને એ પ્રકારનો નવો ખર્ચ પણ ત્રીસની ઉંમરના એ ઉચ્ચ તેમજ શોખીન જીવન આદર્શવાળા ચંચલ પ્રકૃતિના સાહિત્યકારના હાથે થયા વિના રહ્યો નહિ.

ઈ. ૧૮૦૮માં તેને એ સમયમાં હરોળના સાહિત્યકારોમાંના એક રૉબર્ટ સાઉધીનો મેળાપ, આજીવન ઉભયના શુભ હિતસંબંધાર્થ ટક્યો એવો થયો. એ જ વર્ષમાં આ સ્વાતંત્ર્યપરાયણ કવિ-વીરે પોતાના પૈસે સ્વયંસેવકોની ટુકડી ઊભી કરીને સ્પેનમાંના, પરિણામે તો નિષ્ફળ એવા, નેપોલિયન વિરોધી જંગમાં ઝુકાવ્યું હતું. પછી, પોતે જે સોનેરી ઝુલ્ફાદાર ૨૦ વર્ષની યુવતી જુલિયા સાથે —જેને નૃત્યસમારંભમાં જેવી જોઈ તેવો જ મુગ્ધ થએલો ('વાહ! આ ખંડમાં સૌથી રૂપાળી કન્યા તો આ જ છે ને શું!') તેની સાથે—લગ્ન કર્યું. આમ થએલો પ્રેમ કેટલો ટકે?—એટલે કે, ખરા પ્રેમ તરીકે. એટલે (બંને વચ્ચે વયોભેદ એ પણ કારણ હતું), વૉલ્ટર ને જુલિયા વચ્ચેનો સ્વભાવભેદ પણ મોટો અને ગંભીર હોવાથી, બંનેને પરસ્પર 'બનતી' ઓછી, ને કોઈક વાર જ; બાકી તો અણબનાવ, ગૃહક્લેશ, બાળકો થયાં તેને અંગે પણ —જો કે તેમનો પિતા તો એ નાનાં હતાં ને સાથે રહેતાં ત્યારે તેમની પર વહાલ વરસાવતો—કંકાસ: આવું ન્યૂનાધિકઅંશે કાયમનું રહ્યું હતું. મિસિસ લૅન્ડૉરનું મૃત્યુ પતિની હયાતીમાં જ થયું હતું.

ઇટલીનાં કોમો તથા પાઇઝા નામે સ્થળોના ૧૮૧૪-૨૧ના નિવાસ દરમ્યાન, લૅટિનમાં એ ભાષાની કવિતાનો ગુણદર્શી ઇતિહાસ જેમાં છે, જે એ ભાષામાં લખાયું છે ને જેમાં, અંગ્રેજી કરતાં એ 'મૃત' મનાતી ભાષા જગતમાં વધુ વખત જીવવાની છે એવું પ્રામાણિક મન્તવ્ય દલીલસર રજૂ થયું છે, એ તેનું પુસ્તક 'આઇડિલિયા હિરોઇકા' પ્રગટ થયું.

ઉત્તરવયની કૃતિઓ

આપણા અપૂર્વ પ્રતિભાવન્ત પણ ઉગ્ર પ્રકૃતિના ચરિત્રનાયકનું શેષ જીવન, ઉપર જેનો ઇષત્પરિચય આપ્યો છે તેના કરતાં પણ વધુ સંગીન ને ઉચ્ચતર પ્રકારની સાહિત્યસેવામાં વીત્યું હતું. તેણે પાઇઝા શહેર ૧૮૨૧ના ઉત્તરાર્ધમાં છોડ્યા પછીના સાતેક માસમાં જે સંવાદો લખ્યા તેના મુખ્ય વિષયો આ છે: ૧૮૧૫માં પૂરા થએલા નેપોલિયન યુગ પછીનું યૂરોપમાંનું રાજ્યપરિવર્તન; કાવ્યપરીક્ષા, જેનાં પાત્રો છે (ઉપર આપણે જોયું તેમ) તેનો કવિમિત્ર સાઉધી અને તત્કાલીન મહાપંડિત પૉર્સન; અને ઇંગ્લિશ ઇતિહાસ તથા સાહિત્યનાં પ્રસિદ્ધ પાત્રો રાણી એલિઝાબેથ, બેકન વગેરે જેનાં પાત્રો છે તે સંવાદો, કવિની કિંમત, શિક્ષકની શિખામણ, સંકટસહન અને પ્રીતિભાવ વગેરે. આ અને ત્યાર પછીના તેના સંવાદગ્રંથોના પ્રકાશન અંગે લેખકને, તેની અધીરતા અને વહેમાળપણું જેવા સ્વભાવદોષને લીધે પ્રકાશક, મધ્યસ્થી કરનાર મિત્ર વગેરેની સાથે મનદુઃખ થતું; પણ ખુલાસો કરતાં સમાધાન પણ થતું. બીજું, તેનાં આ અને બીજાં પુસ્તકોમાંની ઉચ્ચ વિચારમયતા તથા ભારઝલી શૈલીને લીધે એ શિક્ષિતોના પણ સર્વસામાન્ય સમુદાયને બરનાં નહિ હોઈને ઝાઝાં ખપનાં નહિ; પણ વિદ્વાનોમાં હમેશ આદર પામતાં. આ વર્ગે કરેલી અનુકૂળ-પ્રતિકૂળ ટીકાઓને લીધે પણ માર્ગ અમુક અંશે મોકળો થતાં, વખત જતાં તેનો વાચકવર્ગ ધીમેધીમે વધ્યો પણ હતો.

હવે આપણે લૅન્ડૉર-જીવનના છેલ્લા બે તબક્કાની પિછાન બહુ ટૂંકામાં મેળવી લઈએ. ૧૮૨૧-૩૭ દરમ્યાન તેણે કેટલાક વધુ સંવાદો, મહાકવિ શેક્સ્પીઅર કિશોર વયે હરણ-ચોર હતા એ કિંવદન્તી વિષેનો મુકદ્દમો 'એક્ઝામિનેશન ઑવ શેક્સ્પીઅર' ને આ બે 'ઉત્તમ ગદ્યાત્મક' કૃતિઓ રચી: પત્રાલાપરૂપ મોટા ગ્રન્થ 'પેરિક્લિસ ઍન્ડ ઍસ્પેશિયા' તથા સંવાદશ્રેણી 'પેન્ટામેરૉન'. ત્યાર પછીનાં ૨૬ વર્ષમાં મધ્યમ પ્રકારનાં પણ સારાં કેટલાંક ગદ્યલખાણ તથા કાવ્યો રચ્યાં.

આ સુકવિ ને સમર્થ ગદ્યસ્વામીના મિત્રો એક પછી એક કાળવશ થયા ત્યારે કુદરતી રીતે જ તેને પોતાના પ્રતિદિન નજીક આવતા અવસાન વિષે વિચારો આવવા લાગ્યા. આ કારણે, તા. ૧૭મી સપ્ટેમ્બર ૧૮૬૪ને રોજ તેને ઈશ્વરનું તેડું આવ્યા પહેલાં કેટલેક વર્ષે પોતાને વિષે તેણે જે લાક્ષણિક મુક્તક લખ્યું હતું તેનાથી જ સમાપન કરીએ:

I strove with none, for none was worth my strifes,
Nature I loved and next to Nature, Art;
I warm'd both hands before the fire of life;
It sinks, and I am ready to depart.

(શાર્દૂલ-વિક્રીડિત)

મેં દીઠા નહિ કો સમોવડ, કરી સ્પર્ધા ન મેં કો થકી, / મોહ્યો સુંદરતાભરી પ્રકૃતિથી, સેવી પછી મેં કલા / બેસી જીવન-અગ્નિ પાસ કર મેં બંને હૂંફાળા કર્યા, / એ અગ્નિ શમતાં સુસજ્જ બનતો હું દેશ મારે જવા.*

*આ ભાષાંતર પ્રા. મોહનલાલ પા. દવેની રચના છે. તેમની 'લૅન્ડૉરની જીવનકથા'નો તેમજ સંવાદભાષાંતરનો મુખ્ય આધાર આ લેખ માટે લીધો છે. ચરિત્રગ્રંથ તેમજ ૧૯૫૭-૬૦માં જેની બીજી આવૃત્તિ થઈ છે તે 'લૅન્ડૉરના કાલ્પનિક સંવાદો'ના (રણજિતરામ સરખાની પ્રશંસા પામેલા, તેના) બંને ભાગ, જે ત્રણેનું (મૂળ પરથી હજી થયું ન હોય તો) હિંદીમાં ભાષાંતર થવાની પણ મોટી જરૂર છે તે, આ લેખના વાચકો વાંચવાનું ચૂકશે તો સ-રસ સાહિત્ય વાંચ્યાનો લહાવો ખોશે એવો મારો અભિપ્રાય પણ અહીં જ ટપકાવવાની રજા લઉં છું.

કાવ્યસંગ્રહો: નવા અને જૂના

અવલોકન: ભોળાભાઈ પટેલ

યુગવંદના: સ્વ. ઝવેરચંદ મેઘાણીના આ કાવ્યસંગ્રહની પહેલી આવૃત્તિ ૧૯૩૫માં પ્રગટ થયા બાદ ૧૯૬૪માં આ એની છઠ્ઠી આવૃત્તિ થાય છે. સહજ રીતે ત્યારે તેને આજના સન્દર્ભમાં તપાસવાની ઇચ્છા થાય. 'યુગવંદના'-ના કવિને પોતાના સમયમાં જ અસાધારણ લોકપ્રિયતા વરેલી, તેમાં તેમના કંઠના જાદુનો પ્રભાવ પણ ઓછો નહોતો; પણ એ વાત બાજુએ રાખીને જોઈએ તો યે, મેઘાણીની કવિતામાં એક એવી તળપદી ભીની સૌરભ છે, જે પાતળી પાતળી પણ મહેક્યા કરશે. તેમણે અપનાવેલા ચારણી ઢાળો કે લોકગીતો-ના ઢાળો, લોકબોલીના પૂરવાળી વેધક કાવ્યબાની ગુજરાતી કવિતામાં એક આગવી જ ઇબારત લાવે છે. પણ કવિએ જે રીતે પોતાના યુગની વંદના કરી છે તે રીતે જોતાં, સંગ્રહનાં કેટલાંક પ્રાસંગિક કાવ્યો કે પ્રચારકાવ્યોનું સ્થાયી મૂલ્ય ઓછું અંકાવાનો સંભવ છે.

સંગ્રહનાં 'પીડિતદર્શન' વિભાગનાં કાવ્યો 'સુન્દરમ્'નાં 'ગરીબોનાં ગીતો'સાથે સરખાવવાનું રસપ્રદ થશે. મેઘાણીનાં કાવ્યો વાંચતાં એક વસ્તુ અવશ્ય લાગશે. કે તે પ્રમાણમાં અંત:પ્રેરિત ઓછાં છે. તેમનાં કેટલાંક સુંદર કાવ્યો મોટે ભાગે પર-પ્રેરિત છે. અન્ય કોઈ કવિની કવિતા કે કાવ્યપંક્તિ મેઘાણીની કવિતા માટે stimulant બની રહે છે. પરિણામે પરભાષાનું કાવ્ય ગુજરાતીમાં નવો અવતાર પામે છે કે તેમાંથી કવિ પોતાની રીતની રચના કરે છે–જો કે આવા પ્રકારની રચનાઓ અનુવાદનો સાહિત્યિક પ્રશ્ન ઊભો કરે છે. 'કોઈનો લાડકવાયો', 'રાતાં ફૂલડાં', 'સૂના સમંદરની પાળે', 'છેલ્લી પ્રાર્થના', 'કવિ તને કેમ ગમે?' કે દ્વિજેન્દ્ર, રવીન્દ્રની કેટલીક રચનાઓનાં રૂપાંતરો આ સન્દર્ભમાં જોવાં જોઇએ.

મેઘાણીમાં એક બીજો ચારણી આત્મા છે, જે પ્રસંગોચિતતા ને સામયિકતાને પ્રશ્રય આપી તે વખતના 'ઊર્મિઉછાળાના પૂર'ને પોતાની રચનાઓ વડે વેગવાન બનાવે છે. તેમાં તેમની બાની ઉપકારક બનીને આવે છે. ત્રીશીના કવિઓમાં મેઘાણીનો સ્વર આ કારણે વધારે અલગ અને વધારે રાષ્ટ્રીયતાની છાપ ઊભી કરે છે. સાહિત્યના ઇતિહાસમાં સાહિત્યિક મૂલ્યવત્તાની સાથે જે તે કવિ-કવિતાની ઐતિહાસિકતાનો ખયાલ રાખવો પણ ઇષ્ટ છે. 'યુગવંદના'ની કવિતાનો આસ્વાદ લેતી વેળા એ કવિતાકળાની દૃષ્ટિ તો હોય જ, પેલી ઐતિહાસિક દૃષ્ટિ પણ સહૃદય ભાવક પાસે હોવી ઘટે. (પ્રકા૰ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; કિ. ૩-૦૦; પૃ. ૨૦૭)

સંજ્ઞા (મકરન્દ દવે): શ્રી મકરન્દ દવે એકલમાર્ગના યાત્રી છે. એમના વ્યક્તિત્વ જેવી મસ્ત એમની કવિતા આ અગાઉના એમના સંગ્રહોમાં જોવા મળે છે. 'સંજ્ઞા' આવતાં પેલી મસ્તીની ઊણપ વરતાય છે. કવિનો બહુધા પરિચિત સહેલાણી સ્વર 'સંજ્ઞા'ની કવિતામાં ઝાઝો નથી સંભળાતો. મકરન્દ પોતાનું એક નિકેત રચીને બેસી ગયા છે, તેમ છતાં દેશ-પરદેશની કવિતાની સરવાણી પીને તેમની સંવેદનાનો વ્યાપ વિશાળ અને ગહન બન્યો લાગે છે. કવિને કોઈ ખાસ કાવ્યરૂપો માટે પક્ષપાત નથી. સૉનેટ, ગઝલ, ગીત, મુક્તક, આ બધા કાવ્યપ્રકારોમાં મકરન્દની કવિતા વિહાર કરી શકે છે. શબ્દની પસંદગીમાં પણ કોઈ શુચિબોધ તેમનામાં નથી. મેઘાણીની યાદ આપે તેવા સંસ્પર્શ તેમની કાવ્યબાનીમાં અત્રતત્ર અનુભવાય છે, તો ક્યાંક ઉર્દૂ ને ક્યાંક વ્રજની છાંટ પર જોવા મળે. 'હૂકળ્યું' જેવો એકદમ તળપદો શબ્દપ્રયોગ યે વિરલ નથી.

મકરન્દ આમ તો મર્મી કવિ છે. સંગ્રહની આખરમાં રહેલી કેટલીક રચનાઓ આ વાતની સાખ પૂરશે. અનુવાદ માટે પસંદ કરેલી ઈસાઈ સંતોની રચનાઓ કે રવિ ઠાકુરની રચનાઓ પણ કવિની રુચિ પ્રત્યે ઇંગિત કરે છે. આવી રચનાઓમાં કવિ ઓર ખીલે છે. પણ સંગ્રહમાં જે રચનાઓ કવિની બહિર્મુખી વૃત્તિ લઈ ને આવે છે, તેમાં કવિતા ખોડંગાતી લાગે છે. 'જા, સુમિત્રા' 'સુધાની માંદગી' જેવી રચનાઓ કવિતાની કક્ષાએ પહોંચતી નથી. સંગ્રહમાં 'ઢોલક હજુ બજાવે છે' અને 'સામાન્યજનની શોધમાં' જેવી લાંબી રચનાઓ છે. તેમાં પહેલી કવિતામાં કવિ વાતાવરણ સર્જી શક્યા છે અને બીજી કવિતામાં આજના ખોવાઈ ગએલા સામાન્યજનની ખોજ જોવા મળે છે. પરંતુ બન્ને કવિતાની અંતિમ પંક્તિઓ કવિતાને ઉપકારક બનતી નથી. યથાર્થનાં દર્શન કરાવતી કૃતિઓમાં કવિનું તાટસ્થ્ય રહેવા પામતું નથી. મકરન્દની 'ગાયમાતા'ને પ્રિયકાન્તની 'એક ગાય' સાથે સરખાવી જોવા જેવી છે. સંગ્રહમાં મુક્તકો સારા પ્રમાણમાં છે. કેટલાંક ભાવની સચોટતાને કારણે તો કેટલાંક હૃદ્ય કલ્પનોને કારણે આસ્વાદ્ય બન્યાં છે. (પ્રકા૰ શ્રી હરિહર પુસ્તકાલય, સુરત; કિં. ૨-૫૦; પૃ. ૧૧૨)

તૃણનો ગ્રહ(ઉશનસ્): ગતવર્ષના કાવ્યસંગ્રહોમાં 'તૃણનો ગ્રહ' તેમાં રહેલી કાવ્યસમૃદ્ધિને કારણે વિશેષ નોંધપાત્ર છે. ઉશનસે આ સંગ્રહમાં અનેક સ્થળે પોતાની ઉત્તમ સર્ગશક્તિનો પરિચય કરાવ્યો છે. છંદોમાં શિખરિણી, કાવ્યસ્વરૂપોમાં સૉનેટ અને વિષયમાં ઋતુગાન કવિ ઉશનસ્‌ને પ્રિય છે. તેમની અનેક હૃદ્ય રચનાઓ આ કથનની પ્રતીતિ કરાવશે. આ સંગ્રહમાં કવિએ જે ગીતો અને એકાદ ગઝલ-રચના આપી છે તે નિષ્ફળતા પૂરતાં ઉલ્લેખ્ય છે. સંગ્રહની પ્રથમ રચના ન મૂકી હોય, તો ન ચાલે?

કવિનું પ્રકૃતિદર્શન તાજગીભર્યું છે. કવિની પંચેન્દ્રિયો એકસાથે પ્રકૃતિનો સંસ્પર્શ અનુભવતી હોય તેવી તીવ્રતા અનેક રચનાઓ વાંચતાં અનુભવાય છે, પરંતુ ક્યારેક કવિ અરીસાની જેમ માત્ર પ્રતિચ્છવિ ઝીલતા હોય છે ત્યારે યથાતથ સુરેખ વર્ણન કવિતામાં ઊતરવા છતાં તેની હૃદ્યતાનું પ્રમાણ ક્ષીણ બની જાય છે. વળી આવી રચનાઓ કેલાઇડોસ્કોપિક બનવાનો ભય પણ ઓછો નહિ. 'રસ્તો અને ચહેરા'નું સૉનેટગુચ્છ સંગ્રહમાં વધારે પ્રીતિ-પાત્ર બનવાનો સંભવ છે. 'વળી પાછા વતનમાં' પણ એટલું જ ધ્યાનાર્હ સૉનેટગુચ્છ છે.

સંગ્રહના નામકરણના મૂળ તૃણની વ્યાપકતા સંગ્રહની કવિતામાં જોવા મળશે. કવિને યોગ્ય રીતે જ કોઈએ 'તૃણપુલક કવિ' કહ્યા છે. તેથી બંગાળી કવિ જીવનાનંદની યાદ આવે છે: જીવનાનંદને 'ઘાસના કવિ' કહેવામાં આવે છે. પરંતુ ઉશનસ્‌માં વિસ્મયનું પ્રમાણ વધારે છે (સંગ્રહમાં આવતા 'અહો'ની ગણતરી કરી જુઓ), જીવનાનંદની ઉત્કટતા કદાચ ઓછી છે. પણ કવિ ઉશનસ્ જે રીતે તૃણને પામ્યા છે તે સાચે જ વિરલ છે.

ઉશનસ્‌ની એ મર્યાદા હશે કે જ્યારે પોતાનું ચિર-પરિચિત ક્ષેત્ર છોડી જરા અન્યથા થવા જાય છે કે તેમની કવિતા હાથતાળી આપતી લાગે છે. કવિ 'ગાંધીવારસો' આપવા જતાં કવિતા આપી શક્યા નથી. 'જીવનની ગહનતાનું દર્શન પામ્યા વિના કોઈ મહાન કવિ થયો નથી' એ કોલરિજની ઉક્તિ સારી કવિતા (ગુડ પોએટ્રી) સર્જવા માટે ભલે અનિવાર્ય ન હોય, પણ 'ગ્રેટ પોએટ્રી' સર્જવા માટે આવશ્યક છે. કવિ ઉશનસ્‌ની કવિતાની 'હૉરિઝૉન્ટલ' ગતિ 'વર્ટિકલ' થતી જોવા

મળશે હવે? (હરિહર પુસ્તકાલય, સુરત; કિં. ૨-૫૦; પૃ. ૧૩૨)

વસંતે (ગુલાબદાસ બ્રોકર): ૧૯૬૪માં પ્રગટ થતો આ કાવ્યસંગ્રહ ત્રીશીની કવિતાની યાદ આપે છે. કવિતાને આપણે કોઈ સ્થળ-વિશેષ કે કાળવિશેષમાં બાંધી શકતા નથી, છતાં એકાદ સમયખંડની કવિતાની કેટલીક સર્વસાધારણ લાક્ષણિકતાઓ વિષયો પ્રત્યેના અભિગમ ને અભિવ્યક્તિમાં જોઈ શકાય છે; ને તે રીતે આ નાની-મોટી ૪૯ રચનાઓમાં ત્રીશીની ભાવભૂમિની ઝલક જોવા મળશે.

સંગ્રહનાં પ્રણયકાવ્યોની સંખ્યા જ કવિના પ્રિય વિષયનો સંકેત આપી દે છે. સંગ્રહની પ્રથમ રચનાની છેલ્લી પંક્તિઓમાં કવિ કહે છે કે જ્યાં સુધી સૃષ્ટિની કારવાન ચાલતી રહેશે ત્યાં સુધી 'તારો મારો પ્રણય લસશે ત્યાં સુધી પ્રાણવાન.' પરંતુ કવિના આ પ્રણયની પ્રાણવત્તા તેમની કવિતાઓમાં ઝાઝી ઉદ્વેલિત થતી નથી. પ્રણયભાવ પ્રત્યેની મુગ્ધતા કે ગહનતાનો જોઈએ તેવો સંસ્પર્શ તેમની રચનાઓમાં નથી અનુભવાતો. હા, ક્યારેક કવિતા પ્રત્યેની મુગ્ધતા પ્રગટ થઈ જાય છે. ક્યારેક નાના અમથા ભાવનું કવિ પલ્લવન કરે છે અને તેને કારણે ભાવની તીવ્રતા મંદ થઈ જાય છે. 'અનિમેષ નેત્રે' અથવા 'હૈયું હસે ન શાનું?' રચનાઓ જોતાં આ કથનની પ્રતીતિ થશે. 'ધન્ય તુજથી' મુક્તકની બીજી પંક્તિ છે: 'તને હું ચાહું છું, જીવતર બન્યું ધન્ય તુજથી.' આવી ઉક્તિમાં અભિવ્યક્તિની અપસાધારણતા મુક્તકની કોટિએ પહોંચતી નથી. સંગ્રહના બીજા સ્તબકમાં કેટલીક હૃદ્ય રચનાઓ છે 'બુદ્ધને પ્રશ્ન', 'જાસુના વૃક્ષ નીચે' ફરી-ફરી વાંચવી ગમશે. અહીં પણ 'અમે ઉતારુઓ' જેવી, કવિ બ્રોકર પર વાર્તાકાર બ્રોકરની સરસાઈ દર્શાવતી રચના જોવા મળશે. કવિએ કેટલાંક સારાં સૉનેટ આપ્યાં છે. ગીતો પર કવિનો હાથ બેઠો લાગતો નથી. કલ્પનાની ઝાઝી ઉડાન પણ કવિ બતાવી શક્યા નથી.(પ્રકા૦ ચંદ્રપ્રકાશન, મુંબઈ ૭૭; કિં. રૂ. ૨-૭૫; પૃ. ૮૯.)

વિશ્વાંજલિ (અનુ. કુસુમાકર): રવીન્દ્રનાથના 'ફ્રૂટ ગૅધરિંગ'નો આ વિરૂપ ગુજરાતી અવતાર છે. મૂળ બંગાળીના અંગ્રેજી અનુવાદ પરથી રૂપાંતરિત આ રચનાઓમાં રવીન્દ્રનાથને પામી શકાતા નથી. મૂળનિરપેક્ષ રહીને વાંચીએ તો પણ ગુજરાતી રૂપાંતર આસ્વાદ્ય બની શક્યું નથી. અનેક નિરર્થક વિશેષણો વાપરવાની કવિને આદત છે, જે રૂપાંતરકારની છંદશક્તિ, શબ્દશક્તિ અને છેવટે તો સર્ગ (કે અનુ-સર્ગ) શક્તિની ન્યૂનતા દર્શાવે છે. રૂપાંતરકારે છંદોની સાથેસાથે વિવિધ રાગોનો પણ ઉપયોગ કર્યો છે. (પ્ર૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; રૂ. ૨-૨૫; પૃ. ૧૨૦.)

ઝાળ અને ઝાકળ (જમિયત પંડ્યા): 'જિગર' શ્રી જમિયત પંડ્યાનો આ નઝમ-મુક્તક-સંગ્રહ છે. સરળ સરિતાના ઝરણાં શા જીવન, મહાસાગરના ગંભીર વદન ને સૂર્યસમા ઉપકારી દહનની અભિલાષા સેવતા આ કવિ અનેક સંતર્પક રચનાઓ લઈને આવે છે. કવિની સંવેદનશીલ નજર સામાજિક જીવનમાં દેખાતી મર્યાદાઓ પ્રતિ વ્યંગ કરવા પ્રેરે છે. 'પતન' નામની રચનામાં માનવજીવનમાં રહેલી મર્યાદાઓનું નિરૂપણ છે, તો 'અવિરામ સફર' આઝાદી પછીની જાગેલી પરિસ્થિતિઓ પ્રતિ કવિની પ્રતિક્રિયા છે. શ્રી નિરંજન ભગતનું કાવ્ય 'સંસ્મૃતિ' આ સાથે સરખાવી જોવા જેવું છે. 'ઇશ્કે હકીકી' અને 'પી' સૂફીવાદી પ્રણયભાવનાનું આલેખન કરે છે. કવિ ઘણાં ચોટદાર મુક્તકોને કેટલાંક સરસપરભાષી કાવ્યોનાં રૂપાંતર પણ આપે છે. 'શાઇરોને' નામક રૂપાંતરિત રચનામાં અપાએલો આદેશ કવિએ સ્વયં જાણે અપનાવ્યો છે: 'સમયનો સાદ હો એવી ગઝલ મિત્રો! સુણાવી દ્યો.' સંગ્રહની અનેક પંક્તિઓ હોઠો પર રમી શકે તેવી છે. (પ્ર૦ સુમન પ્રકાશન, મુંબઈ-૯; કિં. રૂ. ૨-૨૫; પૃ. ૧૦૨)

રિમઝિમ (પરિમલ): સંગ્રહનાં લગભગ પચ્ચીશ પાનાં રોકતાં ચાર-ચાર પુરોવક્તાઓનાં વક્તવ્યોથી મહેકતા, શ્રી 'પરિમલ'ની આ નાની-મોટી ૧૫૪ રચનાઓના આ સમુચ્ચયની રચનાઓ વચ્ચેથી પસાર થનાર વાચકને તરત જ ખયાલ આવશે કે મોટા ભાગની રચનાઓ મુશાયરા-શાહી છે. ચમન, વતન, મનન ને ગુંજન એવા ચાર મુખ્ય વિભાગમાં રચનાઓ વહેંચાએલી છે, જેમાં ચમન વિભાગની રચનાઓ મોટે ભાગે ઉર્દૂનુમા છે. એની શબ્દાવલીમાં કોઈ તાજગી નથી. કવિ એના એ ભાવ વારે વારે ઘૂંટ્યા કરતા હોય એવો અનુભવ થાય છે, અને તે પણ પરંપરાગત. ભારત પરના ચીની આક્રમણે જે અનેક કાવ્યો-અકાવ્યોને જન્મ આપ્યો છે. તેનો લાભ આ સંગ્રહની 'વતન' વિભાગની રચનાઓને મળ્યો છે. અલબત્ત, આ પ્રકારની રચનાઓનું પણ એક પ્રકારનું સામયિકી મૂલ્ય હોય છે તે ન ભૂલીએ. 'ગુંજન'માં ગીત પ્રકારની રચનાઓ સવિશેષ છે, જે પૈકીની ઘણી માત્ર 'જોડવણી'થી વિશેષ નથી. 'રિમઝિમ'ના કવિની સિદ્ધિ એ રીતે પ્રમાણમાં ગઝલ પ્રકારની રચનાઓમાં સવિશેષ જોવા મળે છે; માત્ર એટલું જ હોત કે કવિ કેવળ પરંપરાનું દાસ્ય છોડી નવીન અભિવ્યક્તિ માટે પ્રયાસ કરે, નવીન કલ્પનો કે પ્રતીકોનો સહારો લે. (નવેન્દુ પ્રકાશન, નાણાવટ સુરત; રૂ. ૩; પૃ. ૧૬૦)

અલકનંદા (રજનીકાન્ત મહેતા): ૫૮ રચનાઓના આ સંગ્રહમાં કવિની આધ્યાત્મ પ્રત્યેની રુચિ છતી થતી જોઈ શકાય છે. કવિ દિવ્ય પ્રકાશની રાહના યાત્રી છે. એ મનના સંન્યાસી બની પ્રત્યેક ક્ષણે તીર્થનિવાસી બની રહે છે. કવિની મનીષા પ્રકૃતિની સ્તબ્ધ શાન્ત દશ્યાવલિમાંથી નવીનવી પ્રેરણાઓ મેળવી, સ્થિતપ્રજ્ઞતાથી વૃત્તિનિરોધ કરવાની છે. સરિતા અને સમુદ્ર આદિ પ્રાકૃતિક તત્ત્વો પણ કવિને પેલી ઊર્ધ્વમુખી યાત્રાની યાદ આપે છે.

'અલકનંદા'ના કવિને ભાવાનુકૂલ છંદ હજી મળ્યો લાગતો નથી, અને પરિણામે કવિને વિશેષણો—અનાવશ્યકવિશેષણો—વાપરવાની આદત પડી ગઈ છે. ગીતરચનાઓમાં પણ કવિને ઝાઝી સિદ્ધિ મળી દેખાતી નથી. પોતાની ભાવનાઓને પદ્યનું રૂપ આપી દેવાથી કવિતા સર્જાઈ જતી નથી. વળી, અનેક પંક્તિઓમાં પૂર્વસૂરિઓની રચનાઓની છાયા અનાયાસે જોવા મળે છે. સંગ્રહની થોડી રચનાઓ વાંચનારને પણ સત્ય, તિમિર, જ્યોત, પ્રકાશ, તેજ, દીપ્તિ, શ્રદ્ધા આદિ શબ્દોનું રટણ થતું લાગવાનું. ક્યાંક તળપદા શબ્દોનો પ્રયોગ રચનાને શક્તિ આપે તેવો હોય છે, પણ ત્યાં યે સમગ્ર રચના તો અતૃપ્તિકર રહી જાય છે. (પ્રકા૦ સુરાલય કિતાબમાલા, ભાવનગર; કિં. ૧-૫૦; પૃ. ૫૨.)

અભિષેક (શાંતિલાલ મહેતા—'સંઘર્ષ'): સંગ્રહની 'અર્પણ' કવિતાની પહેલી પંક્તિના આરંભના શબ્દો 'અહો પૃથ્વીમાતા...' આપણને કવિ 'સુન્દરમ્'ની 'અહો પૃથ્વીમૈયા'નું સ્મરણ કરાવે છે. આવી છાયાઓ યત્રતત્ર જોવા મળશે. શ્રી 'સંઘર્ષ' એક બાજુએ દિવ્ય-પંથપિપાસુ હોઈ—અને તેમાં ય શ્રી અરવિંદના અનુયાયી હોઈ દિવ્ય જીવનની અભીપ્સા માટેની રચનાઓ આ સંગ્રહમાં છે; તો, બીજી બાજુએ, સમાજજીવન પ્રત્યેની તેમની જાગ્રત દૃષ્ટિ સમકાલીન પ્રસંગો વિષે પણ રચનાઓ કરવાને પ્રેરે છે. પણ ઘણી ખરી રચનાઓ સુપદ્યની સીમાને અતિક્રમી શકી નથી. 'સ્તવન'માં સ્તોત્રની રજમાત્ર મધુરતા નથી. 'ગુર્જરી ગૌરવ'માં પ્રેમાનંદ, દયારામ, નર્મદ, ગોવર્ધનરામ અને ગાંધીજીને આપેલી—ગુજરાતી ભાષાની સેવા કરવા માટેની—અંજલિ ભક્તિભાવથી વિશેષ નથી. સદોષ છંદ, અશુદ્ધ

ખોરાક શોષણક્ષમ બનતો નથી. બીજું, ખોરાકના કદથી આંતરડાંની દીવાલોની આકુંચનલહરીગતિ પેદા થાય છે. આથી વધુ ખોરાકો જલદી પસાર થઈ જઈને તેના શોષણ માટે પૂરતો સમય મળતો નથી.

વનસ્પત્યાહારના સંપૂર્ણ પાચન અને શોષણની આડે આવનાર ત્રીજી બાબત કાષ્ઠતંતુ છે. હચિન્સન લખે છે: 'માનવી અને માંસભક્ષી પ્રાણીઓના અન્નમાર્ગમાં કાષ્ઠતંતુનું પાચન અધૂરું થાય છે. કાષ્ઠતંતુના પાચન માટે તૃણજીવી પ્રાણીઓનો અન્નમાર્ગ ખાસ રીતે વિકસેલો છે. વાગોળતાં પ્રાણીઓની હોજરીમાં ચાર કોઠા છે, તો ઘોડા ને સસલાંમાં મોટું અંધોત્ર (સીકમ) છે.

મોટાં આંતરડાંમાં જીવાણુઓની અસરથી કાષ્ઠતંતુ હાઇડ્રોજન, ફૉર્મિક, ઍસેટિક, ને બુટિરિક ઍસિડો તથા માર્શ ગેસમાં પરિણમે છે. આ કારણે વનસ્પત્યાહારથી પેટમાં ખૂબ વાયુ થાય છે, અને મળનું પ્રમાણ પણ વધારે હોય છે, જે મિશ્રાહાર કરતાં ત્રણગણું હોવાનું હચિન્સનનું કથન છે. પેશાબ પણ એથી વધારે થાય છે. રાતના મોડા કે વધારે ખાવાથી પેશાબ માટે ઊંઘમાંથી ઊઠવું પડે છે. એથી નિદ્રામાં વિક્ષેપ પડીને આરામ ઓછો થાય છે.

ટૂંકામાં, વનસ્પત્યાહારના વધુકા પ્રમાણ અને વાયુ-ઉત્પાદનથી આંતરડાં ફૂલે છે, પેશાબ તથા મળની હાજત વારંવાર થાય છે અને કાર્બોહાઇડ્રેટ, પ્રોટીન તથા ચરબીનું ઓછું શોષણ થાય છે.

આનો અર્થ એમ નથી કે વનસ્પત્યાહારીઓએ માંસાહાર તરફ ઢળવું. આબોહવા અને શરીર-બંધારણ બંને દૃષ્ટિએ ભારતવાસીઓને વનસ્પત્યાહાર જ વધારે માફક છે. ગરમ ઋતુમાં તો સુખાકારીની દૃષ્ટિએ ઘણા યૂરોપીય લોકો પણ ઓછું માંસ ખાતા હોવાનું ડૉ. ઘોષનું કથન છે. વધારામાં તે કહે છે:

'ગરમ ઋતુમાં માંસાહારની તૃષ્ણા ઓછી રહે છે; વળી ચરબીભર્યું માંસ તો પચે છે પણ ઓછું. હિંદમાં યૂરોપીય લોકોએ આહારનો ફેરફાર કરવો જ જોઈએ. હિંદમાં યૂરોપીય આહાર ચાલુ રાખવો એ જેમ વાજબી નથી, તેમ તેમણે સ્થાનિક લોકોનું અનુકરણ કરવું એ પણ મૂર્ખામી લેખાશે. યોગ્ય મિશ્રાહારમાં પ્રાણિજ આહારનું પ્રમાણ એક ને ચારના પ્રમાણ કરતાં ઓછું જોઈએ. આ પ્રમાણ જો વધારવામાં આવે તો કલેજા અને મળોત્સર્ગના અવયવો ઉપર અનુચિત બોજો લદાય છે.' આ બાબતમાં પ્રો સિમ્પસનની ઉક્તિ આ રહી: 'હિંદનાં મેદાનોમાં ઊતરી આવેલા આર્યો મૂળે તો માંસાહારી હતા'; પણ સદીઓના અનુભવે તેમને વનસ્પત્યાહારી બનાવ્યા છે, અગર તો માંસના આહારના પ્રમાણમાં પરિમિતવ્યયી બન્યા છે.

માંસ ઘટ્ટ અને ઓછા સમયમાં પચનારો ખોરાક હોઈ બળ, હિંમત અને જીવનશક્તિ આપનારા ખોરાક તરીકેની એની ગણના છે. માંસાહારથી તાત્કાલિક તાકાત પ્રાપ્ત થાય છે, જ્યારે વનસ્પતિ ખોરાકથી ધીમેધીમે વળી શ્રમભર્યાં કામ માટે બળના ઉત્પાદક તરીકે કાર્બોહાઈડ્રેટ કરતાં માંસ ઘણું ઊતરતું છે. માંસાહારથી જેમ ત્વરિત, પેદા તાકાત થાય છે તેમ તેનો વ્યય પણ પુષ્કળ હોય છે; જ્યારે નિરામિષાહારમાં તાકાત ધીમેથી, ઉત્તરોત્તર વધતી અને તાલબદ્ધ મળે છે. આથી અવિશ્રાન્ત કામમાં થાક જીરવવામાં આમિષાહારી કરતાં નિરામિષાહારી ચડિયાતો નીવડે છે. ડૉ. ચંદ્ર ચક્રવર્તી લખે છે: 'શારીરિક કે માનસિક અવિરામ કામગીરીમાં નિરામિષાહારી સદા ય શ્રેષ્ઠ નીવડે છે. વનસ્પત્યાહારથી મળતાં બળ, સામર્થ્ય ને સહનશક્તિનું જ્વલંત ઉદાહરણ પ્રો. રામમૂર્તિ પૂરું પાડે છે. તે ચાર ટન વજનના હાથીને શરીર ઉપરથી પસાર થવા દેતા, છાતી ને બરડા ઉપર ત્રણ હજાર રતલનો પથ્થર હથોડાના ઘા વતી તોડવા દેવા અને છાતી ઉપર બાંધેલી ½ ઇંચ જાડાઈની સાંકળ માત્ર ખભા ફેલાવીને તોડી નાખતા.

માંસાહારથી પ્રગટતી અતિશય ઉત્તેજનાને લીધે જ્ઞાનતંત્રની આવેગશીલતા વધે છે. તેનાથી શરીરના રસાદિ (હચુમર) આમ્લિક બને છે. વળી વધારે પ્રમાણના આમિષાહારથી દાંત આગળ પથરી જામે છે, પરુનાં ખાનાં થઈ તેમાં રોગજનક જીવાણુઓ વસે છે, જેના લીધે મોડી કે વહેલી પાચનક્રિયા બગડે છે.

સંયુક્ત નિરામિષાહારમાં ઓછાં પ્રોટીન વધુ હોઈ કાર્બોહાઇડ્રેટ તેનાથી સૌમ્ય ને સતત ગરમી અને શક્તિ પ્રાપ્ત થાય છે. માંસાહાર એ હોજરીનો ખોરાક છે, જ્યારે વનસ્પત્યાહાર આંતરડાંનો. અન્નાહારમાં માંસની પેઠે આંતરડાંમાં નાઇટ્રોજનયુક્ત સડો થતો નથી, તેમજ મત્રપિંડોને ઓછાં ઝેરી દ્રવ્યોનો નિકાલ કરવાનો રહે છે. વળી, અન્નાહારમાં કાર્બોહાઇડ્રેટ અધિક અને પ્રોટીનો ઓછાં હોઈ આમિષાહાર કરતાં કોષીય અપક્રિયા (કેટાબૉલિઝમ) ઓછી થાય છે. આ ક્રિયા માંસમાં વધારેમાં વધારે, દૂધમાં મધ્યમ અને નિરામિષાહારમ: ઓછામાં ઓછી થાય છે.

આમિષાહારથી યૂરિક ઍસિડ બહુ પેદા થાય છે. લાંબા ગાળાના આમિષાહારથી રસાદિ આમ્લિક બનીને યૂરિક ઍસિડનું વિસર્જન અવરોધાય છે. આમ, તેના ભરાવાથી અને રસાદિની આમ્લિકતાથી લોહીની ચીકાશ વધીને રુધિરાભિસરણ ધીમું બને છે; વળી, લોહીની નળીઓની કઠણાઈ (આર્ટેરિયો સ્કલે રૉસિસ) પણ જલદી થાય છે, જેનાથી અકાળ વૃદ્ધત્વ અને તેની આપત્તિઓ આવી પડે છે.

વનસ્પત્યાહારમાં ઘણાં ખનિજ દ્રવ્યો હોઈ તેની પ્રતિક્રિયા અલ્કલી છે. વળી આંતરડાંમાં તેનો પ્રોટિયોલાઇટિક વિપાક આછો થાય છે. મૅકનીકૉફ કહે છે કે આંતરડામાં થતા સડાથી અકાળ વૃદ્ધત્વ આવી પડે છે, જ્યારે નિરામિષાહાર યુવાનીને ટકાવનાર, ઘડપણની નબળાઈ ટાળનાર અને લાંબી જિંદગી આપનાર હોવાનું માનવામાં આવે છે.

નજલો (ગાઉટ), કલેજાનો ભરાવો, વાતરોગ, ન્યૂરેસ્થેનિયા આર્ટેરિયો સ્કલેરૉસિસ અને મૂત્રપિંડના 'બ્રાઇટ્સ ડિઝીઝ'માં માંસાહાર વર્જ્ય છે અને વનસ્પત્યાહાર પથ્ય છે. પાંત્રીસની ઉમર બાદ માંસ અને પચાસની વય પછી માછલી ખાવાનું છોડવાનું સલાહભર્યું હોવાનું, અને દૂધ તથા નિરામિષાહાર કામગરી જિંદગી, આરોગ્ય ને દીર્ઘાયું બક્ષનાર હોવાનું ડૉ. ચંદ્ર ચક્રવર્તીનું કહેવું છે. દીર્ઘાયુત્વ સંબંધમાં જ્યૉર્જ બર્નાર્ડ શૉનું લાક્ષણિક કથન આ રહ્યું: 'માંસાહારીનું સરાસરી આયુ ૬૩નું છે. મને ૮૫ થવા આવ્યાં છતાં અગાઉની જેમ સખત કામ કરું છું. હું લાંબું જીવ્યો છું. મરવાનો પ્રયત્ન કરું છું. એક બીફ-સ્ટીક મને મારી નાખવા પૂરતું છે, પણ મારાથી તે ખાઈ શકાતું નથી. અમર રહેવાના ભયે હું ગભરાઉં છું. વનસ્પત્યાહારનો આ મોટો ગેરલાભ છે!'

યૂરોપ અને અમેરિકામાં મિશ્રાહાર છે ખરો, પણ ત્યાં ખાદ્યોમાં માત્ર ૧૦ થી ૧૫ ટકા સ્ટાર્ચ હોય છે. ૧૮૯૦ની સાલમાં વૈજ્ઞાનિક આહારશાસ્ત્રની શરૂઆત થઈ ત્યારથી પ્રયોગશાળાના અખતરાઓના પરિણામે સાબિત થયું છે કે માંસ એ અનિવાર્ય ખોરાક નથી, ઉપયોગી કે હિતકારી પણ નથી; પરંતુ કેટલાક રોગોનો ઉત્પાદક છે. યૂરોપમાં એવાં ઘણાં નિસર્ગોપચાર (નેચર ક્યૉર) મંડળો સ્થપાયાં છે, જ્યાં જીર્ણ પોષણીય રોગોથી પીડાતાઓને સંયુક્ત વૈજ્ઞાનિક અન્નાહાર દ્વારા આરોગ્ય પ્રાપ્ત થયું છે. આ પછી તો વનસ્પત્યાહારવાદ એ આંતરરાષ્ટ્રીય હિલચાલ બની છે, જેમાં પૂર્વના ધાર્મિક અને પ્રગતિશીલ વિજ્ઞાનનો ટેકો મળ્યો છે. ઘણાં અન્નાહારપ્રચારક મંડળો સ્થપાયાં છે અને અન્નાહાર સંબંધમાં ઘણું સાહિત્ય પણ લખાયું છે. ત્યાં વન-

સ્પતિજ ખોરાક સાથે દૂધ અને ઈંડાંના આહારને 'લૅક્ટ-ઓવો-વેજિટેરિયન' આહાર કહેવામાં આવે છે. આવા આહારમાં શાકભાજી અને ફળોને અપાતા મહત્ત્વનું હચિન્સન મોટું મૂલ્ય આંકે છે.

વનસ્પત્યાહારની ઊણપો ને ખામીઓ નિવારવા રોજિંદા આહારમાં દૂધ, દહીં, છાશ કે પનીરનો ઉમેરો કરવો અત્યંત આવશ્યક છે. હમણાં ડેરીના ઉદ્યોગોથી દૂધ ગામડાંઓમાંથી શહેરો ભણી ખેંચાય છે. દસકા અગાઉ મફતના ભાવે મળતી છાશ પણ આજે ત્યાં અપ્રાપ્ય બની છે. દૂધ જો આમ ઘસડાઈ જાય તો પછી ગામડાંઓમાં ઊછરતાં બાળકોને પીવાને માટે કે ઘી માટે તો તે ક્યાંથી જ રહે? આ દુર્દશાના કારણે ગામડાંની પ્રજાનું હીર કેટલું હણાશે એ તો ભવિષ્યમાં જાણવા મળશે, પણ ગામડાંઓમાં આજે દૂધના વાખા પડે છે એ એક હકીકત છે. આ સ્થિતિમાં પ્રોટીનની ઊણપ ભરપાઈ કરવા માટે ત્યાં રોજિંદા આહારમાં વધુ પ્રમાણમાં કઠોળ અને મગફળીનો ઉમેરો કરવો જરૂરી છે. મગફળીમાંથી પ્રોટીન સાથે ચરબી પણ મળી રહે છે.

જેમને વાંધો ન હોય તેમણે ઈંડાં કે માછલી, કે બન્નેમાંથી પોષણ મેળવવું લાભદાયી છે. કેવળ શૂક અને શિંબી ધાન્યોનો જ આહાર તો અ-સમતુલ બને છે. શાકભાજી, ફળો, દૂધ ને દૂધની નીપજોના ઉમેરાથી જ તે સમતુલ બને છે. વધારે પડતા માંસાહારની ખામીઓ ટાળવા પણ શાકભાજી ને ફળોનું મોટું મહત્ત્વ છે. પોષણવિજ્ઞાનના ખ્યાતનામ તજ્જ્ઞ મૅક્કૅરિસન શ્રેષ્ઠ આહારની વ્યાખ્યા આ પ્રમાણે બાંધે છે: 'ઉત્કૃષ્ટ આયોજનવાળા ખોરાકમાં દૂધ, દૂધની નીપજો, શૂકધાન્યો, લીલોતરી પાંદડાંવાળી ભાજી અને ફળો છે. આ પ્રરક્ષક ખાદ્યો છે. આહારના બીજા ઘટકોની ખામી એનાથી ભરપાઈ થાય છે, ચેપી અને બીજા રોગો સામે શરીરનું રક્ષણ થાય છે અને તેમના પૂરતા પ્રમાણના આહારથી શારીરિક કાર્યક્ષમતા પ્રાપ્ત થાય છે.'

વનસ્પત્યાહારમાં માત્ર પોષણનો જ વિચાર નથી. એના પાયામાં જીવમાત્રની પવિત્રતા, એકતા અને સર્વાત્મભાવનું પવિત્ર જ્ઞાન રહ્યું છે. ભારતમાં હજારો વર્ષોથી ચાલ્યા આવતા વનસ્પત્યાહારની પાછળ ધાર્મિક અને નૈતિક પ્રબળ ભાવના પડેલી છે; જીવનની પવિત્રતા સ્વીકારવા સાથે કાર્ય-કારણ ભાવના સંબંધનું જ્ઞાન રહેલું છે, નૈતિકતા અને માનવતા સંકળાએલાં છે; **मित्रस्य चक्षुषा समीक्षा महि** (મિત્રની દૃષ્ટિથી બધા જીવોને નિહાળવવા)ના વેદના આદેશનું પાલન રહેલું છે.

આપણા પ્રાચીન અને અર્વાચીન સાધુ-સંતો, તત્ત્વજ્ઞો અને અવતારી પુરુષોએ વનસ્પત્યાહારનો આદેશ આપેલો છે. આમિષાહારી અને નિરામિષાહારીની માનસિક શક્તિઓનો ક્યાસ કાઢવો કે અભિપ્રાય આપવો અશક્ય છે, પણ આપણા દેશમાં સદીઓજૂના વનસ્પત્યાહારના પ્રભાવથી ઘણા દેશોને અપ્રાપ્ય એવી આધ્યાત્મિક સિદ્ધિઓ મળ્યાનો તો ઇતિહાસ છે. આ આધ્યાત્મિક વિકાસ આમિષાહારના કારણે જ હોઈ શકે. આહાર સાથે માનસિક અને આધ્યાત્મિક વિકાસને ગાઢો સંબંધ છે. પાઈથાગૉરસ, સૉક્રેટિસ અને પ્લેટો જેવા પશ્ચિમી તત્ત્વજ્ઞો વનસ્પત્યાહારના ઉત્કટ હિમાયતી હતા.

મનની કામગીરી ઉપર ખોરાકના પ્રભાવ વિષે સર રૉબર્ટ મૅક્કૅરિસનનું કથન આ પ્રમાણે છે: 'મનની કામગીરી ઉપર ખોરાકની અસર છે. માનસિક કામગીરી માટે યોગ્ય દ્રવ્ય પૂરું પાડનારા થોડાક ખોરાક છે. સામાન્ય રીતે માંસ વગરના, તાજા વિટામિનો ને કૅલ્શ્યમ તથા ફૉસ્ફરસથી સમૃદ્ધ સાદા ખોરાકથી મન શ્રેષ્ઠ કામ ઉપાડે છે.'

અન્નાહાર એ હિંદુ ધર્મનો ભારેમાં ભારે વારસો હોવાનું મહાત્મા ગાંધીજીનું કથન છે. વિનોબાજી લખે છે: 'જગતના ઇતિહાસમાં એકલા ભારતવર્ષમાં મોટો પ્રયોગ થયો. કરોડો લોકોએ માંસ ખાવાનું છોડ્યું અને જેઓ માંસ ખાય છે તે પણ પોતે કંઈ બહુ સારું કરે છે એમ લાગતું નથી. મનથી તો એમણે માંસ છોડી દીધું હોય છે.'

ગુજરાતમાં તો નિરામિષાહારીઓને મન દુ:ખ ન થાય એ રીતે આમિષાહારીઓ માંસ ખાય છે. આમ, નિરામિષાહાર ઉચ્ચ સંસ્કારની બાબત લેખાઈ છે. ગાંધીજી લખે છે: 'મને તો માંસાહાર માનવજાતિ માટે અયોગ્ય લાગે છે. જો આપણે પશુવર્ગથી ઊંચા હોઈએ તો પશુવર્ગનું અનુકરણ કરવામાં આપણી ભૂલ જ છે. અનુભવ બતાવે છે કે જેમને વિષય જીતવા છે તેમને માટે માંસાહાર અયોગ્ય છે. 'જેવો આહાર તેવો માણસ' એ સૂત્રમાં ઘણું સત્ય છે. માણસનો આહાર સાત્ત્વિક ન હોય તો એનું મન સાત્ત્વિક ન જ રહી શકે. માંસાહાર ન કરવો એ આત્માના વિકાસની દિશામાં ભારે મદદકર્તા છે. અન્નાહાર આત્માના ઘડતર માટે છે, શરીરના ઘડતર માટે નહિ. માણસ શરીર કરતાં વિશેષ છે. માણસની અંદર જે આત્મા રહેલો છે તેની આપણને લેવાદેવા છે.'

વનસ્પત્યાહારમાં ખોરાકની યોગ્ય પસંદગી થવાથી તે પોષણદાયી નીવડે છે. એનાથી શ્રેષ્ઠ શારીરિક વિકાસ બળ અને સહનશીલતા મળે છે; કામગરા રહી શકાય એવી, રોગ વિહીન લાંબી જિંદગી પ્રાપ્ત થાય છે અને તદુપરાંત તન તથા મનનાં આરોગ્ય, સ્ફૂર્તિ અને આધ્યાત્મિક વિકાસ તો ખરો જ. (ચાલુ)

સાહિત્યસંપર્ક

અદ્દભુત પાત્રસૃષ્ટિ

એ સૃષ્ટિ! કેવી તો અદ્દભુત છે એ સૃષ્ટિ!... એ સૃષ્ટિ રમણીય છે અને વિસ્મયજનક. એમાં ઉચ્ચ પ્રતિનો શૃંગાર છે, શૌર્યનાં પ્રેરક આલેખન છે, સ્થળેસ્થળે શોક ઘેરો કરુણ રસ છે, કદીક હાસ્યની લહરી પણ ત્યાં વર્તાય છે. એમાં માનવના મનોભાવોનાં શબ્દચિત્ર કોઈ વાર કોમળ રંગછટાથી દોરાયાં છે, તો ઘણી વાર સુરેખતાના સૌષ્ઠવે પણ પરિતર્પક બને છે.

એવાં એ શબ્દચિત્રોનો ચિત્રકાર કોણ હશે? એ છે ઇતિહાસનાં અમર માનવરત્નોની ઝલક ઝીલીને ઝિલાવનાર શૈલીસ્વામી લૅન્ડૉર, અંગ્રેજી ભાષાના ઓજસ્વી ભૂષણરૂપ, પ્રશિષ્ટ એના સાહિત્યકાર, શિષ્ટ વાચનના ચાહકોને તો 'લૅન્ડૉરના કાલ્પનિક સંવાદો' દ્વારા પંચાવનેક વર્ષથી સારી રીતે પરિચિત.

ગુલામો અને ફિલસૂફો

કદરૂપો પણ પ્રેમાળ ઈસપ અને બાલિકા રૂહોડોપી (=ગાલે ગુલાબી) ગ્રીસના શ્રીમંત ઝેન્થસને ત્યાં ગુલામો હતાં. એ બાલિકાને તેના હેતાળ પિતાએ ભૂખના દુઃખે વેચવી પડી હતી અને પાકટ ઉંમરનો ઈસપ પણ એવા જ કષ્ટના કારણે વેચાઈ આવ્યો હતો. એ બંને વચ્ચેના સંવાદમાં તેમના નિર્વ્યાજ પ્રેમની વાત આવે છે ને દુકાળનાં દુઃખ અને જીવનમૃત્યુ વિષે તાજગીદાર ચિન્તન છે.

બીજા પ્રાચીન સ્થળ રોમના ઇતિહાસમાંથી જે વસ્તુ લેવાયું છે તે ત્યાંના બે ફિલસૂફોના વાર્તાલાપનું છે. ગ્રીક ગુલામ એપિક્-



ઓગણીસમી સદીના અંગ્રેજી સાહિત્યનો સમર્થ ગદ્યસ્વામી

વૉલ્ટર સૅવેજ લૅન્ડૉર

લેખક - વિજયરાય કલ્યાણરાય વૈદ્ય

ગયા વર્ષે (૧૯૬૪)ની ૧૭મી સપ્ટેમ્બરે 'ન ભુલાવા જેવા છતાં ભુલાએલા' એક સમર્થ અંગ્રેજ ગદ્યસ્વામી લૅન્ડૉરની શતસંવત્સરી આવી ગઈ. આપણા સાહિત્યમાં 'એવી રીતનું ભુલાઈ જતું અટકાવવાના સબળ પ્રયત્ન કરતા રહેલા અગ્રત આશીદાર ને વિદ્વાન વિવેચક શ્રી વિજયરાયે, એ ગદ્યસ્વામીના જગવિખ્યાત 'કાલ્પનિક સંવાદો'ને એક કાળે ગુજરાતીમાં ઉતારીને આચાર્ય આનંદશંકર ધ્રુવ જેવાની પ્રશંસા મેળવનાર આપણા વયોવૃદ્ધ સાક્ષરવર્ય મોહનલાલ પાર્વતીશંકર દવેને તેની યાદ આપીને એ પ્રસંગે નાની અંજલિ 'ગુજરાતમિત્ર'-માં એમને હાથે અપાવેલી. એ અંજલિનો અંતિમ ભાગ આ નીચે ઉતારીએ છીએ:

"એની છેલ્લી કૃતિ ઈ. સ. ૧૮૬૩માં પ્રકટ થઈ. ઈ. સ. ૧૮૬૪ની શરૂઆતથી એની સઘળા પ્રકારની નિર્બળતા વધવા માંડી. ૮૯ વર્ષની ઉંમરે પણ સ્વિનબર્ન (જે એનો પૂજક થયો હતો, જેણે પાછળથી એની પ્રશંસા ઘણી કરી હતી, અને જે ખાસ એ ઘરડા માણસનું મોં જોવા ખાતર ફ્લૉરેન્સમાં આવ્યો હતો) તેની સાથે વાતચીતનો આનંદ ક્ષણવાર લઈ શક્યો હતો. આ યુગના સૌથી બાળક કવિને જૂના યુગના સૌથી વૃદ્ધ કવિના દર્શનથી જે માન ઊપજ્યું તે તેણે એક સુંદર કવિતા વડે હમેશને માટે સાહિત્યમાં નોંધી રાખ્યું છે:

I came as one whose thoughts half linger,/Half run before;
The youngest to the oldest singer,/That England bore.
I found him whom I shall not find,/Till all grief end;
In holiest age our mightiest mind,/Father and friend.

હવે એ છેક જ નિર્બળ થઈ ગયો હતો. સપ્ટેમ્બર મહિનાના મધ્યમાં એનું ગળાનું દુઃખ વધ્યું. એનાથી ખવાતું બંધ થયું. એણે ખોરાક લેવાની ના પાડી અને ત્રણ દહાડા એ ભૂખ્યો રહ્યો. ત્યાર પછી એને જોશભેર ઉધરસ આવી અને ઈ. સ. ૧૮૬૪ના સપ્ટેમ્બર મહિનાની ૧૭મી તારીખે એ મરણ પામ્યો." - મો. પા. દવે

શ્રી વિજયરાયે અત્યંત ભાવપૂર્વક એ સમર્થ સાહિત્યકારનાં જીવન અને કથનનો જે સમયાનુરૂપ અને રસભર પરિચય આપ્યો છે તે આ સાથે રજૂ કરીએ છીએ.

ટિટસ અને ધનિક રોમન સિનેકા એમાં જે કેટલેક વિવાદ કરે છે તેના વિષયો છે તત્ત્વજ્ઞાનનો ખરો ઉદ્દેશ ને શૈલીપ્રકાર. વાંચનાર પ્રત્યેક પાત્રના સંભાષણ પરથી જોઈ શકે છે કે ગ્રીસથી વેચાઈને આવેલો નિર્ધન એપિક્ટિટસ નિખાલસ દિલનો અને પ્રૌઢ વિચારી સજ્જન છે, તો સિનેકા દંભી અને આડંબરી આદમી છે. પ્રત્યેકનું ચારિત્ર્ય આ પંક્તિઓ પરથી સમજાઈ જાય છે. સત્યનો ઉપાસક ગ્રીક કહે છે કે પોતાને કહેવું હોય તે ખરું છે એટલી ખાતરી કર્યા પછી પોતે એ હમેશ સરળ અને લાઘવયુક્ત વાણીમાં બોલવાનું પસંદ કરે છે. તેને જવાબ મળે છે એવા ભાવાર્થનો, કે અવનવી જુસ્સાદાર ભભકભરી ભાષાથી, 'રણઝણાટવાળાં વાક્યો'થી શ્રોતા કે વાચકને આંજી નાખવા (સત્ય-બત્યને ગૌણ ગણી) જોઈએ. તેનો પ્રતિવાદી કહે છે, 'ના: એ પિક્ટિટસ: 'પણ સત્ય જેવું કંઈ પણ ભપકાદાર નથી, જુસ્સાદાર નથી ને નવું પણ નથી.'

સ્નેહનો સંતાપ

જગવિખ્યાત પ્રીતમ-પ્રેયસી ડૅન્ટી અને બિટ્રિસ વચ્ચે જે રસમય સંવાદ થાય છે તેમાં 'વિયોગદુઃખની ઘેરી છાયા' છે અને આ બે પ્રેમીઓના ઉર બનાર વિયોગની દુઃખદ કલ્પના છે.' એ વિયોગ અધિક દુઃસહ તો આ કારણે છે કે શૈશવથી જ પરસ્પર પ્રેમબંધને બંધાએલાં આ જણાંમાંથી ૧૧ વર્ષના કવિની પ્રિય સાથી, પંદર વર્ષની અને અન્યને પરણીને હવે સાસરે જતી એ બિટ્રિસ આજે બાલસખાની ચિરવિદાય લે છે. અહીં મોટી ખૂબી તો એ છે કે કિશોરમાં અખંડ આસ્થાવતી કિશોરી કિશોર કરતાં ઘણી ઠાંબરી ને ધૈર્યશીલ છે. છૂટાં પડવાનો સમય છેક નજીક આવતાં વિહ્વલ પ્રેમીની જે દશા થાય છે તે જોઈને બિટ્રિસ કહે છે: 'આ શું! આ શું! એક બાવી (નન)ના મૃત્યુ સમયે શોકભારવાળી અને ધામી બાળાઓ જેમ એક પાછળ એક ચાલી આવે છે તેમ ધાર ધાર જેવાં આંસુઓની ધાર તમારાં નયનમાંથી ખર ખર વહે છે. એ અશ્રુમાળા હું જોઈ શકતી નથી.' આ મીઠા ઠપકા છતાં શોકસંતપ્ત ડૅન્ટી તો તેનાથી આઘા જ ખસતો જાય છે ત્યારે, 'આમ આઘા શું

થાઓ છો? આમ ચિડવાઓ છો શું?' એવાં વચને તેને આશ્વાસન આપતી, અન્યને પરણવાની પિતૃઆજ્ઞાને ઈશ્વરાજ્ઞા માનનારી એ ધર્મિષ્ઠ સ્ત્રી સૂચવે છે કે મારાથી તો હવે બીજું કાંઈ થાય તેમ નથી. પણ તમે જે અવિવાહિત પુરુષ છો તેને તો હજી અનેક યુવતીઓ આંખ ભરીને નીરખવાની, એમાંથી પસંદ કરી પરણવાની તક છે; ને એ રીતે જ, આપણે ભવિષ્યમાં કદીક પણ મિત્રો તરીકે મળી શકશું. પણ, ડૅન્ટી તો ઉત્તર, આ સવાલો કરીને આપે છે :

(શિખરિણી)

'કહે શું તું મુંને, હૃદય પરનો ભાર ત્યજવા?
અને શું આ આંખે અવર યુવતીને નિરખવા?
નહીં જો આ મારું જીવન તુજ કાજે વહી શકે,
વૃથા જીવ્યું મારું! જગત સહુ વેરાન સમ છે!'

પણ બિટ્રિસ તો વિયોગની ક્ષણે પોતાની કવિ માટેની પ્રેમોર્મિને અંકુશમાં રાખી બંનેની કુમકે મેરી માતાને જ બોલાવે છે : 'પ્રાર્થનાઓ! હૃદયને એ કેવું શાન્ત ને હલકું બનાવે છે! એ પોતાની સાથે હૃદયને સ્વર્ગે સુધી લઈ જાય છે, અને જેને આપણે ચાહતાં હોઇએ તે પણ પાછળ રહી જતાં નથી.'

પ્રાચીનનો આજન્મ આશક

ગ્રીક ને લૅટિનભાષાઓનાસાહિત્યનો રસાસ્વાદ લેનાર બીજા પણ અભ્યાસીઓ ને રસિકજનો ઇંગ્લંડમાં થયા છે, તેમ જ તેમણે એમાંથી પોતાની કૃતિઓ માટે ઉપાદાનસામગ્રી મેળવી છે. આ ખરું, પણ આપણો આ પ્રબળ વ્યક્તિત્વવાન સાહિત્યકાર તો એ સાહિત્યનો જાણે જન્મથી જ આશક હતો; આશક, અને અજબ રસિયો. એ સાહિત્યનાં પાત્રો-પ્રસંગોને તેણે પોતાના આન્તર જીવન સાથે એવાં તો એકરસ કરી લીધાં હતાં, કહો કે એ સહજ ભાવે થઈ ગયાં હતાં, કે એ પ્રકારના થોડા કાલ્પનિક સંવાદો – કાલ્પનિક, પણ માનવમૂર્તિઓને પ્રત્યક્ષ આપણી સમક્ષ કરી આપે તેવા સંવાદો—રચીને જ તેનાથી વિરમાય તેમ નહોતું. એટલે, આપણે જોઈએ છીએ કે તેણે એક અદ્‌ભુતરમ્ય સંવાદમાં રોમન સરદાર મૅરિયસની બહાદુરી તથા પ્રભાવાકાંક્ષાની પિછાન વાંચનારને કરાવી છે, તો બીજામાં વીરોચિત મૃત્યુને વરનાર થવાએલા રોમન યોદ્ધા માર્સેલસની છેલ્લી ક્ષણો તેનો દાનો દુશ્મન હૅનિબાલ કેવી સ્તુત્ય દાનાઈથી સાચવી લે છે એ બતાવ્યું છે. 'કાર્થેજનો વિનાશ'માં પ્રતિજ્ઞાભંગી રોમનો સામે કાર્થેજિનિયનોએ કેવો તો 'સંપ, સ્વાશ્રય અને સ્વાર્પણનો ઉત્તમ દાખલો' પૂરો પાડ્યો તેની વીરગાથા વર્ણવાઈ છે તેમ જ કાર્થેજના લોકો દેશદ્રોહીઓ તરફ કેવા કરડા થતા તેની ઝાંખી કરાવી છે.

રોમન તેમ ગ્રીક સારસ્વતપ્રવાહની ઋણી લૅન્ડૉરની રચનાઓને તેના દિલોજાન દોસ્ત સુકવિ સ્વિનબર્ને તેની 'પ્રતિભાનાં સુન્દરતમ પુષ્પો' અમસ્થાં જ ન કહ્યાં હોય. બીજા પ્રવાહમાં અવગાહન કરીને ઉત્સાહશ્ચ ચિત્તપ્રસાદ પામેલા આ ગદ્યસ્વામીએ 'વીર પુત્રનું ભાવિ' એ સંવાદ, પતિપત્ની માનવ પેલ્યૂસ અને દેવી થેટિસ વચ્ચે થતો રચ્યો છે. તેમનો પુત્ર ઍકિલિસ ટ્રૉયની મશહૂર લડાઈમાં ગયો છે ત્યારે તેનું ભાવિ વિમાસતી માતા અને એ ચિરવિયોગિનીને હવે આવી મળેલો પેલ્યૂસ આશ્વાસન આપે છે એ પ્રસંગ અહીં આલેખાયો છે. સંવાદગ્રન્થોના ભાષાન્તરકર્તા પ્રા. મોહનલાલ દવે કહે છે તેમ, 'યૌવનની અને દેવતાઈની સુન્દરતા કરતાં પણ સ્નેહી હૃદયવાળા મનુષ્યની સુન્દરતામાં ઑર જ ખૂબી છે એમ આ સંવાદમાં બતાવી આપ્યું છે.' પછી ઉમેરે છે : 'વૃદ્ધાવસ્થાથી કે દુઃખથી એ સ્નેહમાં લેશ પણ ઘટાડો થતો નથી, અને એવા સ્નેહનો આનંદ અનુભવવો એ એકલી માનવજાતિનો જ ધન્ય અધિકાર છે.'

યૂરોપિયન વિષયો

લૅન્ડૉરે મધ્યકાલીન તથા અર્વાચીન યૂરોપના રાજકીય તેમ જ વાઙ્મયિક ઇતિહાસમાંથી વસ્તુ લઈને પણ ઘણા સંવાદો રચ્યા છે. એવા થોડાની સ્વલ્પ વાનગી હવે ચાખીશું.

પ્રોફેસર આઇઝૅક બૅરો અને તેમનો વિદ્યાર્થી, પછીથી યશોધન વૈજ્ઞાનિક નીવડ્યો એ આઇઝૅક ન્યૂટન, આ ગુરુ-શિષ્યસંવાદનું નામ છે 'ગુરુનો ઉપદેશ.' આવતી કાલે એમ. એ.ની પરીક્ષામાં બેસવાનો છે એ શિષ્ય 'ધ્રૂજતો અને કંપતો' બૅરોસાહેબ પાસે આવીને, 'જો પરીક્ષકો મારા તરફ કરડી નજરથી જોશે તો' બાર વાગી જવાના એવી આશંકા વ્યક્ત કરે છે; પણ પ્રો. બૅરો ગભરાવું નહિ એમ તેને હિંમત આપે છે : 'આઇઝૅક, હું ખરેખરું કહું છું કે તું એ સર્વના કરતાં ચડી જાય તેવો છે.'

પ્રૌઢ વિચારોથી ભરચક એ સંવાદની કંઈક વીગતે પિછાન મેળવવી ઘટે. ખાસ્સાં ૩૩ પાનાંની એ પ્રસ્તારવન્ત રસીલી રચના વિચારપ્રેરક છે અને વૈવિધ્યભરી. એમાં પરીક્ષકોના કમઅક્કલ અને અક્કલમંદ એવા બે પ્રકાર ઓળખાવાયા છે; બુદ્ધિલક્ષણ તરીકે સૌથી હલકી વસ્તુ કઈ? તો કે' આ : જૂઠાઓને જુગારીઓની માનીતી જે ટેવ નામે ધમાલ, ધાઈ, બહાવરા બનાવે તેવી ઉતાવળ. એ સંવાદમાં જેમ એવું અનુભવસિદ્ધ (જો કે નિત્ય-વિસ્મૃત) વિધાન કરાયું છે, તેમ, ડાહ્યા માણસોની, ઠાવકાની, ચતુરોની પણ જ્ઞાનમર્યાદા હોય છે એમ સૂચવાયું છે. એમાં બેકનના નિબન્ધોની ચર્ચા છે અને મિલ્ટનનું ઉદાહરણ રજૂ કરીને, ઉચ્ચ પ્રકારના સાહિત્યકારની કદર તેની હયાતીમાં બહુધા થતી નથી એમ પણ કહેવાયું છે. વળી, આવા સંદર્ભમાં ગુરુજીએ સ્પષ્ટ ને સ્પષ્ટીકરણયુક્ત નિર્દેશ કર્યો છે ન્યૂટનની પોતાની ઉચ્ચ નૈસર્ગિક પ્રતિભાનો. વળી, આજના ભારત દેશમાં તો સવિશેષ અગત્યની આ ચેતવણી પણ મોટેરા આઇઝૅકે નાનેરાને આપી છે કે પ્રતિભાવન્તોએ રાજ્યસેવા અને રાજ્યાશ્રયના વ્યામોહમાં પડવું ન જ ઘટે : 'ડહાપણ છોડીને એ મૂર્ખતા તું સ્વીકારીશ નહિ!'...'કૉલેજના એકાન્તને છોડીને રાષ્ટ્રસભાની (પાર્લમેંટની, સંસદની) ધમાધમીમાં તું પડીશ નહિ.'

સાહિત્યપ્રેમી વાચકમાત્રને ગમે એવા બે વધુ સંવાદ એટલે વર્ડ્ઝવર્થની કવિતા વિષેનો લૅન્ડૉર-મિત્ર કવિ સાઉધી તથા પંડિતવર્ય પૉર્સન વચ્ચેનો કાવ્યપરીક્ષાવિષયક સૂક્ષ્મદર્શી સંવાદ; અને બીજો તે, જેમાં કારુણ્ય વધુ છે કે માધુર્ય એ નક્કી કરવું અઘરું છે તે સમર્થ નિબંધીઓ ઍડિસન તથા સ્ટીલ વચ્ચેનો.

છેલ્લા બે આ નોંધવાના છે : મેજર વૅકર અને ધીર-વીર ગુજરાતી સંસારસુધારક જાડેજા હટાજીનો, દીકરીઓને 'દૂધ પીતી' કરવા વિરુદ્ધનો વાર્તાલાપ અને કુરાને શરીફની રચનામાં હઝરત મહંમદ પયગંબર સાહેબના મદદગાર સાધુ સર્જિયસનો તેમની સાથેનો, મદ્યપાન ઓઝલ વગેરે વિષયો પરનો.

મૂલ્યવાન પ્રદાન

જગતસાહિત્યનું જેને મનભર અંગ કહીએ તેમાં સ્થાયી મૂલ્યવાન પ્રદાન જે ઇંગ્લિશ સારસ્વતે કર્યું તે વૉલ્ટર સૅવેજ લૅન્ડૉર (૧૭૭૫–૧૮૬૪) તેના સમયનો અપ્રતિમ પુરુષવિશેષ હતો. તેનો જન્મ મોસાળઘરે, જે પરગણામાં શેક્સ્પીઅર જન્મ્યો તેના પાટનગર વૉરિકમાં, ઇપ્સ્લી કોર્ટ નામે તેની માતાના આલીશાન મિલકતી મકાનમાં તા. ૩૦મી જાન્યુઆરી ૧૭૭૫ને રોજ થયો હતો. તેના પિતા એ શહેરના પ્રતિષ્ઠિત ડૉક્ટર હતા અને સારા ચાલતા એ વ્યવસાય ઉપરાંત તેમને કેટલીક પેઢીથી ચાલી આવતી સ્થાવરજંગમ મિલકતની આવક પણ ઘણી હતી.

એવા સુખચેનમાં ઊછરેલો બાળક વૉલ્ટર ('સૅવેજ' એ તેની માનું કુળનામ, આની સાથે જોડાએલું) પાંચમાથી દસમા વર્ષ સુધી વૉરિક નજીકની દસ માઈલ પર આવેલી છાત્રાવાસી શાળામાં ભણ્યો હતો. એ સ્થળની

જોડણી પણ જોવા મળશે. અનેક જાહેરખબરોથી ભર્યાભર્યા આ સંગ્રહનું મુદ્રણ તો સુંદર છે. (પ્ર૦ શાંતિભાઈ મહેતા, C/o નવરચના કાર્યાલય, લીંબડી; કિ. ૩-૦૦; પૃ. ૯૨)

એકોત્તરશતી: પોતાના સુદીર્ઘ જીવનમાં રવીન્દ્રનાથે હજાર જેટલાં કાવ્યો અને બે હજાર જેટલાં ગીતોની રચના કરી છે. તેમનાં હજારેક જેટલાં કાવ્યોમાંથી ચૂંટેલાં ૧૦૧ કાવ્યોનો આ મૂળ સંચય ભારતની બધી ભાષાઓમાં અનુવાદ માટે પસંદ કરવામાં આવ્યો છે. 'એકોત્તરશતી'ની હિન્દી આવૃત્તિ ૧૯૫૯માં પ્રગટ થઈ હતી, જેમાં દેવનાગરી લિપિમાં રવીન્દ્રનાથની મૂળ કવિતા અને તેની નીચે કઠિન સ્થળોના અર્થ જ આપવામાં આવ્યા હતા. આ ગુજરાતી આવૃત્તિ એક રીતે હિન્દી આવૃત્તિ કરતાં વિશેષ ઉપયોગી બને છે. બંગાળીમાં 'એ' ના બે ઉચ્ચાર થાય છે: સાંકડો અને પહોળો. હિન્દી લિપ્યન્તરમાં 'એ' નો ભેદ બતાવવામાં આવ્યો નથી, જ્યારે આમાં 'એ' નો પહોળો ઉચ્ચાર ઊંધી માત્રા 'ૅ' થી બતાવ્યો છે. વળી, આમાં બંગાળી કવિતાના માત્ર કઠિન સ્થળોના જ અર્થ ન લખતાં પૂરેપૂરો અનુવાદ (અલબત્ત, ગદ્યમાં) આપવામાં આવ્યો છે, જે ઘણું જ યોગ્ય થયું છે. એથી કવિતાનો આસ્વાદ વ્યવધાન વિના લઈ શકાય છે. એના અનુવાદકો સર્વશ્રી ઉમાશંકર જોશી, નગીનદાસ પારેખ, રમણલાલ સોની, સુરેશ જોષી, નિરંજન ભગત જેવા લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાનો છે. વળી, ગ્રંથના આરંભમાં હુમાયૂં કબીરની પ્રસ્તાવનમાં રવીન્દ્રનાથની કવિતાનું મૂલ્યાંકન અને આ કવિતાઓના સંપાદનની નીતિનો પણ ઉલ્લેખ છે. અંતમાં, બંગાળી ઉચ્ચારણ અને વ્યાકરણ વિષે ઉપયોગી માહિતી છે. શ્રી નગીનદાસ પારેખે હિન્દી 'એકોત્તરશતી'માં આપેલા વ્યાકરણ-વિભાગમાં થોડો વધારો કરીને આમાં નિયમોને વધારે ઉપયોગી બનાવ્યા છે. (સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી, પૃ. ૩૭૭+૨૪, રૂ. ૧૨)

નવયુગનાં ખાયણાં: ખાયણાં આપણા લોકસાહિત્યનું એક અંગ છે. લોકસાહિત્યના અન્ય પ્રકારોની જેમ તેની પણ લોકપ્રિયતા આજે ઓસરતી જાય છે. શીર્ષક પરથી સૂચવાય છે તેમ આ સંગ્રહ લોકસાહિત્યનાં કંઠોપકંઠ ગવાતાં ખાયણાંનો નથી, પરંતુ નવા યુગને અનુલક્ષીને લખાએલાંનો સંગ્રહ છે. ખાયણાં ગવાતાં સાંભળનાર જાણે છે કે તે એક વિશિષ્ટ લયમાં ગવાય છે. નાનાં-નાનાં ચાર ચરણમાં, બીજા અને ત્રીજા ચરણમાં અંત્યાનુપ્રાસ જાળવી, છેલ્લું ચરણ સહેજ લહેકા સાથે ખેંચીને ગવાય છે. લેખકે લોકગીતનાં ખાયણાંનો એ ઢાળ સાચવી લખેલાં આ નવા યુગનાં ખાયણાંમાં ઘરસંસાર, સમાજ, જમાનો, યુગપલટો, ગાંધીજી, ઇતિહાસ, ગુજરાત, સુરત, વ્યવહાર, અંધભક્તિ, ગુજરાતી, ભાષા, ભૂદાન, શિક્ષક, કુદરત, આદિ વિષયો સમાવિષ્ટ છે. એમાં ખાયણાંનો વિશિષ્ટ લય બરાબર જળવાયો છે અને કેટલેક સ્થળે ચોટ પણ બરાબર સધાઈ છે. વ્યંગ, કરુણા અને ઉપદેશ પણ ક્યાંક જોવા મળે છે. છતાં ઘણાં બધાં ખાયણાં અતિ સામાન્ય છે. (લેખક અને પ્રકાશક: ઈશ્વરલાલ ઈ. દેસાઈ, સુરત; પૃ. ૩૪, ૯૦ પૈસા)

આપણી કવિતાનો અમરવારસો: 'અખંડ આનંદ' માસિકમાં ૧૯૫૭ના જૂનથી ૧૯૬૩ના ડિસેમ્બર સુધીમાં આ જ શીર્ષક તળે પ્રગટ થએલાં પદો, ભજનો અને કાવ્યો આદિના, લગભગ પોણા ત્રણસો જેટલી વિવિધ રચનાઓના આ સંગ્રહમાં નરસિંહથી કાન્ત સુધીના કવિઓની કૃતિઓ ઉપરાંત લોકવાણીનાં પદો પણ છે. એ રીતે જોતાં આ સંગ્રહ સમૃદ્ધ બેશક છે, પરંતુ તેમાં કોઈ પ્રકારનું આયોજન નથી. સંગ્રાહકોની રુચિ પ્રમાણે પદોને છાપી દેવામાં આવ્યાં છે. અંગ્રેજી આદિ ભાષાઓમાં વિવિધ દૃષ્ટિકોણથી તૈયાર કરવામાં આવતા આવા સંગ્રહોની પેઠે કર્તાવાર વિષયવાર કે પછી કાવ્ય પ્રકાર પ્રમાણે આ સંગ્રહનું સંકલન થયું હોત તો તેનું મૂલ્ય સવિશેષ હોત. વળી, રચનાઓ પસંદ કરવાની સંપાદકની રુચિ કોઈ ખાસ નિયમ સાચવતી નથી, તેમ છતાં મોટા ભાગનો ઝોક ભક્તિપ્રધાન રચનાઓ તરફ છે, જે પ્રકાશક સંસ્થાની નીતિ સાથે સુસંગત છે. (સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ; પૃ. ૨૦૦, રૂ. ૧૫)

નર્મદ સુવર્ણચન્દ્રક

સુરતની નર્મદ સાહિત્ય સભા તરફથી ઈ. ૧૯૪૦થી શરૂ કરીને દર પાંચ વર્ષના ગાળા માટે અનુક્રમે નિબંધ, ઇતિહાસ, નાટક, કાવ્ય અને જીવનચરિત્ર એમ પાંચ વિષયોમાં પ્રકટ થએલી શ્રેષ્ઠ કૃતિ માટે નર્મદ સુવર્ણચન્દ્રક અપાતો આવ્યો છે. તદનુસાર, તાજેતરમાં વિદ્વાન સંશોધક ડૉ. ભોગીલાલ સાંડેસરાને ઈ. ૧૯૫૬-૬૦ના સમયગાળાનો ઇતિહાસ માટેનો ચન્દ્રક અપાયો હતો. (તે પ્રસંગે એમણે 'સોલંકી યુગની શ્રી અને સંસ્કૃતિ' વિષયક એક વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું.) આ નીચે આજ સુધીમાં નર્મદ સુવર્ણચન્દ્રક મેળવનાર સાહિત્યકારોનાં નામ, વર્ષ તથા વિષય (અને કૃતિ) વાર આપ્યાં છે:

વર્ષ	સાહિત્યપ્રકાર	કર્તા	કૃતિ
૧૯૪૦-૪૪	નિબંધ	શ્રી જ્યોતીન્દ્ર દવે	'રંગતરંગ'
૧૯૪૧-૪૫	ઇતિહાસ	સ્વ. રામલાલ મોદી	'દ્વયાશ્રય કાવ્યમાં મધ્યકાલીન સામાજિક સ્થિતિ'
૧૯૪૨-૪૬	નાટક	શ્રી ચંદ્રવદન મહેતા	'ધરા ગુર્જરી'
૧૯૪૩-૪૭	કાવ્ય	શ્રી ઉમાશંકર જોષી	'પ્રાચીના'
૧૯૪૪-૪૮	જીવનચરિત્ર	શ્રી પ્રભુદાસ ગાંધી	'જીવનનું પરોઢ'
૧૯૪૫-૪૯	નિબંધ	શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી	'પરિશીલન'
૧૯૪૬-૫૦	ઇતિહાસ	સ્વ. રામનારાયણ વિ. પાઠક	'પ્રાચીન ગુજરાતી છંદો'
૧૯૪૭-૫૧	નાટક	શ્રી ચૂનીલાલ મડિયા	'રંગદા'
૧૯૪૮-૫૨	કાવ્ય	શ્રી 'સુન્દરમ્'	'યાત્રા'
૧૯૪૯-૫૩	જીવનચરિત્ર	શ્રી 'ધૂમકેતુ'	'જીવનપંથ'
૧૯૫૦-૫૪	નિબંધ	શ્રી કિશનસિંહ ચાવડા	'અમાસના તારા'
૧૯૫૧-૫૫	ઇતિહાસ	ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી	'મૈત્રકકાલીન ગુજરાત'
૧૯૫૨-૫૬	નાટક	શ્રી શિવકુમાર જોષી	'સુમંગલા'
૧૯૫૩-૫૭	કાવ્ય	શ્રી નિરંજન ભગત	'છંદોલય'
૧૯૫૪-૫૮	જીવનચરિત્ર	શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક	'આત્મકથા'
૧૯૫૫-૫૯	નિબંધ	શ્રી વિજયરાય વૈદ્ય	'ગત શતકનું સાહિત્ય'
૧૯૫૬-૬૦	ઇતિહાસ	ડૉ. ભોગીલાલ સાંડેસરા	'મહામાત્ય વસ્તુપાળનું વિદ્યામંડળ અને સંસ્કૃત સાહિત્ય પર અસર'
૧૯૫૭-૬૧	નાટક	શ્રી ધનસુખલાલ મહેતા	'ગરીબની ઝૂંપડી'

કલાકાર અયૂબ

(કલાકારે પોતે જ આપેલો પોતાનો પરિચય)

[રજૂઆત : ર. મ. રા.]

મારા પિતા મેંદરડા (જૂનાગઢ જિલ્લા)ના મિયાં કુટુંબના. આખી યુવાની જૂનાગઢમાં જ વીતાવેલી. ધંધો બાપ-દાદાના વખતથી ધાર્મિક ક્રિયાઓ કરી ગુજરાન ચલાવવાનો. પણ ઘણા માની અને ઝનૂની હોવાથી એ એક મેમણ શેઠિયા સાથે આફ્રિકામાં ન્યાસાલૅંડ પ્રદેશમાં નોકરી કરવા ચાલી નીકળ્યા.

તે વખતે જરા સરખા જ પ્રયત્નથી હિંદીઓ માટે આફ્રિકામાં રળી ખાવાનું મળી રહેતું. એટલે થોડા જ સમયમાં ટાંગાન્યિકામાં ૭૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલી એક આફ્રિકન વસાહતમાં સ્થિર થઈ મારી (હબસી) માતા સાથે તે લગ્નગાંઠે જોડાયા. (એ માતા હજી હયાત છે અને મુસ્લિમ ધર્મ પાળે છે.) ઈ. ૧૯૨૨માં મારા મોટા ભાઈનો અને ૧૯૨૫માં ૫મી ફેબ્રુઆરીએ મારો જન્મ થયો.

ઈ. ૧૯૨૮માં પિતાજીને પગની બીમારી થઈ આવી અને તેમાંથી તેમની આંખોની રોશની ગઈ. વતનમાં પોતાની આંખનો કાંઈક ઇલાજ થઈ શકશે અને અમને બન્ને ભાઈઓને શિક્ષણ-સંસ્કાર મળી રહેશે એમ વિચારી અમને લઈને તેઓ દેશમાં આવ્યા અને અમે એમ રાણાવાવ પહોંચ્યા. થોડા દિવસો બાદ અમે ધી વિક્ટોરિયા ઇસ્લામી મદ્રેસામાં ધર્મના શિક્ષણ સાથે ક ખ ગ પણ શીખવા માંડ્યું. મને યાદ છે કે તે વેળા સારા અક્ષરલેખન માટે આખી શાળામાં મારું નામ આગળ હતું. તે સાથે પંખીનાં ચિત્રો તથા ડિઝાઇના પણ હું દોરતો. હા, માનવ આકૃતિઓ, ધાર્મિક પ્રતિબંધને લઈને હું છૂપીછૂપી જ ચીતરતો.

મદ્રેસાની નિશાળ વધારે પડતા ધાર્મિક સ્તર પર રચાએલી હોઈ ત્યાંનું જીવન સંકુચિત રહેતું. એવામાં ત્યાંથી પાસ થયા પછી પહેલી અંગ્રેજીમાં આવતાં અંગ્રેજી પુસ્તકો ખરીદવા બાબત પિતાજી અને પ્રિન્સિપલ વચ્ચે ઝઘડો



નવા ચીલા

ડિક્શનેરીમાં ચીતરવું (ટુ પેઇન્ટ)નો અર્થ ભલે સ્પષ્ટ આપ્યો હોય, પણ આ યુગમાં હવે 'ચીતરવું' શબ્દના સંદર્ભ ઘણો બદલાઈ ગયો છે.

આજકાલ પ્રદર્શનોમાં 'ચિત્રો' નહિ, 'કલાકૃતિઓ' હોય છે. એના સર્જનમાં પરંપરાથી ચાલ્યા આવતા 'રંગ'ના માધ્યમને બદલે હવે લોઢાં, લાકડાં, ખીલા, પથ્થરની કરચો કે કપડાના ડૂચા સુદ્ધાં વપરાય છે, જેને પરિણામે એ કૃતિ કોઈ સુથાર કે લુહારની સરજત બને છે. આના સંબંધમાં આપણે ત્યાં ભરાએલા છેલ્લા આંતરરાષ્ટ્રીય કલાપ્રદર્શનમાંની એક કૃતિ યાદ આવે છે. એ હતો એક નરદમ કોરો કૅનવાસ-પટ, જેની આખી સપાટી પર માત્ર કાણાં જ પાડેલાં હતાં. એ કૅનવાસ, અગર તો ફ્રેમમાં મઢેલા પેલા લોઢાં-લાકડાંના ખેરીચાને 'કલાકૃતિઓ' કહેવી કે કેમ એ એવો વિવાદાસ્પદ વિષય છે, જેનો નિર્ણય કલાકારો કે કલાવિવેચકો સૌથી સારો આપી શકે. સામાન્ય માણસને મન તો એ સમજ બહારની વાત છે.

હકીકત એ છે કે આધુનિક કલાનાં વહેણો આજે અવકાશયાન કરતાં યે વધારે ઝડપથી બદલાતાં જાય છે. અવકાશયાત્રાની શરતમાં તો પહોંચવા માટે કાંઈક લક્ષ્ય પણ હોય છે: ચંદ્ર, કે મંગળ, કે કોઈક ગ્રહ. પણ કલાનાં આજનાં વહેણોમાં લક્ષ્ય તો અસ્પષ્ટ જ રહે છે. માત્ર સમયે સમયે ચીલા બદલાતા રહે છે, અને એક ચીલાની જગ્યા બીજો ચીલો લે ન લે ત્યાં તો નવો આવીને ઊભો જ હોય છે. અમેરિકામાં હમણાં ચિત્રકળામાં છેલ્લામાં છેલ્લી શૈલી 'ઑપ્સેશનલ પેઇન્ટિંગ'ની છે. એમાં કોઈ એક જ વિષયનું ઉપરાઉપરી નિદર્શન લગાતાર થયા જ કર્યું હોય છે. આકૃતિઓ એક પછી એક દ્વિગુણિત-અનેકગુણિત થતી ઉપરાઉપરી દેખાયા જ કરે છે. 'એનો ઉદ્દેશ રંગ, રેખા કે આકાર વડે એક દૃષ્ટિભ્રમ ઊભો કરી આપણા જ્ઞાનતંત્રને ગલીપચી કરવાનો, અને એમ કરીને આપણી ચાલુ રોજિંદી ઘરેડમાંથી આપણને હલમલાવીને કોઈ નવા જ પ્રકારની ઝણઝણાટી જગાડવાનો છે.'

કલાના આ છેલ્લા વહેણની ગુણવત્તા મૂલવવાનો કંઈ અર્થ નથી. કલા-જગતમાં કોઈ નવી ફૅશનની માફક હવે આ 'ઑપ્સેશનલ' શૈલી પણ આવી છે એ હકીકત છે, અને મોડા-વહેલી તેને સ્વીકારવાની છે. આપણે તો એની પ્રગતિ જોતા રહીને આપણા દેશના આધુનિક ચિત્રકારો તેને કેટલી વહેલી અપનાવે છે તે જોયા કરવાનું. ('આર્ટ ન્યૂસ'ના અગ્રલેખ)

નીચે ડાબી બાજુ 'સ્વાહિલી કન્યા', જમણી બાજુ 'હબસી બાળક' : શ્રી અયૂબના એકરંગી સ્કેચો







એક સ્કેચ • સાપ અને બીજી જીવાતોથી રક્ષવા માટે જમીનથી અદ્ધર બાંધેલાં મરઘાં રાખવાનાં ઘર



પોતાના જ હાથ પરથી દોરેલી એક અભ્યાસ-નોંધ

થયો એટલે તે જ દિવસે અમે સર્ટિફિકેટ લઈ બાજુની દરબારી સ્કૂલમાં દાખલ થઈ ગયા—જાણે એક બસ છોડીને બીજી બસમાં બેઠા! અહીંનું જીવન કાંઈક મોકળું હતું. હું બહુ હોશિયાર વિદ્યાર્થી તો નહોતો, પણ સાધારણ તો જરૂર હતો. ધીંગામસ્તી કરવી, સ્પોર્ટ્સ માણવી, વાર્તાઓ વાંચી નાખવી, ચર્ચાઓ કરવી અને ફૂટબૉલ (તો નિયમિત) રમવો વગેરે મારામાં સ્વભાવથી જ હતું. પણ મને એક બીજી જરૂરી કુટેવ પડી હતી : બીડીઓનાં ઠૂંઠાં ફૂંકવાની. મનમાં તો મને તે બહુ જ ખટકતી. તેને લીધે મને દમ ચડતો તે એવો તો ત્રાસજનક બનતો કે ઘણી વાર તો રમત દરમ્યાન પણ વચ્ચે હોં હોં કરતો બેસી જતો. એને લીધે હું વર્ષો સુધી ક્યારે ય પૂરી નિદ્રા લઈ શકતો નહિ. એવામાં કોઈના બતાવ્યાથી મેં ગડૂના દ્રાક્ષાસવનું નિયમિત સેવન કરવાનું આદર્યું અને એથી મને અતિશય રંજાડતો દમ મટ્યો. આટલું છતાં સિગારેટ–બીડીનો મારો શોખ તો હજી એવો જ ચાલુ છે.

ચિત્રો દોરવાની લાગણી મારામાં મૂળથી જ હતી, પણ મારી એ વૃત્તિ દબાઈ રહેતી હતી. પણ હવે હું મારી એ શક્તિનો વિકાસ કરી શક્યો. તે માટે અમારા નવા હેડમાસ્તર

નીચે : આફ્રિકાના ગ્રામવિસ્તારનું એક દૃશ્ય • શ્રી અયૂબનો એક રંગીન સ્કેચ



સ્વ. કેશવરામભાઈ ત્રિવેદીના આભારી છું. તેમના જાણવામાં આવ્યું કે 'આર્ટિસ્ટ' કહી શકાય તેવી કોટિનો વિદ્યાર્થી શાળામાં ભણે છે, એટલે તેમણે વિદ્યાની અદબ પાળીને મને માન તેમજ લાગણીપૂર્વક મોટા હૉલમાં પોતાની પાસે બોલાવ્યો અને આર્ટ ને આર્ટિસ્ટ વિષે ઘણા સારા વિચારો સમજાવ્યા. તેમના ત્રણ-ચાર વર્ષના અધિકાર દરમ્યાન મારી પાસે તેમણે ઘણુંઘણું કરાવ્યું. એવામાં પોરબંદરની ભાવસિંહજી હાઈસ્કૂલના ડ્રૉઇંગ માસ્તર શ્રી માલદેવજી રાણા વૅકેશનમાં રાણાવાવ આવ્યા. તે સારા પારખુ અને અભ્યાસી. ત્રિવેદી સાહેબે મને ખાસ તેડાવીને મને પલોટ આપવાની માલદેવજીભાઈ ને ભલામણ કરી. તે પછીનું એક વૅકેશન તેમની પાસે કામ કરવા ગયો. તેમણે મારી પાસે ઘણી બધી નકલો કરાવી. પણ મને કશુંક ખટકતું—કશીક ખોટ લાગતી રહી. આખરે તો તે બધી નકલો જ ને! આપણી જૂની કલ્પના અને તેના જાણીતા સિદ્ધાંત અનુસાર કલ્પનાને દેવી માનીને તેની કૃપાની રાહ જોતાં ક્યાં સુધી રહેવાનું? હા, એટલું મને જરૂર સમજાયું, કે આર્ટિસ્ટને મૂડ (ધૂન) જરૂરી છે. વળી, કાંઈક ક્રિયાત્મક સમજણની પણ જરૂર છે. આકારોના બાહ્ય ભાગો કરતાં અંદરના ભાગો જાણવા જોઈએ.

એ દરમિયાન મારું લાયબ્રેરીમાં આવવું-જવું ચાલુ થયું અને ત્યાં 'કુમાર'માં આવતા શ્રી રાવળ, કનુ દેસાઈ, સોમાલાલ શાહની તથા બીજાં અખબારી પ્રકાશનોમાં શ્રી જયંત



અયૂબ : નિજી તસવીર

ખત્રી, કલાકાંત, (જગમોહન) મિસ્ત્રી તથા ચુઘતાઈ વગેરેની કૃતિઓ એકલો એકલો કલાકો સુધી હું અભ્યાસીની નજરે જોયા કરતો, વિચારતો ને વાગોળતો. તેમાં પણ કનુ દેસાઈનાં ચિત્રો મને બહુ જ ગમતાં. તેનાં ચિત્રોની તો હું નકલો પણ કરતો. સિનેમાનાં પોસ્ટરો બનાવવાની લાઇનમાં ઘૂસવાનો પણ મને શોખ લાગેલો. પણ એ બધાંમાં હું વધારે ઊંડો ઊતરી પડું તે પહેલાં શ્રી રાવળના એક લાગણીભર્યા ટૂંકા પત્રે મને બચાવ્યો. મારી દૃષ્ટિ કંઈક વિશાળ બની. ત્યારે હું પંદર વર્ષનો હતો.

હાઈસ્કૂલના છેલ્લા વર્ષ દરમિયાન તો એ સ્વપ્નાંઓમાં હું એવો-એટલો રાચ્યો હતો કે પિતાજીને ગમે તેમ સમજાવી વડોદરા કળાભવનમાં જોડાવાનો પ્રયત્ન કરવાનો મેં નિશ્ચય કર્યો. પણ એ વિચાર કંઈક આકાર પકડે ત્યાં તો બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું, એટલે અમારા આફ્રિકાના હક્કો ઝૂંટવાઈ જવાની બીકે આફ્રિકા ઊપડવાની તૈયારીમાં અમે પડ્યાં.

હવે ભણવાનું અભરાઈ...

પેપરમાં માત્ર તેમનો સ્કેચ દોરીને અર્ધા જ કલાકમાં હું બહાર નીકળી ગયો. તેમણે ધાર્યું હશે કે આ વિદ્યાર્થી હોશિયાર હશે-હોત્રો જોઈએ, એટલે તેમણે તરત જ પેપર ખોલ્યું: જુએ તો ધોળું ધબ્બ! માત્ર વચ્ચેના પાનામાં તેમનો જ લાઈન સ્કેચ (રેખાચિત્ર)! શું થાય! એ અંદરખાને તો હતા લાગણીવાળા, પણ દેખાવ એવો કે કોઈને પણ ઊભા થથરાવે!

વૅકેશન પછી એ રિઝલ્ટ (પરિણામ) લઈને આવ્યા અને ક્લાસમાં નામ-નંબર અને પાસ-નંબર બોલતા ગયા. નામ પૂરાં થયાં એટલે તેઓ મારી તરફ ફર્યા અને આંખો ચમકાવી બોલ્યા: 'Sorry, my friend, can't pass you, but thank you all the same for thy wonderful sketch'. (દોસ્ત, દિલગીર છું કે તને પાસ કરી શકતો નથી, છતાં પણ તારા ફક્કડ રેખાચિત્ર માટે તો ઘણો આભાર.) એટલું કહી જરા હસ્યા. હું તો પરીક્ષામાં પાસ થયો હોત તે કરતાં ય વધુ ફુલાયો!

છેવટે ડિસેમ્બરમાં મિત્રોએ વિદાય-પાર્ટી આપી. આ દેશની મુલાયમ, નિઃસ્વાર્થ, આંસુભરી લાગણીઓ સંઘરી પોરબંદરનો કિનારો છોડાવતી મોટરલૉંચમાં રડી લીધું અને નવો કિનારો જોવાની આશાનું સાન્ત્વન મેળવીને ક્ષિતિજને પાર કરવા ચાલી નીકળ્યો!

૧૯૪૧ના આરંભમાં આફ્રિકા પહોંચ્યો ત્યારે ત્યાં જરા યે ગોઠે નહિ. તાજા જોડેલા બળદની જેમ ખૂબ ધાંધિયાં કર્યાં. ત્રણ મહિને ત્યાંની જુનિયર સ્કૂલમાં શિક્ષક તરીકે રહ્યો. પછી સપ્ટેંબરમાં P.W.D.માં (જાહેર બાંધકામ ખાતામાં, જોડાયો. સો માઈલના રસ્તા પરનું કામકાજ તપાસવાનું તથા આપ-અનુભવે પ્લાનો વાંચવા-તપાસવાનું પણ શીખ્યો.

૧૯૪૩માં ઈસ્ટ આફ્રિકન સર્વિસ લીગમાં જોડાયો: કાંઈક સાહસના રસથી. તેમાં પણ કેટલુંક શીખવાનું મળ્યું. લશ્કરમાં અવારનવાર યૂરોપિયન કલાકારોની મુલાકાત થતી. તેઓ પાસેથી પોર્ટ્રેચર (તસવીર) સંબંધે ઘણું જાણવા મળ્યું. નાતાલ ઉપર ઑફિસરો માટે 'અભિનંદન-કાર્ડ' ચીતરવાનું ખૂબ કરતો. યુદ્ધના સલામતી-કાયદાને કારણે ભૂમિદૃશ્યો ચીતરવાનું બહુ ઓછું બનતું, પણ ઑફિસના કામ પછીના કલાકોમાં સોલ્જરોની છબીઓ ચીતર્યા કરતો. લશ્કરી જીવન હવે નસેનસમાં ઊતરી ગએલું, પરંતુ પિતાજીની આજ્ઞાને માન આપીને ૧૯૪૬માં છૂટા થવું પડેલું. એ જ વર્ષના નવેંબર માસમાં લગ્ન કર્યાં અને પછી સીધું જ મારા કાકાની રાઇસમિલમાં કામકાજ સંભાળ્યું, જ્યાં આજ સુધી સંભાળી રહ્યો છું.



પચ્ચીસ વર્ષ પહેલાં

તારાંકિત આકાશને કાકાસાહેબ કાલેલકરે 'દેવોનું કાવ્ય' કહીને આકાશદર્શન કરાવતા જે કેટલાક સુંદર લેખો લખ્યા છે તેની આસ્વાદ્ય વાનગી રૂપ એક નાનકડો લેખ આજથી ૨૫ વર્ષ પરના ૧૯૩મા અંકમાંથી ઉતારીએ:

આ સાથે જે નકશો આપેલો છે તેમાં આકાશનું બ્રહ્મહૃદય, રોહિણી, બાણરાજ (મૃગ નક્ષત્રનો એક પગ), વ્યાધ, પ્રશ્વન ને પુનર્વસુ-એ છ તારાઓનો જે દિવ્ય ષટ્કોણ બને છે તે દર્શાવ્યો છે. એ ચિત્ર કેમ જોવું તે સમજીએ.

પૃથ્વીના કોઈ પણ દેશના નકશામાં ઉપર ઉત્તર ને નીચે દક્ષિણ, વાચકના જમણા હાથ તરફ પૂર્વ અને ડાબી બાજુ પશ્ચિમ દિશા હોય છે. આકાશનો નકશો તેથી ઊલટો હોય છે એ વાત આ નકશાને પોતાને માથે છતની માફક પકડી રાખીને જોવાથી સમજાશે. જે દિશાની તરફ મોં કરીને આપણે આકાશ જોતા હોઇએ તે દિશાને નકશામાં નીચેની બાજુ રાખીને, પછી આરામ ખુરશી પર સૂઇને માથે નકશો પકડી આપણે આકાશને જોતું જોઈએ. નકશામાંની આ આકૃતિ આકાશમાં તારીખ ૧૫-૧૬ ફેબ્રુઆરીની આસપાસ જોવી.

હવે સૌ પહેલી દક્ષિણ તરફ નજર કરીને વાચક ત્યાં પ્રકાશી રહેલા અત્યંત તેજોજ્જ્વલ અગસ્તિને પ્રણામ કરે. અગસ્તિ ઋષિએ જ્યારે વિંધ્ય ને સાતપુડાના પહાડો ઓળંગવાનો પ્રથમ પ્રયાસ કર્યો ત્યારે આ જ તારો એમની સામે રહ્યા કરતો હતો. તે પરથી તેને 'અગસ્તિ'નું નામ આપવામાં આવ્યું છે.

આ અગસ્તિ મુનિ આસ્તે આસ્તે નૈઋત્ય તરફ ગતિ કરતા રહે છે અને એમની ઝૂંપડી (કે પછી આશ્રમ કહો) એમની પાછળ પાછળ દોરાય છે. ઉત્તરોત્તર ચડતા પ્રકાશનો એ એક પંચકોણ છે. ઝૂંપડીની અંદર બે દીવાલોની વચ્ચે છત પરથી લટકતો તારો દીવાનું કામ કરે છે. અગસ્તિ અને એમની ઝૂંપડી સૌ પહેલાં જોવા એટલા માટે કહ્યું કે થોડી વાર પછી ઝૂંપડી એના એ ઠેકાણા પર નહિ હોય.

દક્ષિણની આ ઝૂંપડી જોઈ લઈને આપણે પશ્ચિમ તરફ વળીએ. જો યોગ્ય સમયે પશ્ચિમ તરફ જોઈશું તો ત્યાં ભાદ્રપદાનો મોટો ચતુષ્કોણ પૂરેપૂરો જોવામાં આવશે. એનાથી ઉત્તર

એટલે કે પૂર્વ તરફ અશ્વિનીના બે કે ત્રણ તારા અને કૃત્તિકાનો છ તારાનો એક નાનો નયનમનોહર ગુચ્છ દેખાઈ આવશે.

અશ્વિની અને કૃત્તિકાની વચ્ચે, એક બીજા નાના બિલકુલ ઝાંખા ત્રિકોણ દેખાશે. એ છે ભરણી નક્ષત્ર, જે પર પિતરોનું શ્રાદ્ધ થાય છે.

કૃત્તિકાની દક્ષિણે રોહિણીના કૈંક તીરછો V ઊડી રહ્યો છે. એ V'ના પ્રારંભમાં જે તારો છે તે એના પાંચ તારાઓમાં સૌથી મોટો છે. એને રોહિણીનો 'યોગતારો' કહે છે. રોહિણીનો V આકાર જોઈ પ્રાચીન લોકોએ એને વલ્મીક (રાફડા)ની ઉપમા આપી છે. કેટલાક લોકોએ એમાં ગાડીની બેઠકની કલ્પના કરી છે: 'રોહિણી શકટાકારા.'

અહીંથી, આપણે શરૂઆતમાં જેની વાત કરી તે દિવ્ય પટ્કોણનો પ્રારંભ થાય છે. ઉત્તર તરફ બ્રહ્મહૃદય અને દક્ષિણે મૃગનો પાછલો પગ 'બાણરાજ'; બાણરાજની પછી આકાશનો સૌથી મોટો તારો વ્યાધ; એ બધા આસાનીથી જોઈ શકાય છે. વ્યાધ અને રોહિણીના યોગતારાની વચ્ચે સીધાણે પડેલું મૃગના પેટમાં ધૂસેલું 'ઇત્રિકાંડ' બાણ જોઈ શકાય છે.

વ્યાધની ઉપર ઈશાને પ્રશ્વન્ મળશે. એ પ્રશ્વન આકાશની પુનર્વસુની નાવડીનો શિરોભાગ (મોરો) છે. પ્રશ્વનથી માંડી છ તારાઓની જે ગોળ રેખા થાય છે તે એ નાવડીનું પડખું છે. એને બીજે છેડે પુનર્વસુના બે તારા છે ને નીચે બ્રહ્મમંડળની ઉપરનો યોગતારો (બ્રહ્મહૃદયનો તારો) પટ્કોણને પૂરો કરી દે છે.

આપણે ગમે ત્યાં ઊભા હોઈએ, ત્યાં આકાશનું જે બિન્દુ બરાબર આપણા માથા પર આવી રહે તેને આપણી પરિભાષામાં 'ખ-સ્વસ્તિક' કહે છે. ખ-સ્વસ્તિક કોઈ તારો નથી, કેવળ એક કાલ્પનિક બિન્દુ છે અને તે આપણા માથા પર જ રહેવા બંધાએલું છે.

હવે આપણે ઉત્તર તરફ મોં ફેરવી, નકશામાં જ્યાં ઉત્તર લખ્યું છે એ છેડાને નીચે રાખીએ તો આપણી સામે, કંઈક ડાબી તરફ આકાશમાં કેટલાક તારાની એક M જેવી આકૃતિ બનેલી દેખાશે. એનો આકાર જોતાં જ આપણે એની એક ઝૂલતી આરામ ખુરસી બનાવી શકીએ. એના પર બેસીને, એને પોતાનું યાન બનાવીને દેવો આરામ કરી શકે છે. આ દેવયાનીને અંગ્રેજીમાં કૅસ્યોપિયા કહે છે.

[વાચકોને જ્યોતિષના બીજા દેશી ગ્રંથોમાં કૅસ્યોપિયાનું નામ 'દેવયાની' નહિ મળે, શર્મિષ્ઠા મળશે. આ નામ પુરાણું નથી. મહારાષ્ટ્રના જ્યોતિષી શ્રી બાળશાસ્ત્રી જાંભેકરે કેટલાં યે અંગ્રેજી નામોનાં પ્રતિયોગી દેશી નામ યોજી દીધાં છે. પર્સ્યુસ, ઍન્ડ્રોમિડા અને કૅસ્યોપિયાની કથા સાંભળીને એમણે યયાતિ, દેવયાની અને શર્મિષ્ઠાનાં નામ યોજ્યાં. આપણી પૌરાણિક વાર્તામાં શર્મિષ્ઠાનું મહત્ત્વ બહુ નથી. કવિઓનું ધ્યાન દેવયાની તરફ વધુ ગયું છે. આકાશમાં કૅસ્યોપિયાનું નક્ષત્રમંડળ એટલું સ્પષ્ટ અને સુંદર છે કે એને દેવયાની કહેવું જોઈએ. અને એ દેવ-યાન તો છે જ.]

દેવયાની અને સપ્તર્ષિ આકાશમાં હમેશાં ઉત્તર ધ્રુવની સામસામે રહે છે. દેવયાની જ્યારે ઉપર ચડે છે ત્યારે સપ્તર્ષિ ક્ષિતિજની નીચે ડૂબી જાય છે. વાચકો જોશે કે આ દિવસોમાં દેવયાનીની આરામ ખુરસી ધીમેધીમે પાછળ હઠે છે અને સપ્તર્ષિ એ જ ક્રમથી પોતાનું શિર ઊંચું કરતા આવે છે.

આ વખતે આટલી વાતો પૂરતી છે. કોઈ આગલે મહિને બ્રહ્મમંડળની હંડી, પુનર્વસુની હોડી, મૃગનું ચર્મ, વ્યાધવાળો કૂતરો ઇત્યાદિ નક્ષત્રોનાં વિસ્તૃત ચિત્રો આપવામાં આવશે. આ નીચે એ બધા તારા ને નક્ષત્રોનાં અંગ્રેજી નામ પણ આપ્યાં છે. જ્યોતિષનાં અંગ્રેજી પુસ્તકો અને નકશા જેમની પાસે હોય તેઓ એ નામોનો લાભ ઉઠાવી શકશે.



અગસ્તિ-Canopus
ભાદ્રપદા-Pegasus
અશ્વિની-Hamal
ભરણી-Musca
કૃત્તિકા-Pleiades
રોહિણી યોગતારા-Aldebaran
મૃગ-Orion
બાણરાજ-Rigel
આર્દ્રા-Betelgeuse
વ્યાધ-Sirius
પ્રશ્વન-Procyon
પુનર્વસુ- Pollux and Castor
બ્રહ્મહૃદય-Capella
ખ-સ્વસ્તિક-Zenith
ધ્રુવ-Pole Star

સપ્તર્ષિ-Great Bear
ધ્રુવમત્સ્ય-Little Bear
દ્વાપર ધ્રુવ-Tuban
વસિષ્ઠ-Mizar
અરુંધતી-Alcor યા Saidak
શર્મિષ્ઠા-Cassiopeia
દેવયાની-Andromeda
મઘા-Leo(સિંહ)ની છાતી
મઘા(યોગતારા)-Regulus
ફાલ્ગુનીયોગતારા-Denebola
એકાકી-Alfard
વરેણ્યકેશા-Coma Berenices
નૌકા-False Cross
યમુના-Achernar
યામમત્સ્ય-Fomalhaut

'કુમાર'-ચન્દ્રક

અને અન્ય પારિતોષિકો

વર્ષ દરમિયાનના 'કુમાર' માંના શ્રેષ્ઠ સાહિત્ય-સર્જન માટે સ્વ. સાહિત્યપ્રેમી નાટ્યલેખક યશવંત પંડ્યાની દેણગીથી શરૂ થઈને ૧૯૪૪થી વર્ષોવર્ષ અપાતો આવેલો

ઈ. ૧૯૬૪ માટેનો 'કુમાર'-ચન્દ્રક



શ્રી ચન્દ્રકાન્ત શેઠને

તેમનાં કાવ્યો માટે આપવાનો નિર્ણય તેના નિર્ણાયકો સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, અનંતરાય રાવળ અને યશવંત શુક્લે કર્યો છે તેને આવકારી નિર્ણાયકોનો આભાર માનીએ છીએ અને શ્રી ચન્દ્રકાન્તને અભિનંદીએ છીએ.

★

એ ઉપરાંત અન્ય વિષયોની વર્ષ દરમિયાનની શ્રેષ્ઠ કૃતિઓ માટે અપાતા

રૂ. ત્રીસ ત્રીસનાં ચાર પારિતોષિકો

નીચેની કૃતિઓ માટે આપવાનું તે તે વિષયના નિર્ણાયકોએ ઠરાવ્યું છે.

શ્રેષ્ઠ વાર્તા માટે

'રક્ત-તિલક'ના કર્તા શ્રી રજનીકાન્ત રાવળને

શ્રેષ્ઠ ચિત્ર માટે

'કાલીય દમન' તથા અન્ય કૃતિઓના સર્જક ચિત્રકાર દિનેશ શાહને

શ્રેષ્ઠ કાવ્ય માટે

'મરણ ઘડીએ'ના કવિ શ્રી જયન્ત પાઠકને

શ્રેષ્ઠ ગદ્ય માટે

શેક્સપીઅરનાં નાટકોનાં વાર્તાંતર કરનાર ડૉ. મધુસૂદન પારેખને

~

આ ઉપરાંત મૉમ્બાસાના શ્રી વી. પી. પટેલ તરફથી મળેલી નવી દેણગીથી

શ્રેષ્ઠ ચરિત્રાત્મક કે અન્ય

જ્ઞાન-ચારિત્ર્ય-પોષક ગદ્ય કૃતિ માટેનું રૂ. ૫૧-નું પારિતોષિક શ્રી મુકુંદરાય વી. પારાશર્યને તેમની 'સત્યકથા' માટે અને

શ્રેષ્ઠ ગઝલ માટે

નડિયાદના શ્રી હાસમભાઈ વૈદ્યની દેણગીથી રૂપિયા ૨૧નું પારિતોષિક શ્રી રાજેન્દ્ર શુક્લને તેમની 'રહ્યું' નામક ગઝલ માટે

~

આ સર્વ નિર્ણયોને અમે આવકારીએ છીએ અને તે માટે, વાર્તાના નિર્ણાયક શ્રી અનંતરાય રાવળનો, ચિત્રના નિર્ણય માટે સર્વશ્રી રવિશંકર રાવળ તથા કનુ દેસાઈનો, અને કાવ્યકૃતિના નિર્ણય માટે પ્રા. ડોલરરાય માંકડ તથા પ્રા. ગૌરીપ્રસાદ ઝાલાનો આભાર માનીએ છીએ. વિજેતા સર્વ સર્જકોને અભિનંદન.

મહાદેવને ચડાવાતાં ત્રિદલ પાન ધરાવતી બીલીનાં વૃક્ષ ૧૫ થી ૨૫ ફૂટ ઊંચાં થાય છે. સંસ્કૃતમાં અને બિલ્વ કહે છે. પ્રાચીન કાળથી બીલીનાં વિવિધ અંગો ઔષધ તરીકે વપરાતાં આવ્યાં છે. એના ગુણકર્મ નીચે મુજબ છે:

બીલી મધુર, તૂરી, હૃદયને માટે પ્રિય તથા હિતકર, રુચિકર, અગ્નિને પ્રદીપ્ત કરનાર તથા હરસ, સોજા, પિત્ત, કફ, તાવ અને ઝાડાનો નાશ કરનાર છે. બીલીનાં મૂળ મધુર, હલકાં, ઊલટીનાશક તથા વાયુનાશક છે; પાંદડાં વાયુનાશક છે. કાચાં-કૂમળાં ફળ તીખાં, કડવાં, તૂરાં, સ્નિગ્ધ, ઉષ્ણ, તીક્ષ્ણ, અગ્નિને પ્રદીપ્ત કરનાર ગ્રાહી તથા કફ ને વાયુનો નાશ કરનાર છે. પાકાં ફળ મધુર, ભારે, દાહક, મોડાં પચનાર, દોષકર દુર્ગંધયુક્ત અધોવાયુ, ને પેદા કરનાર છે.

ઝાડા

બીલીનો ગર્ભ ગાંધીને ત્યાં મળે છે. એના ગ્રાહી ગુણને કારણે ઝાડાનું એ અકસીર ઔષધ છે. પુષ્કળ ઝાડા થઈ ગયા હોય અને મટતા ન હોય તો બીલીના ગર્ભને ઓરસિયા પર કે સ્વચ્છ પથ્થર ઉપર છાશ સાથે ઘસી, આશરે દશેક રતી જેટલો ઘસારો અર્ધો શેર છાશમાં મેળવી, તે છાશ થોડી થોડી પીવી. આ રીતે ચારેક વખત ઘસારો બનાવી ઉપયોગ કરવો. ઝાડા બંધ થઈ જશે.

લોહીના ઝાડા

ઝાડામાં લોહી પડતું હોય એમાં પણ બીલીનો ગર્ભ લાભદાયી છે. બીલીનો ગર્ભ, કડાછાલ અને શતાવરી—એ ત્રણેનું સરખા વજને કરેલું અર્ધો તોલો ચૂર્ણ થોડા ઇસબગુલ સાથે બકરી, ગાય કે ભેંસના સાકરયુક્ત દૂધ સાથે દિવસમાં ચારેક વખત પીવું. લોહી બંધ થઈ જશે. ખોરાક બે-ત્રણ દિવસ બને તો ફક્ત દૂધનો જ રાખવો. ઉનાળામાં પિત્તના, ગરમીના ઝાડા થઈ જાય છે, એમાં પણ આ પ્રયોગ લાભદાયી છે.

દૂઝતા હરસ

લોહી પડતું હોય એવા હરસમાં બીલીના ગર્ભનો ઘસારો છાશ સાથે મેળવી આપવો. બીલીનાં મૂળ જો મળે તો એનો ક્વાથ કરીને હરસવાળાને એમાં બેસાડવાથી હરસ મટે છે, એમ આચાર્ય ચરકે નોંધ્યું છે.

શરીરની દુર્ગંધ

જેમનું શરીર ગંધાતું હોય એમને માટે ચક્રદત્તે એક સાદો પ્રયોગ સૂચવ્યો છે: બીલીનાં પાનનો રસ કાઢીને શરીર પર ચોપડવાનો. એનાથી શરીરની દુર્ગંધ નાશ પામે છે.

કાનના બહેરાશ માટે

બીલીનાગર્ભની લસોટેલી ચટણી તોલા ૫, નગોડનાં પાનનો રસ તો. ૫, વાયવરણાનાં પાનનો રસ તો. ૫, બકરીનું મૂત્ર તો. ૪૦, સિંધવ તો. ૨॥.

આ બધી વસ્તુઓને મેળવીને ઉકાળી તેમાં સિદ્ધ કરેલા તેલનાં ટીપાં બહેરા દર્દીએ રોજ કાનમાં નાખવાં. મૂળ ચક્રદત્તના પાઠ પરથી ફેરફાર સાથે આ પાઠ સૂચવ્યો છે.

ડાયાબિટીઝ (મધુપ્રમેહ)

બીલીનાં સ્વચ્છ પાંદડાંને એક કલાક પાણીમાં પલાળવાં. પછી બહાર કાઢી, છૂંદી નાખી વસ્ત્રમાં મૂકી દબાવીને રસ કાઢવો. સવાર-સાંજ એક-એક તોલો આ રસ પીવાથી મીઠી પેશાબના રોગમાં ઉત્તમ લાભ થાય છે એવો ઘણા ચિકિત્સકોને અનુભવ છે.

લાભશંકર ઠાકર

તવારીખ

તાજેતરમાં કાશ્મીરમાં થએલી બરફવર્ષામાં રેડિયો-ઍક્ટિવ ધૂળનાં રજકણો જણાયાં એવાં જ ચીન થઈને સાઇબિરિયાથી આવતાં યાયાવર પક્ષીઓ પણ વધુ પ્રમાણમાં રેડિયો-ઍક્ટિવ જણાયાં હતાં. (૧/૧)

જગપ્રસિદ્ધ પીસાનો ટાવર નમી રહ્યો છે એ ભયજનકતા ઘટાડવા એમાં વીજળીથી ઘંટારવ થાય એવી વ્યવસ્થા કરાઈ. (૨/૧)

ભારત, અમેરિકા, રશિયા, જાપાન, ચેકોસ્લોવાકિયા, ઇન્ડોનેશિયા, ફ્રાન્સ અને બ્રિટનના મળીને પચીસ જેટલા વૈજ્ઞાનિકોનો 'અવકાશ અંગે સંશોધન'નો પરિસંવાદ યુનેસ્કોના આશ્રયે મદ્રાસમાં ડૉ. વિક્રમ સારાભાઈના પ્રમુખસ્થાને થયો. (૬/૧)

વિશ્વસ્વાસ્થ્ય સંસ્થાના જણાવ્યા પ્રમાણે વસ્તીવધારા કરતાં ગ્રામજનતાની શહેર-ભણીની દોટ વધુ ભયજનક છે. (૨/૧)

એશિયન લૉન ટેનિસ ચૅમ્પિયનશિપમાં સતત ત્રીજા વર્ષે પણ ભારતના રામનાથ કૃષ્ણન્ વિજયી નીવડયા. (૨/૧)

દેશદ્રોહી સામ્યવાદીઓની પ્રવૃત્તિઓને જેર કરવા દેશભરમાંથી ડાબેરી સામ્યવાદીઓની મોટા પાયા ઉપર ધરપકડો. (૧/૧)

'મર્ડર ઇન ધ કૅથેડ્રલ' તથા 'કૉકટેલ પાર્ટી' જેવાં નાટકોના કર્તા, 'વેસ્ટલૅન્ડ' તથા ફોર ક્વાર્ટેટ્સ' જેવાં કાવ્યોના કવિ અને વીસમી સદીના અંગ્રેજી વિવેચનક્ષેત્રે નવું બળ આણનાર, ૭૬ વર્ષના મહાન અંગ્રેજ સાહિત્યકાર, ટૉમસ સ્ટીઅર્ન્સ ઇલિયટનું અવસાન.(૫/૧).

સિલોન-ભારત વચ્ચેની ક્રિકેટની અવિધિસરની ટેસ્ટ શ્રેણીમાં બે ટેસ્ટ જીતી ગયા પછી અમદાવાદમાં ત્રીજી ટેસ્ટમાં ભારત સિલોન સામે પ્રથમ વાર પરાજિત થયું. (૫/૧)

વિશ્વભરમાં આતુરતા જગાવનાર પાકિસ્તાનની પહેલવહેલી ચૂંટણીઓમાં પ્રમુખપદ માટે કુમારી ફાતિમા જિન્હાને હરાવીને જનરલ અયૂબખાન વિજયી નીવડયા. (૩/૧)

'૬૨માં ચીનના આક્રમણ પહેલાં જેમ ચીને ભારત ઉપર 'વિરોધ યાદી'ઓનું યુદ્ધ લાધ્યું હતું એવું જ યુદ્ધ ફરી શરૂ કર્યું. આખા મહિના દરમ્યાન ૪ વિરોધયાદી ભારતને મળી અને ભારતે સામી મોકલી.

સરકારી ખાતાઓમાં કરકસર કરવાના પગલા તરીકે અમેરિકાના પ્રમુખ જહૉનસને નવી ફાઇલિંગ કેબિનેટ-કબાટો'' ખરીદવાનો મનાઈ હુકમ કર્યો. (૧૫/૧)

સાહિત્ય અકાદમી તરફથી ભારતની જુદી જુદી ૧૩ ભાષાઓનાં શ્રેષ્ઠ પુસ્તકોને અપાતાં પારિતોષિકોમાં ૧૯૬૩-'૬૪ માટે ગુજરાતીનું શ્રી ડોલરરાય માંકડના ''નૈવેદ્ય'' પુસ્તકને પારિતોષિક મળ્યું. (૧૭/૧)

કૂકડાં-બતકાંને લઈને જતી એક મોટરલૉરી લંડનના જાહેર માર્ગ ઉપર ઊથલી પડતાં ૨॥ માઈલ લાંબા રસ્તા સુધીની મોટરોને ૩ કલાક સુધી અટકી જવું પડયું હતું. પરિણામે, લંડનના વિમાની મથકે જતી છ હેનારુ બસો પણ મોડી થઈ હતી. જેના કારણે છ આંતરરાષ્ટ્રીય-વિમાનોને પણ મોડી થવું પડયું હતું; એટલું જ નહિ પણ બૅંગકોક અને દૂરપૂર્વમાં આવેલાં વિમાનીસ્થળો ઉપરના કર્મચારીઓને પણ મોડા છોડવામાં આવ્યા હતા! (૧૭/૧)

૧૯મી તારીખના ચંદ્રગ્રહણનો અભ્યાસ કરવા ગએલા અમેરિકાના એક વૈજ્ઞાનિક ડૉ. રિચાર્ડ શૉર્ટહિલે જણાવ્યું હતું કે ચંદ્ર એ મૃત પદાર્થ છે કે આંતરિક 'થર્મલ ઍક્ટિવિટી'થી ભરેલો છે એ હવે એકાદ વર્ષમાં જ જણાઈ આવશે. (૧૮/૧)

બીજા વિશ્વયુદ્ધનાં માઠાં પરિણામો રૂપ ગ્રીસમાં આજે પણ બાળકોનું વેચાણ કાયદેસર ગણાય છે! પાંચ હજારથી પંદર હજાર રૂ.માં વેચાતાં આ બાળકો દર વર્ષે લગભગ ૧૦૦૦ જેટલાં ખપે છે. એની નિકાસ કરવા ઉપર હવે ગ્રીસમાં પ્રતિબંધ મૂકવાનું વિચારાય છે. (૨૧/૧)

પ્રજાસત્તાક દિને અપાતા ઇલકાબોમાં ગુજરાતના રાજ્યપાલ મેંહદી નવાઝ જંગને પદ્મવિભૂષણનો, ગુરુત્વાકર્ષણના નિયમમાં ક્રાંતિકર ગાણિતિક ફેરફાર સૂચવનાર ડૉ. જયંત નારલીકરને પદ્મભૂષણનો અને ગુજરાતનાં બે કલાકારો: શ્રી રવિશંકર રાવળ અને શ્રીમતી મૃણાલિની સારાભાઈને પદ્મશ્રીના ઇલકાબો મળ્યા. (૨૬/૧)

'સંયુક્ત રાષ્ટ્રોની યુનિવર્સિટી'ની સ્થાપના કરવા માટેના પ્રયત્નો થઈ રહ્યા છે. એનું મુખ્ય કેન્દ્ર ન્યૂયૉર્કમાં રહેશે અને દરેક દેશમાં એની શાખા રહેશે. (૧૦/૧)

સ્પર્ધાત્મક કહી શકાય એવો પ્રથમ અને સામાન્ય કહેવાય એવો ત્રીજો આંતરરાષ્ટ્રીય ફિલ્મ-મહોત્સવ નવી દિલ્હીમાં થયો. (૮/૧)

ભારતની સ્વાતંત્ર્યની લડતમાં જે અંગ્રેજી સાપ્તાહિકે મહત્ત્વનો ભાગ ભજવેલો છે તે અને ભારતમાંના અનેક બુદ્ધિમાનો ઉપર જે સાપ્તાહિકની વિચારસરણીની પ્રભાવોત્પાદક અસર રહી છે તે, ૯૦ હજાર નકલનો ફેલાવો ધરાવનાર બ્રિટનના 'ન્યૂ સ્ટેટ્સમૅન'ના તંત્રી શ્રી જહૉન ફ્રીમેનની નિમણૂક ભારતમાંના બ્રિટનના હાઈકમિશનર તરીકે થઈ. (૧૧/૧)

મલયેશિયાને સલામતી સમિતિનું સભ્ય બનાવવાના કારણે ઈન્ડોનેશિયાએ સંયુક્ત રાષ્ટ્રસંઘના સભ્યપદનો ત્યાગ કરવાનો નિર્ણય કર્યો. (૪/૧)

૫૭ વર્ષના શ્રી લિન્ડન જૉનસને અમેરિકાના ૩૬મા પ્રમુખ તરીકેના સત્તાવાર સોગંદવિધિ કર્યા. (૨૦/૧)

દસ દિવસ સુધી મૃત્યુ સામેના યુદ્ધમાં ઝઝૂમીને ૯૦ વર્ષના મહાન યોદ્ધા અને વીસમી સદીના વિશ્વમાનવ સર વિન્સ્ટન ચર્ચિલને આખરે જીવનનો અંતિમ પરાજય સ્વીકારવો પડ્યો. એમની જીવનજ્યોતનો વિલય.(૨૪/૧)

ચૌદમા પ્રજાસત્તાક દિનના ઊગમકાળે રાષ્ટ્રભરમાં હિંદીને સત્તાવારની રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારવાનો નિર્ણય અમલમાં લેવાયો એની વિરુદ્ધ દક્ષિણ ભારતમાં દ્રવિડ મુનેત્ર કળગમ જેવી દેશદ્રોહી સંસ્થાએ ફેલાવેલા વિષના ભોગ દક્ષિણ ભારતીઓ થયા અને મદ્રાસ વગેરે સ્થળોએ ગોળીબાર પણ થયા. (૨૬/૧)

ખાનગી પ્રૅક્ટિસ કરવા માટે પરદેશ જનારા ડૉક્ટરોની સંખ્યા વધતી જતી જણાય છે. ગયા એક જ મહિનામાં એ માટે ૨૦૦ જેટલા ડૉક્ટરોએ અરજી કરેલી. (૬/૧)

ખૂબ વિરોધ છતાં તાજમહાલની પડખે જ રક્તપીતિયાં દર્દીઓ માટેની હસ્પિતાલ બાંધવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય. (૫/૧)

સ્થાપત્ય અને પુરાતત્ત્વની વસ્તુઓ ઘસાઈ ન જાય તથા તેની સાચવણી કઈ રીતે કરી શકાય એ માટેનું તાલીમ કેન્દ્ર ભારતમાં ખોલવાનો યુનેસ્કોએ નિર્ણય કર્યો. (૨૬/૧)

પંદરથી વીસ હજાર વર્ષ પુરાણી ચિત્રકલાનો એક સંગ્રહ યૂરોપના લિસ્બન શહેરથી ૬૦ માઈલ દૂર આવેલી એક ગુફામાંથી મળી આવ્યો. (૨૪/૧)

મણિપુરના વિસ્તારમાં વસ્તી લગભગ ૧ લાખની સંખ્યા ધરાવતી કુકી નામની જાતિએ 'વિશાળ મિઝોલૅન્ડ'ની માગણી કરી.(૨૩/૧)

—તા. ઉ.

પ્રામાણિકપણે આપેલા હોવા છતાં પણ જે ક્યારેક ખોટા હોઈ શકે તે પુરાવા

ગુનાશોધન–૭

લેખક · પુષ્કરભાઈ ગોકાણી

ગુનાના સ્થળ પરથી મળતી વીગતો અચેતન સાક્ષીઓ રૂપે સચોટ અને નિષ્પક્ષ માહિતીઓ આપે છે, પણ જો એની સાથે કંઈ ચેડાં કરવામાં આવે કે એનો નાશ કરવામાં આવે તો એ જ વીગતો અપૂરતી કે ગેરમાર્ગે દોરનારી પણ બની રહે છે. આથી પુરાવાની સાથે કંઈ ચેડાં કરવાં, એને છુપાવવો, એમાં ફેરફાર કરવો કે એનો નાશ કરવો એ પણ હિંદી ફોજદારી ધારા પ્રમાણે ગુનો ગણાય છે.

આ અચેતન સાક્ષીઓ ઉપરાંત બનાવના સ્થળની આસપાસના (અને દૂરના પણ) લાગતાવળગતા લોકોની સાક્ષી પણ ગુના-શોધનને સાચે કે અવળે માર્ગે દોરનારી નીવડે છે. એક ઉદાહરણ જોઈએ:

શહેરના એક ગીચ લત્તામાં વિમલ મૅન્શનના ચોથે માળે ૩૬ નંબરની રૂમમાં મગનલાલનું રાતે ખૂન થયું. આ માળનાં કેટલાંક ઘરની બારીઓ ઉઘાડી હતી એટલે સામેના મકાનમાંથી એ ઘરોમાં નજર પડી શકે તેમ હતું. અને એ રીતે ખૂનને સમયે બચાવની બૂમ સાંભળી પોતાની બારીઓમાં ડોકાએલા કેટલાક માણસોએ પણ આ બનાવ અંગે જુબાનીઓ આપી.

ખૂન પછી થોડા જ સમયમાં પોલીસ તપાસ આરંભાઈ ગઈ હતી. સામેના મકાનના કેટલાક માણસોનો ખયાલ હતો કે ખૂન ડાબી બાજુથી પાંચમી બારીવાળા ઘરમાં થયું હતું, પણ હકીકતે બનાવ છઠ્ઠી બારીવાળા ઘરમાં બનેલો. પ્રાથમિક પૂછતાછમાં જ કેટલાક સાક્ષીઓ તો બાદ થઈ ગયા. એક ડોસીમાએ બરાબર છઠ્ઠી બારીવાળા ઘરમાં ખૂન થયાનું કહ્યુ તો ખરું, પણ એમની આંખે મોતિયો હતો એટલે એમની સાક્ષી પણ વજૂદ વિનાની બની રહી. સામેના માળામાં રહેતા એક નિવૃત્ત પોલીસ ઇન્સ્પેક્ટરે પણ સાક્ષી આપી હતી. એમણે આપેલી વીગતો વધુ ચોકસાઈભરી હતી. પાંચ ફૂટ ને દસેક ઇંચના પૂરા કદના ને માથે ટાલવાળા તથા આશરે દોઢ સો રતલ જેટલા વજનની કાયાવાળા માણસને મગનલાલ પર હુમલો કરતાં એમણે પોતાના ઘરમાંથી જોયો હતો. મારનારે જાંબલી જેવા રંગનો બુશકોટ પહેર્યો હતો, કદાચ લાલાશ પડતો રંગ હતો. એમણે આ બધું સાફ જોયું હતું, કેમ કે મરનારના રૂમમાં એ વખતે ટ્યૂબલાઇટ બળતી હતી.

નિવૃત્ત ઇન્સ્પેક્ટરે આપેલા વર્ણન જેવા એક સુંદરલાલ વિમલ મૅન્શનમાં એ જ માળે રૂમ નં ૩૪માં રહેતા હતા. પણ સાક્ષી ઇન્સ્પેક્ટરનું કહેવું હતું કે ખૂનને વખતે એમણે સુંદરલાલને પોતાના રૂમમાં ટેબલ લૅમ્પના અજવાળે કંઈ કામ કરતો બેઠેલો જોયો હતો. એટલે કે ખૂનને સમયે સુંદરલાલ પોતાના ઘરમાં જ હતો. રૂમ નં. ૩૧ થી ૩૩માં રહેનારા બહારગામ ગયા હતા. રૂમ નં. ૩૫માં એ રાતે એક બે સ્ત્રીઓ અને એક કિશોર જ હતાં ને તેઓ ઘરમાં કોઈ મોટું હાજર નહિ હોઈ બત્તી બળતી રાખી સૂતાં હતાં. ચાલીમાં થએલી ધમાલ તેમણે પણ સાંભળેલી તો ખરી, પણ બીકના માર્યા એમણે બારણું જ નહિ ખોલેલું. વળી, એમની જુબાની પણ અચોક્કસ હતી. ફક્ત પેલા બાર વર્ષના કિશોરે કંઈક વીગતવાર માહિતી આપી હતી. રૂમ નં. ૩૭ અને ૩૮માં રહેનારા સિનેમામાં ગયા હોઈ બનાવને વખતે હાજર નહોતા.

પોલીસ તપાસમાં એટલું જાણવા મળ્યું કે મગનલાલ અને સુંદરલાલ વચ્ચે લાંબા સમયથી અણબનાવ તો હતો જ. ભાગ્યે જ કોઈ મહિનામાં તેઓ ઝઘડ્યા નહિ હોય. સુંદરલાલે મગનલાલના કબજાની રૂમ નં. ૩૪ પોતે વચન આપ્યા છતાં મગનલાલને પાઘડી આપ્યા વિના બહુ સિફતથી પડાવી લઈ પોતાના નામની ભાડાચિઠ્ઠી પણ કરાવી લીધેલી, ત્યારથી એ બંને વચ્ચે ખટરાગ વધ્યો હતો. બંને એક જ ગામના હતા અને એમની વચ્ચે કંઈ ને કંઈ કારણસર બોલાચાલી તો બહુ વખતથી ચાલતી રહેતી હતી ને એક-બીજાને મારી નાખવાની ધમકી પણ આપી હતી. એટલે સુંદરલાલ પર ખૂનનો આરોપ મૂકી શકાય ખરો, પરંતુ ખૂનને વખતે પેલા સાક્ષી ઇન્સ્પેક્ટરે એને એની રૂમમાં ચોક્કસ જોએલો એમ એનું કહેવું હતું. વળી, સુંદરલાલે ભૂરા રંગનો બુશકોટ પહેર્યો હતો. પરંતુ એ માળ પરનાં બધાં ઘરમાંથી મગનલાલનું ખૂન કરવા જઈ શકે એવો એકમાત્ર સુંદરલાલ જ એ વખતે હાજર હતો. પણ ઇન્સ્પેક્ટરની જુબાની પરથી તો એને માટે બચાવ ઊભો થતો હતો. ત્યારે પેલા કિશોરની જુબાની વળી જુદું જ કહેતી હતી. એને મન તો સુંદરલાલ ને મગનલાલ બંને પડોસી કાકા સમા હતા. તેણે જણાવ્યું કે પોતે સુંદરકાકાને મગનકાકાનું બારણું ખખડાવીને એ ઉઘાડવાનું કહેતાં સાંભળ્યા હતા. એ પછી એમણે સુંદરકાકાને ઊંચે સાદે બોલાચાલી કરતા પણ સાંભળેલા અને પછી એકદમ મગનકાકાની ચીસ સાંભળી કે 'બચાવો, બચાવો, મને…' બસ પછી વધારે કંઈ બોલતા સંભળાયા નહોતા.'

જૂના ને ઘડાએલા પોલીસ ગુના-શોધક દવેએ સુંદરલાલને અટકમાં લીધો અને એને વિષે વધુ તપાસ હાથ ધરી રાખી. સુંદરલાલ ધંધાદારી ચિત્રકાર હતો. ઘેર પણ એ રાતે ચિત્રો દોરતો. એ જ રીતે ખૂનની રાતે પણ ઘરમાં કામ કરતો પેલા સાક્ષી ઇન્સ્પેક્ટરે એને જોએલો. પેલા કિશોરની જુબાની અને માળામાં ખૂનને વખતે આ બનાવ સાથે સંડોવાની શક્યતાવાળી એકમાત્ર વ્યક્તિ તરીકે સુંદરલાલ સિવાય અન્ય કોઈ નહોતું, એટલા સિવાય પોલીસ કેસ લૂલો હતો.

દવેએ તપાસ કરવા માંડી. એમને જાણવા મળ્યું કે સુંદરલાલનો એક મિત્ર કાન્તિલાલ સારો શિલ્પી હતો. સુંદરલાલ ઘણી વાર એનાં શિલ્પોનો પોતાનાં ચિત્રોમાં ઉપયોગ કરતો. ખૂનને આગલે દિવસે સુંદરલાલ કાન્તિલાલ પાસેથી એક બૌદ્ધ સાધુની અર્ધપ્રતિમા કાન્તિલાલની નામરજી છતાં આગ્રહપૂર્વક પોતાને ત્યાં લઈ આવ્યો હતો.

સુંદરલાલ પર કામ ચાલ્યું ત્યારે દવેએ કોર્ટમાં સાબિત કરી આપ્યું કે સુંદરલાલે જ મગનલાલનું ખૂન કર્યું હતું. ખૂન કરતી વખતે પોતે પોતાના ઘરમાં જ હાજર હતો એ દર્શાવવા એણે સામેના માળની બારીમાંથી દેખાય છે એ રીતે પોતાની બારી નજીક ટેબલ લૅમ્પના આછા અજવાળામાં પેલી બૌદ્ધ સાધુની પ્રતિમા ગોઠવી હતી ને એને પોતાનો વાદળી બુશકોટ પહેરાવ્યો હતો. દૂરથી જોનારને લાગે કે પોતે ટેબલ પર કંઈ કામ કરી રહ્યો છે. ટ્યુબલાઇટમાં એના વાદળી કપડાં ઇન્સ્પેક્ટરને જાંબલી જેવાં જણાએલાં. પેલા કિશોરની જુબાની વધુ વજૂદવાળી હતી. કાન્તિલાલની નામરજી છતાં સુંદરલાલ શા માટે આગ્રહ કરી પેલું શિલ્પ પોતાને ત્યાં લઈ આવ્યો હતો? વળી, બીજે જ દિવસે એણે તરત એ પ્રતિમા કાંતિલાલને પાછી આપી દીધી હતી. એ પ્રતિમાની ગરદન પર સુંદરલાલના કપડાના કૉલરની ચિકાશની છાપ પણ દવેએ મેળવી હતી. દવેને તપાસમાં સુંદરલાલની ચાલ-ચલગતના બીજા પણ એવા કેટલાક મુદ્દાઓ જાણવા મળેલા, જે એની વિરુદ્ધ જતા હતા.

આમ, આંખે જોનારા સાક્ષીની જુબાની પણ સુંદરલાલને બચાવી લે તેવી હતી તે આપણે અહીં જોયું. એટલે જીવતા સાક્ષીઓ પાસેથી

પુરાવા એકઠા કરવા ને તેમાંથી સત્ય તારવવું એ પણ આવડત માગી લે તેવું કામ છે; નહિતો નાહક કોઈ નિર્દોષ દંડાઈ જાય ને ગુનેગાર છૂટો ફરે.

જુબાનીઓ પરથી સત્ય તારવવામાં, માણસના માનસનો, એમની કેળવણી ને સંયોગોનો, એની પ્રતિષ્ઠા ને ધંધાનો, એના વર્તુળનો વગેરેનો પૂરતો ખયાલ મેળવીને પછી એની જુબાનીને તપાસવી જોઈએ.

કેટલીક વાર પોલીસના લફરામાં ક્યાં પડવું, કે એનાથી પોતાનો ધંધો ખોરવાઈ જશે, ધક્કા વધી પડશે—એવા ડરથી માણસો સાક્ષી આપતા નથી. માહિતી મેળવનારે પાકો વિચાર કરી તેને એવી રીતે પ્રશ્નો કરવા જોઈએ કે તેને માહિતી આપવી જ પડે અને તે માહિતી સાચી જ હોય. કેટલાક માણસો અકારણ જાહેરાત, કોર્ટ, પોલીસ વગેરેથી ડરતા હોય તેથી જ પુરાવો આપતા નથી, એટલું જ નહિ, પણ આ બાબત બધું જાણવા છતાં તેની ચર્ચા કરવાની પણ હિંમત દાખવતા નથી. આવે વખતે પોલીસ ગુના-શોધકે ધીરજ અને મુત્સદ્દીગીરીથી સામા માણસમાં વિશ્વાસ જગાડી એને બોલતો કરવો જોઈએ.

ખોટું બોલનારા, ચાહીને શકદારને સજા થાય તે દૃષ્ટિએ પૂર્વગ્રહથી ખોટી સાક્ષી આપનારા, પોતાનું મહત્ત્વ વધે તે માટે ખોટો પુરાવો આપનારા વગેરેને ખૂબ બોલવા દેવા જોઈએ, કે જેથી તેઓ વિરોધાભાસવાળું કંઈક તો બોલી દેવાના જ.

કેટલીક વખત શરમાળ, મૂંગા, ઓછું બોલનારા અને ગભરાઈ જનારા માણસો પાસેથી પુરાવો મેળવવો એ ઘણું મુશ્કેલીભર્યું કામ થઈ પડે છે. તેઓની પાસેથી માહિતી ખેંચીને કઢાવવી પડે છે અને તેની પણ વધુ કડી મળતી નથી, એટલે બધી વાતચીતમાંથી મળેલી માહિતીને પાછી સરખી ગોઠવવી પડે છે. આવે વખતે ગુનાશોધકે બહુ જ નરમાશથી ને યુક્તિથી કામ લેવું જોઈએ.

ગુનાશોધકે કે પોલીસે ચારે તરફ માહિતી શોધવા નીકળવું પડે છે અને ઘણી બધી માહિતીઓ મેળવતાં તેને ગાળીને ઉપયોગી બાબતો એકઠી કરવાની હોય છે. વાતચીત દરમિયાન ગુના-શોધક એ નક્કી કરી શકે છે કે કોની-કોની પાસે ઉપયોગી માહિતી છે. એ નક્કી કરતાંકરતાં તેણે એ માહિતીવાળા માણસોની ખાસિયત અને માનસની પણ માહિતી મેળવવી પડે છે. જો તે ખરેખર ઉપયોગી અને મહત્ત્વની માહિતી આપે તો તે માહિતી આપનારનો ઇતિહાસ મેળવવો પડે છે, જેથી તેની માહિતીને કેટલું વજૂદ આપવું તેની ખબર પડે.

સાંભળનાર મળે એટલે માનવસ્વભાવ છે કે તે વાતચીતમાં ખીલી ઊઠે છે. ત્યારે તેને હકીકતથી બીજે ફંટાઈ જતો કે અતિશયોક્તિ કરતો અટકાવવો એ ચાતુરીભર્યું કામ છે. નહિ તો ગેરરસ્તે દોરવાઈ જવાય.

બાળકો—ખાસ કરીને દસથી પંદર વર્ષની ઉંમરનાં બાળકો બહુ જ ચીવટપૂર્વક બધું ગ્રહણ કરનારા હોઈ સાચો અને સચોટ પુરાવો આપે છે. અત્યાર સુધી માનવામાં આવતું કે બાળકો સૂચનોથી દોરવાઈ ખોટી માહિતી આપે છે. પણ હવે સાબિત થયું છે કે ખોટાં સૂચનો સામે બાળક તરત વિરોધ કરે છે અને દોરવાઈ જતાં નથી. મુરબ્બીવટથી કે મિત્રતાભરી રીતે કે તેમનું મહત્ત્વ વધારીને પૂછવું જોઈએ.

૧૫થી ૨૫ વર્ષની ઉંમરના માણસોની માહિતી ઉપર બહુ ભરોંસો મૂકી શકાય નહિ. તેઓને પોતાના ઘણા પ્રશ્નો અને આકર્ષણો હોય છે તેથી તેઓ બીજી બાબતોમાં બહુ જ બેદરકાર હોય છે.

જ્યારે આધેડ વયના માણસો જો પોતાના ધંધા, રસ અને વર્તુળની વાતો હોય તો બહુ જ ચીવટપૂર્વક ધ્યાન આપે છે અને નહિ તો યે સામાન્ય નિંદારસથી પણ તેઓ આવી વાતોની પાકી માહિતી રાખે છે.

વૃદ્ધોની માહિતી ચોક્કસ જ હોય છે પણ ક્યારેક તેની કોઈ શારીરિક ખોડને કારણે તેઓની માહિતી ખોટી પણ નીવડે છે.

પુરાવો આપનારની વાતો સાચી હોવા છતાં તે શકની નજરે જ જોવી જોઈએ. પ્રથમ તેને તેની રીતે માહિતી આપવા દેવો જોઈએ, અને પછી તેમાં રહેતી ખાલી જગ્યા પૂરવા અને યોગ્ય ચોખવટ માગવા બહુ જ સાવચેતી પૂર્વક પ્રશ્નો કરવા જોઈએ. જો બનાવને ઘણા દિવસ થઈ ગયા હોય તો તે દિવસે શું શું બન્યું હતું તે કડીવાર પૂછવાથી અગર બનાવના સ્થળે તેને લઈ જવાથી કાંઈક ચોક્કસ માહિતી મળે છે.

કોઈ પણ બનાવનો સાક્ષી હમેશાં-(૧) 'બનાવને જુએ છે (૨) તેને પોતાના મગજમાં ઉતારે છે અને (૩) વખત આવ્યે તે બીજાને કહે છે.

માનસશાસ્ત્રીઓએ એવી વ્યાખ્યા કરી છે કે બનાવને નિહાળનાર પોતાના માનસમાં ભરાએલા વિચારોને અનુકૂળ રીતે જ બનાવને જુએ છે અને મગજમાં ઉતારે છે. મિલમાંથી નીકળનાર બે મજૂરો વચ્ચે ઝઘડો થયો. બીજા મજૂરો ટોળે વળ્યા. તેમાંના કોઈ ઉતાવળ હોઈ ઉપરછલી નજર નાખી ચાલ્યા ગયા. કોઈને ઘેર માંદું હોઈ તે ઝઘડતા મજૂરોની તદ્દન બાજુમાં હોવા છતાં બહુ જ અસ્પષ્ટ ચિત્ર લઈને ગયા. કેટલાકને તેમની પ્રત્યે દ્વેષ હોઈ બનેલ બનાવને અતિશયોક્તિપૂર્વક નિહાળ્યો. કેટલાકે વાત હસીને કાઢી નાખી. કેટલાકને આ ઝઘડામાં એક જાતનો આનંદ આવ્યો હતો તેથી ટોળે વળ્યા હતા અને તેમનું મગજ ફક્ત તેમાં થાક ઉતારવાનો માર્ગ જ જોતું હોઈ તેઓએ દરેકે એ બનાવને એવી રીતે જોયો કે કોઈ એકસરખી માહિતી આપી શકે જ નહિ. ફક્ત સ્વાભાવિક કુતૂહલથી જોનાર રાહદારીઓએ જ આ બનાવને નિષ્પક્ષ જોયો હતો અને ઈજા કરનારને અથવા ઝઘડો કોણે ઉપજાવ્યો તેને ઓળખાવ્યો હતો. ગુના-શોધકે આ રીતે બનાવનું અન્વેષણ કરીને માહિતી આપનારને મૂલવવો જોઈએ.

રંગ માટે સામાન્ય ભૂલો સહજ થાય છે. કેટલાક સાક્ષી રંગઅંધ હોય છે. કેટલાક રંગને અમુક પ્રકારે જ જુએ છે. કેટલીક વખત, ચાંદની, ટ્યૂબલાઇટ, સોડિયમ લાઇટ, ગૅસલાઇટ વગેરેમાં રંગ હોય તેના કરતાં જુદો દેખાય છે. આ બાબતો ધ્યાનમાં રાખીને રંગની હકીકત પર ભાર મૂકવાનો હોય છે. એક વખત પોલીસ ટ્રેઇનિંગ ક્લાસમાં ચાલુ વ્યાખ્યાન દરમિયાન એક છોકરી વ્યાખ્યાતા પાસે જરા વાત કરીને ચાલી ગઈ. ત્યાર પછી વ્યાખ્યાતાએ દરેકને તેણે કેવા રંગનું સ્કર્ટ પહેર્યું હતું તે લખી લાવવા જણાવ્યું. ૨૦ જણાએ કથ્થાઈ, પાંચ જણાએ પીળું અને ચાર જણાએ ભૂરું (સાચું) જણાવ્યું. આવું જ સામાન્ય નાગરિકનું પણ સમજવું.

વળી ઘણા માણસો એકસરખી વાત કહે તેને પણ સાવ સત્ય તરીકે સ્વીકારતાં વિચાર કરવો જોઈએ, કારણ કે બનેલા બનાવોને ચર્ચવાનો અને તેને પોતાના અભિપ્રાયથી મઢી લેવાનો માનવસ્વભાવ છે. કર્ણોપકર્ણ વાત વહે અને સૌ પોતાની ખૂટતી કડી મેળવતો જાય એટલે વાત વધી તો જાય જ; ઉપરાંત, વિકૃત પણ બની જાય અને ઘણા લોકોને મોંએ એકસરખી વાતો સાંભળવા પણ મળે. આ વખતે શોધકની કસોટી હોય છે. ઘણાને મોંએ સાંભળ્યાથી વાત સાચી લાગતી હોય છે, બનાવ સાથે બંધબેસતી પણ હોય છે અને છતાં તે વાત ઘણી વખત ખોટી નીકળે છે! સાચો કુશળ ગુના-શોધક આવી વાતોને પોતાના મનમાં વારંવાર ઊથલાવી જશે. બનશે તો બધાથી જુદા જ માણસોને જેની સાથે તેણે વાતો નહિ કરી હોય અને તે તે વખતે હાજર હશે તેવા માણસને સાવચેતીપૂર્વક કડીબદ્ધ ધીરેધીરે બધું પૂછશે અને સત્ય મેળવશે.

વળી, કેટલાક અઠંગ ખોટું બોલનારા યે હોય છે. કેટલીક વખત 'લાઈ ડિટેક્ટર'—જૂઠાણું શોધનાર યંત્રો કે સત્યાન્વેષી પ્રવાહીનો આશરો પણ લેવો પડે છે. એ વિશે આપણે આગળ જોઈશું.

વિ. સં. ૨૦૨૧માં ગ્રહોના આકાશમાર્ગનું રેખાંકન


ભદ્રમુખરાય ક. વૈદ્ય

આ આલેખ દ્વારા ચાલુ વર્ષ દરમિયાન રહેનારી ગ્રહોની સ્થિતિનો ખયાલ એક જ આકૃતિમાં સહેલાઈથી આવે છે. વર્ષ દરમિયાન સૂર્યાસ્તથી સૂર્યોદય સુધીમાં કયા કયા ગ્રહો સૂર્યથી તેમના અંતર અનુસાર દેખાશે, તેનો પણ આ આકૃતિની સહાયથી ખયાલ આવશે.

આકૃતિને લગભગ બે સરખા ભાગમાં વહેંચી નાખતી ત્રાંસી ભારે લીટી તે સૂર્યરેખા છે. સૂર્યની સાથે જ ઊગતા અને આથમતા હોવાથી અદૃશ્ય રહેતા અમાવાસ્યાના ચંદ્રની બાર મહિનાની સ્થિતિઓ સૂર્યરેખા પરનાં ઘેરાં કાળાં બાર વર્તુળો દ્વારા દર્શાવેલી છે. સૂર્યરેખા પર કાર્તિકથી ચૈત્ર માસ સુધી, અને સૂર્યરેખાની નીચે વૈશાખથી આસો માસ સુધી બતાવેલાં સાદાં વર્તુળો દર માસના પૂર્ણિમાના ચંદ્રની સ્થિતિ સૂચવે છે. આમ સ્પષ્ટ થાય છે કે પૂર્ણિમાએ સૂર્યથી ચંદ્રનું અંતર ૧૮૦°નું હોય છે, એટલે કે સૂર્ય અને ચંદ્ર સીધી લીટીમાં હોય છે. આકૃતિમાંની બાર ઊભી રેખાઓ ચંદ્રની દરેક માસની ગતિ દર્શાવે છે. અને તેમાં ચત્તા અર્ધગોળ દ્વારા શુદ આઠમનો ચંદ્ર (અમાસ અને પૂર્ણિમા વચ્ચે) તથા ઊંધા અર્ધગોળ દ્વારા વદ આઠમનો ચંદ્ર (પૂર્ણિમા તથા અમાવાસ્યા વચ્ચે) બતાવ્યા છે.

સૂર્યરેખાની ઉપર અને નીચે વારાફરતી વળાંક લેતી ત્રૂટક ત્રૂટક રેખા દ્વારા બુધ ગ્રહનો ગતિમાર્ગ આલેખાયો છે. આ રેખાના સૂર્યરેખાની ઉપરના વળાંક દરમ્યાનના સમયમાં આ ગ્રહ સૂર્યાસ્ત પછી તેમ જ સૂર્યરેખાની નીચેના વળાંકના સમયમાં સૂર્યોદય પહેલાં, આકૃતિમાં જણાવેલાં સ્થળોએ દેખાશે. આ વક્ર રેખા સૂર્યરેખા પર ઊંચામાં ઊંચી ગયેલી હોય, ત્યારે બુધ ગ્રહ સાંજે સ્પષ્ટ રીતે તેના સ્થાન અનુસાર દેખાશે. આ ઘટના પશ્ચિમાભિમુખ પરમ ઈનાંતર (Greatest Western Elongation) કહેવાય છે. તેવી જ રીતે સૂર્યરેખાથી નીચે બુધરેખા ઊંડામાં ઊંડી ગઈ હોય તે સમયે બુધ ગ્રહ સવારે સુસ્પષ્ટ દેખાય છે, જે પૂર્વાભિમુખ પરમ ઈનાંતર (Greatest Eastern Elongation) કહેવાય છે. આમ, બુધ ગ્રહ જોવાની અનુકૂળ સ્થિતિ વિક્રમ સંવત ૨૦૨૧ના કાર્તિક વદ બારશ, ફાગણ વદ પાંચમ, અને અષાઢ વદ પાંચમના દિવસોએ સૂર્યાસ્ત પછી એક કલાક સુધી પશ્ચિમ દિશામાં અને પોષ વદ પાંચમ, ચૈત્ર શુદ પાંચમ, અને ભાદરવા શુદ સાતમે સૂર્યોદય પહેલાં એક કલાક સુધી સારી રહેશે.

વર્ષારંભમાં આકૃતિની ઉપરને ડાબે ખૂણે સર્વે ગ્રહોમાં સૌથી વધારે તેજસ્વી શુક્રગ્રહની ગતિસૂચક ત્રૂટક અને મીંડાવાળી રેખા શરૂ થાય છે. જે આકૃતિની નીચેના ભાગમાં કાર્તિક વદમાં ફરીથી ચાલુ



થાય છે, આ બધો સમય, અને સૂર્યની બહુ નજીકમાં તે માઘ માસના શુક્લપક્ષમાં આવી જાય ત્યાં સુધી, સૂર્યોદય પહેલાં પૂર્વાકાશે દેખાશે અને સૂર્યથી ૧૦ અંશે દૂર માઘના અંતમાં, સૂર્યતેજમાં ઢંકાઈ જતાં તેનો પૂર્વમાં 'અસ્ત' થયો ગણાશે. ત્યાર પછી સૂર્યની બીજી બાજુએ પાછો ૧૦અંશ એ પહોંચી જાય ત્યારે સંધ્યાના પશ્ચિમ આકાશમાં વર્ષના અંત સુધી, સૂર્યાસ્ત પછી તેનાં દર્શન ચાલુ રહેશે,

મંગળગ્રહનો માર્ગ આકૃતિના ઉપરના ભાગમાં જણાશે. વર્ષના આરંભકાળે તેનું અંતર સૂર્યથી લગભગ ૩૦૦ અંશ એટલે ૧૦ રાશિઓ જેટલું દૂર હોવાથી તેનો ઉદય વૃશ્ચિકરાશિમાં રહેલા સૂર્યના અસ્ત પછી પાંચ કલાકે, મધ્યરાત્રિ પછી થતો જણાશે, તે વખતે તેની સ્થિતિ સિંહરાશિમાં હશે. ત્યાર પછી સૂર્ય જ્યારે સિંહનો શ્રાવણ શુદમાં થશે ત્યારે મંગળની સ્થિતિ તેનાથી બે રાશિ દૂર તુલામાં હશે એટલે સૂર્યોદય પહેલાં પૂર્વ દિશાએ તેનો ઉદય થતો જણાશે. લાલ રંગે પ્રકાશતા આ ગ્રહને જોવાનો સારામાં સારો સમય મધ્યરાત્રિ પછી મળસકા સુધી, પોષ માસથી માંડી અષાઢ-શ્રાવણ સુધીનો છે. તેજમાં તે શુક્ર ને ગુરુથી ઊતરતી કક્ષાનો છે. ભાદરવા માસની પૂનમ પછી મંગળ-શુક્રની જોડી પશ્ચિમાકાશે સાંજે સૂર્યાસ્ત પછી, વર્ષના અંત સુધી જોવા મળશે.

ગુરુ, શનિ, યુરેનસ અને નેપચ્યુન, સૂર્યમાળાના એ બાકીના ગ્રહો, અન્ય ગ્રહોની સરખામણીમાં અતિશય મંદ ગતિવાળા હોવાથી, આખા વર્ષ દરમિયાન તેમના સ્થાનમાં બહુ ફેરફાર થતો નથી, તેમ આકૃતિમાંની તે ચારે ગ્રહોની લગભગ સીધી રેખાઓ પરથી જણાશે.

બુધ, શુક્ર અને મંગળ, એ ગ્રહોનાં દર્શન તો ઉપર જણાવેલા સમયોએ વર્ષ દરમિયાન થઈ શકશે. સાદી આંખોએ જોઈ શકાતા અન્ય ગ્રહોમાં બાકી રહ્યા તે ગુરુ અને શનિના ગ્રહોના અંતરો વર્ષના આરંભમાં સૂર્યથી અનુક્રમે ૧૦૦ અને ૧૭૫ અંશે હોવાથી, કાર્તિક માસમાં, રાત્રિના પહેલા અને બીજા પ્રહર દરમિયાન, શનિ મધ્યાકાશે અને ગુરુ પૂર્વ ક્ષિતિજ પર ઉદય પામતો જણાશે. માઘ શુક્લ ત્રીજની સાંજે શનિ તથા ગુરુ અને વૈશાખ સુદ આઠમે સાંજ પછી ગુરુ ચંદ્રથી થોડે જ દૂર હશે તેમ પણ આ બે ગ્રહોના અને ચંદ્રના માર્ગ પરથી જણાશે. વળી ગુરુ ને શુક્રના તેજસ્વી યુગ્મનું રમ્ય દૃશ્ય, વૈશાખ શુદથી તે જ માસના અંત સુધી લગભગ સંધ્યાકાળે પશ્ચિમમાં દેખાતું રહેશે.

સૂર્યના તેજમાં તણાતા શનિનો 'અસ્ત' માઘ શુદ બારસની આસપાસ અને ગુરુનો 'અસ્ત' તે જ પ્રમાણે વૈશાખ શુદ પૂર્ણિમા પર થાય છે. સૂર્ય આ બંને ગ્રહોને લગભગ ૧૦-૧૨ અંશે વટાવી જાય ત્યારે, શનિનો 'ઉદય' પૂર્વાકાશે પાછો ફાગણની અમાવાસ્યા ઉપર અને ગુરુનો જ્યેષ્ઠ પૂર્ણિમા પર થશે તેમ પણ આકૃતિ દ્વારા જોઈ શકાશે. વર્ષને અંતે શનિની સ્થિતિ સૂર્યાસ્ત પછી રાત્રિ આકાશમાં પૂર્વમાં ઉદય પામતી અને ગુરુની તે જ સમયે મધ્યાકાશે જણાશે.

૬૦/૨ સરદાર પટેલ નગર, અમદાવાદ-૬

(ઈ. સ. ૧૯૬૪ના વર્ષ માટેની આવી જ એક આકૃતિ, અંગ્રેજી સાપ્તાહિક 'નેચર'માં અને ઈ. સ. ૧૯૬૫ માટેની મુંબાઈ યુનિવર્સિટીના જર્નલમાં પ્રસિદ્ધ થઈ હતી.)







(પ્રેષક: ધનસુખ આર. મહેતા
ઝાંઝિબાર અને રણજિતસિંહ ડી. પરમાર વેસ્ટ પેમ્બા)



ન્યૂ ઑર્લિયન્સની લડાઈની યાદમાં અમેરિકાએ બહાર પાડેલી ટિકિટ

લાલા લજપતરાયની જન્મ-શતાબ્દી નિમિત્તે ભારતે આ ૨૮મી જાન્યુઆરીએ બહાર પાડેલી ખાસ ટપાલ ટિકિટ. વચ્ચેની બે ટિકિટો ઝાંઝિબારની ક્રાંતિને એક વર્ષ થયાને નિમિત્તે બહાર પડેલી છે. એમાં પહેલી ટિકિટ પર પુરાણા ઝૂંપડાંઓને સ્થાને જંગી ઇમારતોના સર્જનના આલેખન દ્વારા રાષ્ટ્રના નવનિર્માણનું નિદર્શન છે. બીજી પર ક્રાંતિનો સૈનિક અને ઝાંઝિબાર-પેમ્બા ટાપુઓનો નકશો છે. ઉપર છેલ્લે બ્રિટિશ અને અમેરિકન સૈન્ય વચ્ચે દોઢસો વર્ષ પૂર્વે લડાએલી ન્યુ ઑર્લિયન્સની લડાઈની યાદમાં બહાર પડેલી અમેરિકાની ખાસ ટિકિટ છે. એ લડાઈ પછી આજ સુધી આ બંને દેશોનાં સૈન્યો સામસામાં યુદ્ધમાં ઊતર્યાં નથી. નીચેની જર્મનીની પાંચ ટિકિટો પર ત્યાંના વિખ્યાત સંગીતકારો-(જમણી બાજુ) બીટોવન, (નીચે) હૅન્ડેલ, સ્પૉહર, હાયડન અને બાર્થોલ્ડીની છબિઓ છે. (પ્રેષક: પી. એમ. વર્મા, અમદાવાદ)





આ માસ (ફેબ્રુઆરી) ઇતિહાસમાં · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : રુક્મિણી ઍરુંડેલ



સામાજિક પૂર્વગ્રહો તેમજ નૃત્યવિરોધી પરિબળોનો નૈતિક હિંમતપૂર્વક સામનો કરીને, માત્ર દેવદાસીઓમાં જ જળવાઈ રહેલા ને ભદ્રસમાજથી ઉપેક્ષિત એવા 'ભરતનાટ્યમ્'ના નૃત્યપ્રકારનો ઊંડો અભ્યાસ કરી સમાજમાં એને માનભર્યા સ્થાને સ્થાપનાર અધ્યાત્મદૃષ્ટિપૂત કલયિત્રી રુક્મિણી દેવીનો જન્મ સને ૧૯૦૪ની ૨૮મી ફેબ્રુઆરીએ એટલે કે ફાલ્ગુની શુકલા દ્વાદશીએ થએલો. પિતા નીલકંઠશાસ્ત્રી એક અગ્રગણ્ય ઍન્જિનિયર અને સંગીતના ભારે શૉખીન હતા. બાળા રુક્મિણીને પણ એનો નાદ. શાળામાં બહુ લાંબો અભ્યાસ તો નહોતો કર્યો, પણ હોશિયાર અને ચબરાક ભારે. ધાણી ફૂટે એમ કડકડાટ અંગ્રેજી બોલે. શરીર પણ ઊંચું ને સશક્ત. પિતા ડૉ. એની બૅસંટના રંગે રંગાએલા અને થિયોસોફિસ્ટ પ્રવૃત્તિમાં સારો એવો ભાગ લેતા. રુક્મિણી પણ એમની સાથે બધે જાય-આવે. આમાં ડૉ. જ્યૉર્જ ઍરુંડેલ સાથે એમને પરિચય થયો અને આગળ જતાં ૧૯૨૦માં રુકમિણી દેવીએ પોતાના કરતાં લગભગ બેવડી ઉંમરના ઍરુંડેલ સાથે લગ્ન કરી એ વખતના સમાજમાં ખળભળાટ મચાવી મૂક્યો. પણ દૃઢનિર્ધારી રુક્મિણીએ એ બધાનો સામનો કર્યો ને પતિ સાથે ઇંગ્લંડ ગયાં.

પછી તો ડૉ. ઍરુંડેલ સાથે એમને ઘણા પ્રવાસોમાં ફરવાનું થતું. આવા જ એક પ્રવાસ દરમિયાન ઑસ્ટ્રેલિયામાં તેઓ આના પાવલોવાના પરિચયમાં આવ્યાં. પાવલોવાએ એમને નૃત્યો શીખવાની પ્રેરણા પાઈ, ને રુક્મિણીદેવીએ ભારતીય શાસ્ત્રીય નૃત્યકલા શીખવાનો નિર્धार કર્યો.

પણ એ કાળે ઉચ્ચ વર્ણની સ્ત્રીઓ માટે તો 'ભરતનાટ્યમ્' જોવાનું પણ અભદ્ર ગણાતું. એવે વખતે રુક્મિણીદેવીએ આમ સામે ચાલીને નામશેષ થતા એ કલાપ્રકારના પુનરુદ્ધાર માટે કમર કસી. માત્ર દેવદાસીઓ જ જે નૃત્યો કરતી એ શીખવા માટેની ઉચ્ચ બ્રાહ્મણ કુળની આ પુત્રીની 'ધૃષ્ટતા'થી ફરી સમાજમાં ઊહાપોહ મચી ગયો.

આ બધા યે સામાજિક વિરોધો, પૂર્વગ્રહો અને મુશ્કેલીઓનો પ્રતાપી રીતે પ્રતિકાર કરીને એમણે મયલાપોરના અભિનયપટુ નૃત્યાંગના મયલાપોર ગૌરી પાસે 'ભરતનાટ્યમ્' શીખવા માંડ્યું. તે પછી પન્ડનલ્લુરના સ્વ. વિદ્વાન મીનાક્ષીસુંદરમ્ પિલ્લે પાસે પણ તેઓ નૃત્ય શીખ્યાં ને વિશિષ્ટ પરવાનગી મેળવીને ચિદંબરમ્‌ના મંદિરમાં એમણે 'અરંગેત્રમ્' રજૂ કર્યું. એ પછી ૧૯૩૬માં 'અદ્યાર ઍકૅડેમી ઑવ આર્ટ્‌સ'ની સ્થાપના થઈ. પાછળથી એનું નામ 'કલાક્ષેત્ર' પડ્યું. એ સંસ્થા દ્વારા એમણે ભદ્રસમાજમાં નૃત્યકળાને ઊંચા સ્થાને મૂકી દીધી. 'ભરતનાટ્યમ્' નૃત્યમાં નૃત્યાંગનાઓ આજે જે પોશાક પહેરે છે એની રચના રુક્મિણીદેવીએ કરેલી. સાદગીભર્યા છતાં કમનીય અને મર્યાદાભંગ વિનાના પોશાક માટે ખાસ આગ્રહ અને આધ્યાત્મિક ને ભક્તિરસથી પરિપ્લાવિત નૃત્યો પ્રત્યે પણ એમને પક્ષપાત છે. કેવળ મનોરંજનાર્થે નૃત્યો કરવા તરફ એમને ભારે અણગમો છે.

ઈ. ૧૯૪૫માં ડૉ. ઍરુંડેલનું અવસાન થયું. કલાક્ષેત્રને સંભાળવા ઉપરાંત બીજી અનેકવિધ જવાબદારીઓ રુક્મિણીદેવીના શિરે આવી પડી. તેમાં એમની દૃઢતા, નિશ્ચયી સ્વભાવ, વ્યવસ્થા અને આયોજનશક્તિ તથા ચીવટથી કામ લેવાની એમની આવડતને લીધે 'કલાક્ષેત્ર'ને ભરતનાટ્યમ્ નૃત્યો તથા કર્ણાટકી સંગીતની એક ઉત્તમ કલાશાળા તરીકે માત્ર ભારતમાં જ નહિ, વિદેશમાં પણ પ્રતિષ્ઠા મળી છે. સંગીત અને નૃત્યકલાની ઉચ્ચ તાલીમ ઉપરાંત, ચિત્રકામ, હસ્તકલાઓ, સીવણકામ, ઘરકામ, લોકનૃત્યો, સ્કાઉટ-પ્રવૃત્તિઓ, ભજનો-ઉત્સવો ને રમતગમતો આદિ અનેક પ્રવૃત્તિઓથી આ કલાશાળા ગુંજતી રહે છે.

ઈ. ૧૯૫૨માં તેઓ રાજ્યસભાના સભ્ય તરીકે સરકાર તરફથી નિયુક્ત થયાં. ૧૯૫૬માં તેમની નૃત્યક્ષેત્રની મોંઘી સેવાઓના ઉપલક્ષ્યમાં એમને પદ્મભૂષણના ચંદ્રકથી નવાજવામાં આવ્યાં. ૧૯૫૭માં સંગીતનાટક અકાદમીએ નૃત્યમાં અપાતા સંગીત સાથેના વિશિષ્ટ શબ્દભાર, ગીતોની પસંદગી. નૃત્યાભૂષા તથા નૃત્યોના દિગ્દર્શન બાબતમાં એમણે કરેલા મહત્ત્વના પ્રદાન બદ્દલ પુરસ્કાર આપેલો.

આજે દેશમાં નૃત્યકલાને ક્ષેત્રે જોવા મળતી જાગૃતિ અને અભિમુખતા એમણે શરૂ કરેલાં હિંમતભર્યાં પ્રસ્થાનોને પણ આભારી છે જ.

પ્રસંગવિશેષ : કૅપ્ટન કૂકનું અવસાન, તા. ૧૪મી ફેબ્રુઆરી, ઇ. સ. ૧૭૭૯


પોતાની સાગરસફરો દરમિયાન મળતા બધા આદિવાસીઓ સાથેના માયાળુ અને ન્યાયી વર્તાવ તથા એ અજાણી પ્રજાઓ સાથે સારા મૈત્રીભર્યા સંબંધો સ્થાપી શકવાની પોતાની આગવી હૈયાઉકલત છતાં કૅપ્ટન કૂકનું ઈ. ૧૭૭૯ની ૧૪મી ફેબ્રુઆરીએ હાવાઈ ટાપુઓ પર ત્યાંના આદિવાસીઓ સાથેની એક ઝપાઝપીમાં મરણ થયું એ શોધસફરના ઇતિહાસનો એક કરુણ બનાવ છે. અંગ્રેજ નૌકાદળમાં એણે દાખવેલા ખંત અને પ્રતિભાથી, કૅનેડાની એણે કરેલી ઘણી ચોકસાઈભરી મોજણીથી, ત્યાર સુધી અજાણ એવા ન્યૂ ઝીલૅન્ડના અને ઑસ્ટ્રેલિયાના સમૃદ્ધ પૂર્વકિનારાની શોધથી કે આખા દક્ષિણ ગોળાર્ધનો મહાસાગર ખેડી અનેક ટાપુઓ શોધીને ચા ભૂગોળના ક્ષેત્રમાં અમુક વૈજ્ઞાનિક સત્યો સ્થાપિત કરી જવા બદ્દલ તો એ વિખ્યાત છે જ, પરંતુ જગતભરના નાવિક સંશોધકોમાં 'વૈજ્ઞાનિક સમુદ્રવીર' તરીકે સૌથી ઊંચું પદ તો એના જહાજ પર જળવાએલી શિસ્ત તથા એ સમયમાં સ્વાભાવિક એવી જહાજ પરની બીમારીઓ સામે અત્યંત ચીવટભરી સ્વચ્છતા અને દરિયાઈ હવામાનને અનુકૂળ એવા ખોરાક વડે એણે જાળવેલી માણસોની તંદુરસ્તી બદ્દલ મળ્યું છે. ખલાસીઓ એને 'પિતાતુલ્ય' ગણતા.



શતરંજનો કોયડો

સુરેશ મોદી

A. HEUACKER



White to play and win.

સ્થિતિ: 1B6/8/7P/4p3/3b3k/16/2K5.

કોયડો: સફેદે રમવાનું અને જીતવાનું.

આ કોયડામાં સફેદ અને કાળા બન્ને પાસે સરખાં મહોરાંછે,પણ એ મહોરાંનીસ્થિતિનો લાભ લઇને સફેદ કેવી રીતે જીતે છે એ શીખવા જેવું છે. સફેદે જીતવું હોય તો તે તેના પ્યાદાને વઝીર બનાવીને જ જીતી શકે. પણ એ માટે તે ઉતાવળ કરીને 1P–R7 રમે તો કાળો 1...pK5 રમીને કાળા ઊંટની લાઈન ખોલે જેથી સફેદનો વઝીર થતાં જ મરી જાય. છતાં સફેદ કેવી રીતે જીતે તે જોવા પ્રયત્ન કરો.

(ઉકેલ પૃ. ૭૯ ઉપર છે.)

માળી કો ભલો બરસનો, ધોબી કી ભલી ધૂપ,
માગણ કો ભલો બોલનો, ચતુર કી ભલી ચૂપ.

થર્મોપિલીના ભયંકર યુદ્ધ વેળા ઈરાનની અગણિત સેના સામે સ્પાર્ટનો માત્ર ગણ્યાગાંઠ્યા હતા, પણ તેમનો સેનાપતિ વીર લિયોનિડાસ હતો. ઈરાનીઓનાં તીરોનો મારો એટલો જબ્બર થયો કે આકાશ આખું છવાઈને સૂર્ય ઢંકાઈ ગયો! એ તરફ એક ઘેલા સૈનિકે લિયોનિડાસનું ધ્યાન ખેંચતાં એણે કહ્યું: 'સારું થયું; છાયામાં લડવું ફાવશે.'

કહેવતોના અર્થ: 'ઢોરના ચાવ્યામાં ફૂચો પડે, માણસના ચાવ્યામાં નહિ.'–સ્થૂલ સત્ય કથતા આ વાક્યની પાછળનો ભાવ એવો છે પોતાના અપકૃત્યથી કે અન્યથા લોકનિંદાએ ચડેલો માણસ ખરાબખસ્ત થઈ એવો તો ફેંકાઈ જાય છે કે તેનો પત્તો લાગતો નથી. એ કહેવત જરા ફેરથી આમ પણ બોલાય છે: 'ઘંટીના ગાળામાં બચે, પણ લોકના ચાવ્યામાં ન બચે.'

અનેકાર્થી શબ્દ: **નિયમ**=ઈશ્વર; ધર્મશાસ્ત્ર; અંત અથવા નિકાલ; નિશ્ચય કે પ્રતિજ્ઞા; દુકાન કે બજાર; વણજારાનો કાફલો યા વાણિયાઓનો સમૂહ; કાયસ્થોનો એક ભેદ; માર્ગ કે પંથ; વેપાર.

નુસખો

એક દિવસ સ્ટાલિન માઓ-ત્સે-તુંગને વ્યવહારુ સામ્યવાદ વિષે કંઈક સમજાવી રહ્યા હતા. એમણે માઓને પૂછ્યું: 'અચ્છા કોમરેડ, કહો જોઉં કે જો તમે કોઈ બિલ્લીને મરચું ખવડાવવા ઇચ્છો તો શી રીતે ખવડાવશો?'

'બે ઉપાય છે;' માઓએ જવાબ દીધો; 'એક તો એ કે બિલ્લીના મોંમાં જબરદસ્તીથી મરચાં ભરી દેવાં અને આ રીતે એને પરાણે મરચાં ગળે ઉતરાવવાં; અથવા તો મરચાં મીઠાઈમાં નાખી એને ખવડાવી દેવાં.'

'ખોટું,' સ્ટાલિન બોલ્યો; 'બંને ઉપાયો આપણા આદર્શ સાથે અસંગત છે: પહેલો ઉપાય જબરદસ્તીનો છે, બીજો દગાનો છે.'

'તો આપ શું કરો?' માઓએ પૂછ્યું.

'હું તો મરચાંને પાણીમાં મેળવી પેસ્ટ બનાવું ને પછી એ બિલાડીની પૂંછડી પર લગાડી દઉં. થોડી વારે તેને પૂંછડી પર બળતરા થવા માંડશે એટલે પોતાની પૂંછડી ચાટવા માંડશે, ને આ રીતે એના પોતાના પ્રયત્નથી જ મરચું એના પેટમાં પહોંચી જશે!'

ગણિતગમ્મત

૧૪૨૮૫૭ એ અજબ આંકડો છે. નીચેની રીતે ગુણતાં એમાંના જ અંક ગુણાકારમાં આવ્યા કરે છે.

૧૪૨૮૫૭ × ૨ = ૨૮૫૭૧૪
૧૪૨૮૫૭ × ૩ = ૪૨૮૫૭૧
૧૪૨૮૫૭ × ૪ = ૫૭૧૪૨૮
૧૪૨૮૫૭ × ૫ = ૭૧૪૨૮૫
૧૪૨૮૫૭ × ૬ = ૮૫૭૧૪૨

પણ પછી

૧૪૨૮૫૭ × ૭ = ૯૯૯૯૯૯




આઠમી ફેબ્રુઆરીએ નવી દિલ્હીમાં મળેલી ઇન્ટરનૅશનલ ચેમ્બર ઑવ કૉમર્સની ૨૦મી કૉંગ્રેસ નિમિત્તે બહાર પડેલી ભારતની ૧૫ પૈસાની ખાસ ટપાલ ટિકિટ

અન્યાયથી મળેલા જય કરતાં ન્યાયથી મળેલો પરાજય વધારે મરદો છે.


કડવી દવા પીવી ન ગમતી હોય ને મોં કટાણું થતું હોય તો તે પીતાં પહેલાં એક ગાંગડો બરફનો ચાવી જાઓ. એટલે પછી જીભને ઓછી કડવાશ લાગશે.



ઝબલા કે ચડ્ડીમાં નાડી નાખવા માટે કૈં સાધન હાજર ન હોય ત્યારે વાળની બૉબ-પિનનો ઉપર મુજબ ઉપયોગ થઈ શકે.



હજામતની બ્લેડની વચ્ચેના ગાળામાં ઝીણી અણીવાળી પેન્સિલ ફેરવીને જે વિવિધ શોભનભાતનું નિર્માણ કરી શકાય એ દર્શાવતી છ આકૃતિઓ. પહેલી આકૃતિમાં, બ્લેડને જે ચાર જુદાજુદા કોણ પર રાખીને પેન્સિલ ફેરવી હતી તે જણાશે; બીજી પાંચ આકૃતિઓ, એ રીતે પાડેલી ભાતમાંથી અમુક રેખાઓ ભૂંસી નાખીને તથા અમુક જોડીને નિપજાવી છે. (દાદા)



ઋતુસંહાર

ચિત્રકાર • વાસુદેવ સ્માર્ત

આ અંકની વચ્ચોવચ આપેલી આ જ કલાકારની કૃતિ 'અગ્નિવર્ણની કામક્રીડા'ના અનુસંધાનમાં કવિ કાલિદાસના વિખ્યાત કાવ્ય 'ઋતુસંહાર'ની ઉપર આપેલી કૃતિ પણ, ગયા વર્ષના 'કાલિદાસ જયંતી-સમારોહ' પ્રસંગના પ્રદર્શનમાં રૂ. ૫૦૦ના પારિતોષિકથી પુરસ્કૃત થઈ છે. ચિત્રમાં ડાબી બાજુની ઊભી તકતીમાં 'વર્ષા' અને જમણી તરફનીમાં 'શરદ'નાં નિરૂપણ છે; મધ્યમાં મથાળે 'ગ્રીષ્મ' અને તેની નીચે 'વસંત' તથા તેની ડાબી-જમણી બાજુ અનુક્રમે 'હેમંત' અને 'શિશિર' છે. 'ગ્રીષ્મ'ના નિરૂપણમાં નાયિકાને પંખો ઢાળતી તથા આસવ પાતી પરિચારિકા છે. ઉપરની તકતીમાં કમળ-સરોવર તથા તેની બંને બાજુ પાન વગરનાં વૃક્ષો પર પંખીઓ છે. 'વસંત'ના ચિત્રમાં એ ઋતુરાજની માદક અસરમાં વિહાર કરતા યુગલની આસપાસ નવપલ્લવિત વૃક્ષો છે, અને નીચેની તકતીમાં મૃદંગ વગાડતી સ્ત્રીઓ વચ્ચે શૃંગાર કરતી નાયિકા છે. જમણી બાજુ 'શિશિર'માં શય્યા છોડતી નાયિકા પોતાના સુંદર કેશને ધૂપ દે છે, અને નીચે ભારે નિતંબવાળી, નખ કરડતી, આળસ ખાતી, ઘૂંઘટ ખસેડતી નાયિકાનાં સ્વરૂપો છે, જેના ઉપર, વૃક્ષોવાળી તકતીમાં તેનો શ્લોક છે. એ જ રીતે ડાબી તરફની વૃક્ષમંડિત શ્લોક સહિતની તકતીની નીચે 'હેમંત'ના ચિત્રમાં વિહાર કરતું યુગલ અને તેની નીચે સૂર્યસ્નાન કરતી, સ્તન પર ચિત્રણવાળી ને ચોળી પહેરતી, મુખ પર ચિત્ર કરતી અને કેશકલાપ સમારતી નાયિકાનાં નિરૂપણો છે. ડાબી બાજુ 'વર્ષા'ની ઊભી તકતીમાં મથાળાના ઘટાટોપ મેઘની ગર્જનાથી ભયભીત નાયિકા પતિને વળગી પડતી દર્શાવી છે, અને નીચે શયનખંડમાં પતિવિરહમાં બેઠેલી નાયિકાની સ્થિતિઓ છે. જમણી તરફની 'શરદ'ની ઊભી તકતીમાં પૂર્ણ કળાએ પ્રકાશતા શરદના ચન્દ્રની ચાંદનીમાં નાયિકાને શયનખંડમાં દોરી જતો નાયક દર્શાવ્યો છે. નીચે સુંદર શ્વેત પુષ્પો કેશમાં ગૂંથતી નાયિકાનું સૂચન છે.